RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 24-05-2026 I VOL : 12 I Issue : 68 I Page : 8 I Price : 1.00/-


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

તમે એકલા રહેવાથી
એટલા દુઃખ નહીં થાવ
સાહેબ જેટલા
એક ખોટા માણસ સાથે
રહેવાથી થશો

3



તેલંગાણામાં હીટવેવથી 16 મોત:યુપીના બાંદામાં પારો 47°C

4





ઈબોલા વકર્યો, દુનિયા ઉપર વધુ એક મહામારીનું જોખમ, આફ્રિકામાં ઈમર્જન્સી જાહેર કરાઈ

6



બેંગલુરુ સ્થિત આર્ટ ઓફ લિવિંગ સેન્ટરમાં બોલિવૂડ અભિનેત્રી ભૂમિ પેડનેકરની...

7



ટ્રેવિસ હેડ અને વિરાટ કોહલી વચ્ચે મેદાનમાં માથાકૂટ, મેચ બાદ હાથ પણ ન મિલાવ્યા

# પેટ્રોલ 87 પૈસા તેમજ ડીઝલ 91 પૈસા મોંઘું થયું

## 9 દિવસમાં 5 રૂપિયાનો વધારો, અમદાવાદમાં પેટ્રોલ ₹99.07 અને ડીઝલ ₹94.99 પ્રતિ લિટર થયું

નવી દિલ્હી

દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફરી એકવાર વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં પેટ્રોલ 87 પૈસા મોંઘુ થઈને 99.51 પ્રતિ લિટર પર પહોંચી ગયું છે. ડીઝલ 91 પૈસા પ્રતિ લિટર મોંઘુ થયું છે. તેના ભાવ 92.49 પર પહોંચી ગયા છે. અમદાવાદમાં પેટ્રોલ 99.07 અને ડીઝલ 94.99 રૂપિયા પ્રતિ લિટર થયું.



આ ઉપરાંત, દિલ્હી-એનસીઆરમાં સીએનજીની કિંમતોમાં 1 રૂપિયા પ્રતિ કિલોનો વધારો થયો છે. આ ફેરફાર બાદ દિલ્હીમાં CNG હવે 81.09 રૂપિયા પ્રતિ કિલો મળશે. છેલ્લા 10 દિવસમાં આ ત્રીજો વધારો છે. આ પહેલા સરકારે 15 મેના રોજ સીએનજીના ભાવમાં 2 રૂપિયા અને પછી 18 મેના રોજ 1 રૂપિયાનો વધારો કર્યો હતો. ઈંધણની કિંમતોમાં 9 દિવસમાં આ ત્રીજો વધારો છે. 4 દિવસ પહેલા 19 મેના રોજ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સરેરાશ 90 પૈસા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો. જ્યારે, 15 મેના રોજ પણ કિંમતોમાં 3 રૂપિયા પ્રતિ લિટરનો વધારો કરવામાં આવ્યો હતો.

માલભાડું વધશે: ટ્રક અને ટેમ્પોનું ભાડું વધી જશે, જેના કારણે અન્ય રાજ્યોમાંથી આવતી શાકભાજી, ફળ અને રાશન મોંઘા થઈ જશે. ખેતીનો ખર્ચ: ટ્રેક્ટર અને પમ્પિંગ સેટ ચલાવવા માટે ખેડૂતોને વધુ ખર્ચ કરવો પડશે, જેના કારણે અનાજનો ખર્ચ વધશે. બસ-ઓટોનું ભાડું: જાહેર પરિવહન અને સ્કૂલ બસોના ભાડામાં પણ વધારો જોવા મળી શકે છે. પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં શા માટે વધારો થયો? આ વધારાનું મુખ્ય કારણ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં થતી વધઘટ છે. ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલના ભાવ 70 ડોલર હતા જે હવે વધીને 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગયા છે. ક્રૂડની કિંમતો વધવાથી તેલ કંપનીઓ દબાણમાં હતી. તેથી કંપનીઓએ નુકસાન ભરપાઈ કરવા માટે આ પગલું ભર્યું છે. જો ક્રૂડ ઓઈલની કિંમતોમાં લાંબા સમય સુધી તેજી જળવાઈ રહેશે તો પેટ્રોલ-ડીઝલની કિંમતોમાં વધુ વધારો થઈ શકે છે.

## કોકરોચ જનતા પાર્ટી પર ભડકી ભાજપ!, NIA તપાસની માંગ, કહ્યું- આ દેશવિરોધી કાવતરું

નવી દિલ્હી

સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા જગાવનાર કોકરોચ જનતા પાર્ટી (CJP) કેમ્પેઈન હવે દેશના રાજકારણમાં એક મોટો વિવાદ બની ગયું છે. ભાજપે આ વ્યંગાત્મક સોશિયલ મીડિયા અભિયાનને ભારતને અસ્થિર કરવા માટેનું ક્રોસ-બોર્ડર ઈન્ફ્લુઅન્સ ઓપરેશન ગણાવ્યું છે. કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે આ મામલે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા તપાસ કરવાની માંગ કરી છે. ભાજપના નેતાએ કરેલા દાવા કોકરોચ જનતા પાર્ટી (CJP) નામના ઈન્સ્ટાગ્રામ પેજ પર 2.19 કરોડથી વધુ ફોલોઅર્સ થઈ ચૂક્યા છે. પીએમ નરેન્દ્ર મોદીની સરકાર અને ભારતની પ્રગતિને રોકવા માટે આ એક આયોજિત ટૂલ છે, જેમાં દેશના વિપક્ષી નેતાઓ પણ સામેલ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયા, બોટ્સ અને AI ના હથિયાર તરીકે ઉપયોગ કરીને નકલી નેરેટિવ ઊભું કરાઈ રહ્યું હોવાનો પણ દાવો કર્યો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક કથિત ટિપ્પણી બાદ આ કેમ્પેઈન શરૂ થયું હતું. કેરળ ભાજપના પ્રમુખ રાજીવ ચંદ્રશેખરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ‘કોકરોચ જનતા પાર્ટીની આ ચાલ ભારત અને પીએમ મોદીની સરકારને નિશાન બનાવતું એક ક્લાસિક ક્રોસ-બોર્ડર ઓપરેશન છે. આ ચોક્કસ હિત ધરાવતા જૂથો દ્વારા ભારતને અસ્થિર કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે અને આપણા વિપક્ષના કેટલાક તત્વો તેમને મદદ કરી રહ્યા છે.‘ ચંદ્રશેખરે દાવો કર્યો કે, કોરોના મહામારી, રશિયા-યુક્રેન યુદ્ધ, અમેરિકા-ઈરાન તણાવ અને ચીની આક્રમકતા છતાં પીએમ મોદીએ ભારતીય અર્થતંત્રને સુરક્ષિત રાખ્યું છે. આ જ કારણે વૈશ્વિક સ્તરે કેટલાક દેશો ભારતની આ પ્રગતિની ઈર્ષ્યા કરી રહ્યા છે અને અવરોધો ઊભા કરવાનો પ્રયાસ કરે છે.

# શિરડીમાં ₹3 હજાર કરોડના ખર્ચે ડિફેન્સ હબ: રાજનાથ

## રાજનાથ સિંહે દારૂગોળો બનાવતી ફેક્ટરીનું ઉદ્દઘાટન કર્યું; કહ્યું- 25 વર્ષમાં ભારત હથિયારોનો મોટો નિકાસકાર બનશે

ખાસ પ્રતિનિધિ, અમદાવાદ

રક્ષા મંત્રી રાજનાથ સિંહે શનિવારે મહારાષ્ટ્રના શિરડીમાં કહ્યું કે આગામી 25-30 વર્ષમાં ભારત દુનિયાનો સૌથી મોટો હથિયાર નિકાસકાર બની શકે છે. તેમણે કહ્યું કે જે દેશ ક્યારેક હથિયાર ખરીદતો હતો, તેને હવે દુનિયાનો સૌથી મોટો હથિયાર વેચનાર દેશ બનવાથી કોઈ તાકાત રોકી શકતી નથી. રાજનાથ સિંહ દારૂગોળો બનાવતી ફેક્ટરીના ઉદ્દ્ઘાટન કાર્યક્રમમાં પહોંચ્યા હતા. તેમણે કહ્યું કે સરકાર સંરક્ષણ ઉત્પાદનમાં ખાનગી કંપનીઓની ભાગીદારી 50% સુધી વધારવા માંગે છે. તેમણે કહ્યું કે ખાનગી કંપનીઓ હવે માત્ર નાના-નાના ભાગો જ નથી બનાવી રહી, પરંતુ આધુનિક હથિયારો અને સંરક્ષણ પ્રણાલીઓ પણ તૈયાર કરી રહી છે.

રક્ષા મંત્રીએ કહ્યું કે જ્યારે સરકારની વિચારસરણી અને ખાનગી ક્ષેત્રની નવી ટેકનોલોજી એકસાથે આવે છે, ત્યારે દેશ ઝડપથી આગળ વધે છે. તેમણે સૌને મળીને ભારતને દારૂગોળો અને ઓટોમેશનનું મોટું કેન્દ્ર બનાવવા અપીલ કરી. 200 એકરમાં 6 ડોમ, તોપના ગોળાથી ડ્રોન સુધી કોમ્પ્લેક્સ 200 એકરમાં ફેલાયેલું છે. અહીં અડધા-અડધા કિલોમીટરના 6 મોટા ડોમ તૈયાર છે. કંપનીના જણાવ્યા અનુસાર, વાર્ષિક 5 લાખ તોપના ગોળા બનાવવા માટે 2 એસેમ્બલી લાઈન લગાવવામાં આવી રહી છે. સાથે જ ડિફેન્સ ડ્રોન



અને આરડીએક્સ સંબંધિત પ્રોજેક્ટ્સ પણ ઊભા કરવામાં આવી રહ્યા છે. ગ્લોબ ફોર્જના એમ.ડી. ગણેશ નિબેનું કહેવું છે કે ’સ્વદેશી’ અને ’આત્મનિર્ભરતા’ નીતિથી એમએસએમઈને મોટી તકો મળી રહી છે.ॊ મહારાષ્ટ્રમાં ડિફેન્સ ક્લસ્ટર્સનો મોટો પ્લાન ગ્લોબ ફોર્જ સમગ્ર જિલ્લામાં 10 હજાર કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો દાવો કરી રહ્યું છે. ઔદ્યોગિક વિકાસ અધિકારી ગણેશ રાઠોડના જણાવ્યા અનુસાર, સમૃદ્ધિ મહામાર્ગ, શિરડી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈન્ટરનેશનલ કાર્ગો ટર્મિનલ, જમીન-પાણીની ઉપલબ્ધતાને કારણે સરકાર શિરડી ડિફેન્સ ક્લસ્ટરને ’સ્ટ્રેટેજિક લોકેશન’ તરીકે વિકસાવી રહી છે. દાવો છે કે આનાથી 2,000 પ્રત્યક્ષ અને 5,000 પરોક્ષ રોજગારનું સર્જન થશે.

**એક નજર...**

### પ્રજ્ઞા જયસ્વાલે કરાવ્યું ગ્લેમરસ ફોટોશૂટ, ફિદા થયા ફેન્સ



બોલીવુડ અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પોતાની પ્રતિભા દર્શાવનારી અભિનેત્રી પ્રજ્ઞા જયસ્વાલ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય છે. અભિનેત્રી ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરીને ચાહકોને પ્રભાવિત કરે છે. તાજેતરમાં, પ્રજ્ઞાએ પોતાની ગ્લેમરસ તસવીરો પોસ્ટ કરી છે. આ ફોટામાં, અભિનેત્રી બ્લેક આઉટફીટ પહેરેલી જોવા મળે છે.

**NEWS TRACK**

### ચીનમાં કોલસાની ખાણમાં ભયાનક બ્લાસ્ટ, 82 શ્રમિકના મોત

ચીનના ઉત્તરી શાંક્સી પ્રાંતમાંથી એક અત્યંત ભયાનક અને મોટી દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલી ’લિયુશેનયુ’ કોલસાની ખાણમાં શુક્રવારે મોડી રાત્રે એક પ્રચંડ ગેસ વિસ્ફોટ થયો હતો. આ દર્દનાક અકસ્માતમાં અત્યાર સુધીમાં 82 શ્રમિકના મોત નીપજ્યા છે, જ્યારે 9 શ્રમિક હજુ પણ લાપતા હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતને છેલ્લા એક દાયકામાં ચીનની અંદર બનેલી સૌથી ઘાતક ખાણ દુર્ઘટનાઓમાંથી એક માનવામાં આવી રહી છે. 247 શ્રમિક અંદર કામ કરી રહ્યા હતા ચીનની સરકારી ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, આ વિસ્ફોટ કિનયુઆન કાઉન્ટીમાં આવેલી લિયુશેનયુ કોલસાની ખાણમાં થયો હતો. જે સમયે આ ગેસ બ્લાસ્ટ થયો તે સમયે ખાણની અંદર કુલ 247 શ્રમિક રાબેતા મુજબ કામ કરી રહ્યા હતા. વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે શ્રમિકને બહાર નીકળવાની તક જ નહોતી મળી. જોકે, રાહતની વાત એ છે કે 200થી વધુ શ્રમિકને સુરક્ષિત રીતે જમીનની બહાર કાઢી લેવામાં આવ્યા છે. શરૂઆતના અહેવાલોમાં માત્ર આઠ લોકોના મોતના સમાચાર હતા, પરંતુ જેમ જેમ બચાવ કામગીરી આગળ વધી તેમ તેમ મૃત્યુઆંક અચાનક વધીને 82 પર પહોંચી ગયો.

### ટ્રમ્પની તમામ ટ્રિપ કેન્સલ, વ્હાઈટ હાઉસમાં ઈમરજન્સી મીટિંગ

અમેરિકા અને ઈરાન વચ્ચેનો તણાવ એકવાર ફરી ખૂબ જ ખતરનાક વળાંક પર પહોંચી ગયો હોય તેમ લાગી રહ્યું છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રશાસન ઈરાન પર નવા સૈન્ય હુમલા કરવાની તૈયારીઓ કરી રહ્યું છે. જોકે, બંને દેશો વચ્ચે વાતચીતનો રસ્તો હજુ પૂરી રીતે બંધ નથી થયો, પરંતુ વ્હાઈટ હાઉસ અને પેન્ટાગોનમાં અચાનક વધેલી હલચલના કારણે મોટા સૈન્ય એક્શનની આશંકાઓ પ્રબળ બની છે. વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પની હાઈ-લેવલ બેઠક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શુક્રવારે પ્રમુખ ટ્રમ્પે પોતાના રાષ્ટ્રાધ્યક્ષીય સુરક્ષા સલાહકારો અને ટોચના સૈન્ય અધિકારીઓ સાથે વ્હાઈટ હાઉસમાં એક અત્યંત મહત્ત્વની બેઠક યોજી હતી. આ હાઈ-લેવલ મીટિંગમાં ઉપપ્રમુખ જેડી વેન્સ, સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ, સીઆઈએ (CIA) ડાયરેક્ટર જોન રેટક્લિફ અને ચીફ ઓફ સ્ટાફ સુઝી વાઈલ્સ સહિતના દિગ્ગજ અધિકારીઓ હાજર રહ્યા હતા. પરિસ્થિતિની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે અમેરિકન સેનાના કેટલાક જવાનોની મેમોરિયલ ડેની રજાઓ પણ રદ કરી દેવામાં આવી છે અને વિદેશોમાં તહેનાત અમેરિકી સૈન્ય મથકોને એલર્ટ રહેવા જણાવાયું છે.

# અંકલેશ્વરમાં ખાખીનો ખોફ ખતમ? સરગમ શોપિંગ પાછળ મહિલા બુટલેગરોનો જુગારધામ અને કેમિકલયુક્ત દેશી દારૂનો કાળો કારોબાર!

## હીવટદાર ‘દત્તુ’ ના નામે લાખોનો હપ્તો ઉઘરાવાતો હોવાનો સનસનાટીપૂર્ણ આક્ષેપ, લઠ્ઠાકાંડ થશે ત્યારે જાગશે તંત્ર?

અંકલેશ્વર, ખાસ પ્રતિનિધિ
(ઇન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ)

ગુજરાતમાં દારૂબંધી અને કાયદો-વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતો એક અત્યંત ચોંકાવનારો અને ઘાતક કિસ્સો ભરૂચ જિલ્લાના અંકલેશ્વરમાંથી સામે આવ્યો છે. અંકલેશ્વર ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ સરગમ શોપિંગ સેન્ટરની પાછળ ઝૂંપડા બાંધીને કાયદાના રીતસરના ધજાગરા ઉડાડવામાં આવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી સનસનાટીપૂર્ણ વિગતો મુજબ, અહીં ભારતી અને જ્યોતિ નામની બે મહિલા બુટલેગરો કોઈ પણ જાતના ડર વગર જાહેરમાં ત્રણ પત્તી ટીરીયું, વરલી મટકા અને ચકલી-પોપટ જેવો જુગાર ધમધમાવી રહી છે. આટલું ઓછું હોય તેમ, આ જ વિસ્તારમાં રમેશ વસાવા નામનો બુટલેગર દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવીને મોટો કાળો કારોબાર ચલાવી રહ્યો છે.




### નફાની લાલચમાં કેમિકલયુક્ત ઝેરનું વેચાણ: વધુ એક લઠ્ઠાકાંડની આશંકા!

સૌથી વધુ ચોંકાવનારી અને ગંભીર બાબત એ છે કે, બુટલેગર રમેશ વસાવા આ દેશી દારૂનો જથ્થો જાતે જ ભઠ્ઠીઓ પર તૈયાર કરે છે.

વધુ નફો કમાવવાની અંધધૂંધ લાલચમાં દારૂની ભઠ્ઠીઓમાં જોખમી કેમિકલ નાખવામાં આવી રહ્યું છે, જેથી દારૂમાં નશો વધારે થાય અને બંધાણીઓ વધુ પૈસા આપે. પરંતુ સવાલ એ ઊભો થાય છે કે, કેમિકલવાળો આ ઝેરી દારૂ પીવાથી જો અંકલેશ્વરમાં કોઈ મોટો લઠ્ઠાકાંડ સર્જાય અને નિર્દોષોના જીવ જાય, તો તેનો જવાબદાર કોણ? શું પોલીસ કોઈ મોટી હોનારતની રાહ જોઈને બેઠી છે?

### કથિત વહીવટદાર ‘દત્તુ’ નો આતંક: રોજ લાખો રૂપિયાના હપ્તાખોરીનો ખેલ!

અંદરના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ વિસ્તારમાં આશરે ૩૦ થી ૪૦ જેટલા ગેરકાયદેસર ધંધા અને અડ્ડાઓ બેરોકટોક ચાલી રહ્યા છે. આ આખા કાળા સામ્રાજ્યને સલામત રાખવા માટે ‘દત્તુ’ નામનો કથિત વહીવટદાર રોજ ના લાખો રૂપિયાનો હપ્તો ઉઘરાવતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ હપ્તાખોરીના જોરે જ બુટલેગરો અને જુગારના સંચાલકો પોલીસને ખિસ્સામાં લઈને ફરતા હોય તેમ ખુલ્લેઆમ પડકાર ફેંકી રહ્યા છે.

### એસ.પી., એલસીબી અને એસએમસી મૌન કેમ? જનતામાં ભારે આક્રોશ

આ સમગ્ર મામલે સ્થાનિક રહીશો દ્વારા વારંવાર અંકલેશ્વર ‘એ’ ડિવિઝન પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ને પણ જાણ કરવામાં આવી હોવા છતાં આજ દિન સુધી કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવી નથી. એલસીબી પી.આઈ. ને વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર કેમ કુંભકર્ણની નિદ્રામાં છે? જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ આ ગંભીર મુદ્દે કેમ મૂકપ્રેક્ષક બનીને બેઠા છે તે એક મોટો સવાલ છે. ઉચ્ચ કક્ષાએથી આ કેમિકલના અડ્ડાઓ અને જુગારધામ પર ક્યારે ‘સરપ્રાઈઝ રેડ’ કરવામાં આવે છે અને હપ્તાખોરીના આ નેક્સસનો પર્દાફાશ ક્યારે થાય છે, તેના પર હવે સૌની નજર મંડાયેલી છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

## હોસ્પિટલ કે... કતલખાનું? જૂનાગઢમાં મેડિકલ માફિયાઓનો આતંક..!

જૂનાગઢ

જૂનાગઢની કે.જે. હોસ્પિટલમાં દર્દીઓની સારવાર થાય છે કે તેમના જીવ સાથે સીધો સોદો? લોકો જેને ભગવાનનું બીજું રૂપ માને છે, તેવા કેટલાક હોસ્પિટલ સંચાલકો જ જ્યારે કસાઈ બની જાય, ત્યારે સામાન્ય માણસ જાય તો ક્યાં જાય? જૂનાગઢમાંથી તબીબી જગતને કલંકિત કરતી એક એવી ચોંકાવનારી ઘટના સામે આવી છે જેને સાંભળીને કોઈપણ સામાન્ય નાગરિક ધ્રુજી ઉઠશે. પૈસાની લાલચમાં નિર્દોષ દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ખેલવાડ કરતો આ માત્ર કોઈ નાનો-મોટો 'કાંડ' નથી, પણ આધુનિક મેડિકલ સિસ્ટમના નામે ધમધમતું ખુલ્લું 'કતલખાનું' હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ સમગ્ર કૌભાંડની વિગતો એટલી હદ સુધી આઘાતજનક છે કે મેડિકલ નિયમોના લીધેલીધે લીરેલીરા ઉડી ગયા છે. જે ડોક્ટરે કે.જે. હોસ્પિટલ ક્યારનીય છોડી દીધી છે, તેના નામે હોસ્પિટલ પ્રશાસન દ્વારા એક-બે નહીં પણ પૂરા ૭૬ ઓપરેશન કાગળ પર નોંધીને કરી નાખવામાં આવ્યા! આ ઘટના દર્શાવે છે કે હોસ્પિટલ તંત્ર દ્વારા કઈ રીતે ઓપરેશનના નામે સરકારી યોજનાઓ અથવા તો વીમા કંપનીઓ પાસેથી પૈસા પડાવવાનું મોટું રેકેટ ચલાવવામાં આવી રહ્યું હતું. હદ તો ત્યારે થઈ ગઈ જ્યારે જે વ્યક્તિ પાસે આવી જટિલ સર્જરી કરવાની કોઈ કાયદેસરની માન્યતા કે ડિગ્રી જ નથી, તેણે એક જ દિવસમાં ૩-૩ દર્દીઓના ઘૂંટણ બદલી નાખ્યા. ઓર્થોપેડિક સર્જરી જેવી અત્યંત ગંભીર અને ચોકસાઈ માંગી લેતી પ્રક્રિયા કોઈ બિનઅનુભવી કે અણઘડ વ્યક્તિના ભરોસે છોડી દેવામાં આવી. આ સીધેસીધું દર્દીઓને મોતના મોંમાં ધકેલવા સમાન કૃત્ય છે. અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે સ્થાનિક આરોગ્ય વિભાગ અત્યાર સુધી ક્યાં ઊંઘતું હતું? હોસ્પિટલમાં આટલા મોટા પાયે દર્દીઓના જીવ સાથે રમત રમાતી રહી અને તંત્રને તેની કાનોકાન ખબર પણ ન પડી, તે વાત ગળે ઉતરે તેવી નથી.

## કુતિયાણામાં વાડી વિસ્તારમાંથી માતા વિહોણા જંગલી બિલાડીના પાંચ બચ્ચાઓને મળ્યું જીવનદાન

ગોસા(ઘેડ)

પોરબંદરના કુતિયાણા તાલુકાના વાડી વિસ્તારમાં જંગલી બિલાડી (જંગલ કેટ)ના પાંચ અતિ નાના બચ્ચાઓ માતા વિના તડપતા હાલતમાં મળી આવ્યા હતા. માતા કયાંક ચાલી ગઈ હોય અથવા મૃત્યુ પામી હોય તેવી આશંકા વચ્ચે બચ્ચાઓ સતત દર્દભર્યું રુદન કરી રહ્યા હતા. ઘટનાની જાણ કુતિયાણાના વાડી માલિક મિલનભાઈ કડછા એ પોરબંદરની સેવાભાવી સંસ્થા "ઉદય કારાવદરા ચેરિટેબલ એન્ડ એનિમલ વેલ્ફેર ટ્રસ્ટ"ના પ્રમુખ ડો. નેહલબેન કારાવદરા ને જાણ કરતા તેઓને પોરબંદર ખાતે તાત્કાલિક મોકલી આપવા જણાવતા તેઓ રૂબરૂ આપી જતા નેહલબેન હરકત માં આવી ગયા હતા.

હાલ બચ્ચાઓનું રેસ્ક્યુ કરી તેમને પોરબંદર સ્થિત શેલ્ટર હોમ ખાતે ખાસ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. હાલ બચ્ચાઓ એટલા નાના છે કે તેઓ પોતાની જાતે ખાઈ-પી શકતા નથી. જેથી ડો. નેહલબેન કારાવદરા અને તેમની ટીમ દ્વારા સીરીંજ અને બોટલની મદદથી સ્પેશ્યલ એમનું દૂધ પીવડાવી ૨૪ કલાક સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

ડો. નેહલબેન કારાવદરાએ જણાવ્યું હતું કે, માતા વિહોણા હોવાથી બચ્ચાઓનો જીવ જોખમમાં હતો. સમયસર રેસ્ક્યુ થતાં તેમને જીવનદાન મળ્યું છે. નિષ્ણાતોની દેખરેખ હેઠળ બચ્ચાઓને જરૂરી પોષણ અને સારવાર આપવામાં આવી રહી છે જેથી તેઓ સ્વસ્થ બની શકે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જંગલ કેટ વન્યજીવ સંરક્ષણ કાયદા હેઠળ સંરક્ષિત પ્રાણી છે. બચ્ચાઓ મોટા થઈ સ્વાવલંબી બને અને શિકાર કરતા શીખી જાય ત્યારબાદ નિયમ મુજબ ફોરેસ્ટ વિભાગને સુપરત કરવામાં આવશે. ટ્રસ્ટ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે વન્યજીવના બચ્ચાઓ એકલા દેખાય તો તરત અડવું કે ઉપાડી લેવું નહીં, કારણ કે ઘણીવાર તેમની માતા આસપાસ જ હોય છે.

## કોડીનારમાં ભાજપના દિગ્ગજોના ધમપછાડા નિષ્ફળ : પ્રધુમન વાજા અને દિનુ સોલંકીના ગઢમાં કોંગ્રેસે લહેરાવ્યો પરચમ

કોડીનાર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સૌરાષ્ટ્રના રાજકારણમાંથી આ વખતની સૌથી મોટી અને ચોંકાવનારી ખબર સામે આવી રહી છે. કેબિનેટ શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને ભાજપના વિવાદાસ્પદ અને કદાવર નેતા દિનુ સોલંકીના હોમ ગ્રાઉન્ડ ગણાતા કોડીનારમાં ભાજપને કારમો પરાજય વેઠવો પડ્યો છે. તમામ પ્રકારની રાજકીય તાકાત, ધાક-ધમકી અને કરોડો રૂપિયાના હોર્સ ટ્રેડિંગ (ખરીદ-વેચાણ) ના કથિત પ્રયાસો અને સભ્યોને ઉઠાવી જવાની ઘટનાઓ વચ્ચે પણ કોડીનાર તાલુકા પંચાયત પર કોંગ્રેસે ભવ્ય વિજય મેળવીને સત્તા કબજે કરી લીધી છે.

કોડીનાર તાલુકા પંચાયતમાં સત્તાનું સમીકરણ અત્યંત રસપ્રદ હતું, જ્યાં કોંગ્રેસ પાસે ૧૨ અને ભાજપ પાસે ૧૧ સભ્યોનું સંખ્યાબળ હતું. સત્તા મેળવવા માટે બંને પક્ષો વચ્ચે કાંટાની ટક્કર હતી. ભાજપના મોભીઓ દ્વારા સત્તા કબજે કરવા માટે એડીચોટીનું જોર લગાવવામાં આવ્યું હતું અને વિરોધી સભ્યોને તોડવાના તમામ પેંતરા રચાયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું હતું. પરંતુ, અંતિમ ઘડીએ અપક્ષ સભ્ય અનુ સોલંકીએ મોટો રાજકીય ઉલટફેર કરીને કોંગ્રેસને પોતાનો સત્તાવાર ટેકો જાહેર કરી દીધો હતો.

અપક્ષના આ નિર્ણાયક સમર્થનને પગલે કોડીનાર તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે કોંગ્રેસના અનુપા સોલંકી અને ઉપપ્રમુખ તરીકે હર્ષાબેન ગાધે વિજેતા જાહેર થયા છે.

ભાજપના બે-બે દિગ્ગજ નેતાઓના ગઢમાં ગાબડું પાડીને કોંગ્રેસે મેળવેલી આ જીતથી સ્થાનિક કોંગ્રેસી કાર્યકરોમાં ભારે ઉત્સાહનો માહોલ છે અને ફટાકડા ફોડીને વિજયોત્સવ મનાવવામાં આવી રહ્યો છે. જ્યારે બીજી તરફ, કરોડોના ખર્ચ અને ધમપછાડા છતાં સત્તા હાથમાંથી સરકી જતાં ભાજપ છાવણીમાં સન્નાટો વ્યાપી ગયો છે અને આ હારના સ્થાનિક સ્તરે મોટા રાજકીય પ્રત્યાઘાતો પડવાની પૂરેપૂરી શક્યતા છે.

## વાંદરવેલી ગામે પાણીની મોટરનો કેબલ ચોરી કરનાર ઈસમ ગ્રામજનોએ ઝડપી પાડ્યો

ભરૂચ

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના વાંદરવેલી ગામે ખેતરમાંથી પાણીની મોટરનો કેબલ ચોરી કરનાર એક ઈસમને ખેતર માલિક અને ગ્રામજનોએ પીછો કરીને ઝડપી પાડી પોલીસ હવાલે કર્યો હતો. આરોપી પાસેથી કેબલ વાયર, સાધનો અને મોટરસાયકલ સહિત કુલ રૂ. 38,500નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. નેત્રંગ પોલીસ મથકમાંથી મળતી માહિતી અનુસાર, વાંદરવેલી ગામના રહેવાસી 25 વર્ષીય સતિષ સોમાભાઈ વસાવા પરિવાર સાથે ખેતીકામ કરે છે. ગત 21મી મેના રોજ સવારે આશરે નવ વાગ્યાના સમયે સતિષ પોતાના માતા-પિતા સાથે ખેતરે હાજર હતા. તે દરમિયાન સતિષ આંબા પરથી કેરી ઉતારી રહ્યો હતો ત્યારે એક અજાણ્યો ઈસમ મોટરસાયકલ લઈને ખેતરમાં આવ્યો હતો.

આ ઈસમ પાણીના બોર પાસે પહોંચી મોટર સાથે જોડાયેલ કેબલ વાયર કાપવા લાગ્યો હતો. સતિષે આ અંગે પોતાના માતા-પિતાને જાણ કરતા તેઓ તરત જ સ્થળ પર પહોંચ્યા હતા. પૂછપરછ કરતા જ શખ્સ ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યો હતો.

સતિષના માતા-પિતાએ બૂમાબૂમ કરતા આસપાસના ખેતરોમાંથી અન્ય ખેતરમાલિકો તથા પરિવારજનો દોડી આવ્યા હતા. ગ્રામજનોએ ભેગા મળી ભાગેલા ઈસમની શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોપી નજીકના જંગલ વિસ્તારમાં એક ખાખરાના ઝાડ પાસે મળી આવ્યો હતો.

પકડાયેલા શખ્સે પોતાનું નામ નિલેશ રવિયાભાઈ વસાવા, રહે. હરીપુરા, તા. ઝઘડિયા હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી એક થેલામાં રહેલો અંદાજે 110 મીટર કેબલ વાયર, કિંમત રૂ. 13,200, એક કટર, એક દાતરડું, વાયર છોલવાની બ્લેડ તેમજ મોટરસાયકલ મળી આવી હતી. પોલીસે કુલ રૂ. 38,500નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

### અમદાવાદ, સુરત, વડોદરા સહિતના જિલ્લામાંથી 13 ઝડપાયા

# 613 કરોડના સાયબર ફ્રોડનો પર્દાફાશ

ગાંધીનગર

રાજ્યમાં વધતા સાયબર ફ્રોડ સામે ગુજરાત પોલીસે શરૂ કરેલા "મ્યુલ હંટ 2.0" અભિયાન હેઠળ મોટી સફળતા મળી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કાર્યવાહી કરીને પોલીસે સાયબર ફ્રોડના 13 આરોપીઓને ઝડપી પાડ્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આ આરોપીઓ 631 કરોડ રૂપિયાથી વધુના ઓનલાઈન ફ્રોડમાં સંડોવાયેલા હતા. એટલું જ નહીં મોટાભાગના આરોપી 8 પાસ જ હતા. તેમ છતા ટેક્નોલોજીની મદદથી લોકો સાથે સાયબર ફ્રોડ કરતા હતા.

અમદાવાદ, સુરત, ગાંધીનગર, ભરૂચ અને રાજકોટ સહિતના વિસ્તારોમાંથી ઝડપાયેલા આરોપીઓ વિવિધ સાયબર ગેંગ સાથે જોડાયેલા હોવાનું ખુલ્યું છે. આરોપીઓની ધરપકડ બાદ દેશભરમાં 982 જેટલા સાયબર ફ્રોડ કેસ સોલ્વ કરવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસ તપાસ દરમિયાન રાજકોટથી ઝડપાયેલા વિમલ જાડા મુખ્ય આરોપી હોવાનું સામે આવ્યું છે.

જ્યારે અમદાવાદ અને સુરતમાંથી ઝડપાયેલી ગેંગ પાસેથી અનેક બેન્કની પાસબુક, એકાઉન્ટ સંબંધિત દસ્તાવેજો અને ડિજિટલ પુરાવાઓ જપ્ત કરવામાં આવ્યા છે. સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સના એસ.પી. રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ઈન્ચાર્જ ડીજીપીની સૂચનાથી 'મ્યુલ ઓપરેશન' એટલે કે 'મ્યુલ હન્ટ ૨.૦' (Mule Hunt 2.0) હાથ ધરવામાં આવ્યું હતું. તે અંતર્ગત ચાર અલગ-અલગ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. આ ચાર ગુનાઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, ભરૂચ અને રાજકોટ ખાતેથી અલગ-અલગ 13 આરોપીઓને પકડી પાડવામાં આવ્યા છે. વધુમાં રાજદીપસિંહે જણાવ્યું હતું કે, ઝડપાયેલા આરોપી પૈકી એક ગેંગની ખાસિયત એ છે કે, જેમાં 'વિમલ ઝાડા' કરીને આરોપી છે, એ ઓનલાઈન ટેલિગ્રામ અથવા તો અલગ-અલગ ચેનલોના માધ્યમથી જે બ્રીચ ડેટા થયેલો હોય એટલે કે જે નાગરિકોનો ડેટા લીક થયો હોય, એ ડેટા પ્રાપ્ત કરી લેતો હતો. જેમાં બેંકના કસ્ટમર આઈડી, રજિસ્ટર ફોન નંબર વગેરે વિગતો મેળવી. એના આધારે એ કસ્ટમરને સોશિયલ એન્જિનિયરિંગથી ફોન કરી અને એમની પાસેથી ઓટીપી મેળવી લેતો હતો. ઓટીપી મેળવ્યા બાદ જે વિક્ટિમ છે, એના બેંક એકાઉન્ટનો પાસવર્ડ ચેન્જ કરી નાખતો અને પાસવર્ડ ચેન્જ કરી અને પૈસા ઉપાડી લેતો હતો. એ વિમલની પણ ધરપકડ ખાતાધારકની સાથે કરવામાં આવેલી છે. આ ઉપરાંત અમદાવાદ અને સુરત ખાતેથી જે ગેંગ પકડવામાં આવેલી છે, આ ગેંગની ખાસિયત એ છે કે એસ.એન.બી. એક્વા શિપિંગ પ્રાઈવેટ લિમિટેડના નામે, શિપિંગના નામે પેઢી ખોલવામાં આવેલી હતી અને એ પેઢીના માધ્યમથી સાયબર ક્રાઈમના પૈસાઓની લેવડ-દેવડ કરતા હતા.



**આરોપીઓની ધરપકડ બાદ દેશભરમાં 982 જેટલા સાયબર ફ્રોડ કેસ સોલ્વ કરવામાં પોલીસને સફળતા મળી**

### તક્ષશિલા અગ્નિકાંડના 7 વર્ષ

## "અમે બરબાદ થઈ ગયા, પણ સાહેબો હજુય તારીખ પર તારીખ રમે છે!"

સુરત

'સાત સાત વર્ષથી અમે અમારાં નિર્દોષ બાળકોને ન્યાય અપાવવા માટે ઝઝૂમી રહ્યા છીએ. કોર્ટના ધક્કા ખાઈ-ખાઈને અમે શારીરિક, માનસિક અને આર્થિક રીતે બરબાદ થઈ ગયા છીએ, પણ સિસ્ટમના બહેરા કાન સુધી અમારો અવાજ નથી પહોંચતો.' સુરતના સરથાણા વિસ્તારમાં આવેલા તક્ષશિલા આર્કેડ અગ્નિકાંડને આજે પૂરા સાત વર્ષ વીતી ગયા હોવા છતાં, પીડિત પરિવારોના આ શબ્દો ગુજરાતની ન્યાય પ્રણાલી અને વહીવટી તંત્રના મોઢા પર જોરદાર તમાચો મારે છે. ૨૨ માસૂમ બાળકોને જીવતા ભૂંજી નાખનારી એ કાળી રાત આજે પણ પરિવારોના હૃદયમાં રૂઝ ન આવે તેવા જખમ બનીને ઊભી છે.



૨૪ મે ૨૦૧૯ના રોજ બનેલી એ ભયાનક હોનારતમાં જેમણે પોતાના કાળજાના ટુકડા ગુમાવ્યા હતા, તે પરિવારો આજે પણ ન્યાયની ભીખ માગી રહ્યા છે. ભ્રષ્ટ બિલ્ડરો, બેદરકાર સત્તાધીશો અને ફાયર વિભાગના નાલાયક અધિકારીઓની મિલીભગતને કારણે ૨૨ વિદ્યાર્થીઓ કમકમાટીભર્યા મોતને ભેટ્યા હતા. દુર્ઘટના બાદ નેતાઓ અને મોટા સાહેબોએ ન્યાયના મોટા-મોટા વાયદા કર્યા હતા, પરંતુ વાસ્તવિકતા એ છે કે સાત વર્ષ પછી પણ આ કેસ હજુ ટ્રાયલના સ્ટેજ પર જ અટકેલો છે. જવાબદારો જેલની બહાર આવીને આઝાદ હવામાં ફરી રહ્યા છે, જ્યારે સંતાનો ગુમાવનારા માતા-પિતા કોર્ટના વરંડામાં ધક્કા ખાઈ રહ્યા છે.

પીડિત પરિવારોનો આક્રોશ વ્યાજબી છે, કારણ કે આટલા મોટા નરસંહાર સમાન કાંડમાં પણ ફાસ્ટ ટ્રેક કોર્ટ જેવા કોઈ નક્કર પગલાં લેવાયા નથી. તંત્રની ઘોર બેદરકારી અને ન્યાય પ્રક્રિયામાં થઈ રહેલો વિલંબ એ સાબિત કરે છે કે ગરીબ અને મધ્યમ વર્ગના માણસના જીવની કિંમત આ સિસ્ટમમાં કશું જ નથી. સાત વર્ષે પણ પીડિત પરિવારોની આ દયનીય હાલત અને કાનૂની લડાઈમાં તેમની બરબાદી એ સમગ્ર ગુજરાત માટે શરમજનક બાબત છે.

### મોટી બ્રાન્ડ, હલકી ગુણવત્તા..!

## જગદીશ ફરસાણના નામે ગ્રાહકોના આરોગ્ય સાથે ખુલ્લેઆમ થતા ચેડાં

વડોદરા

મોટી બ્રાન્ડ અને ઊંચા ભાવો વસૂલીને ગ્રાહકોને ગુણવત્તાના નામે મીંડું પીરસતી જાણીતી બ્રાન્ડ 'જગદીશ ફરસાણ' (Jagdish Farshan) ના સંચાલકોની વધુ એક ગંભીર અને માનવજીવન સાથે ચેડાં કરતી બેદરકારી સપાટી પર આવી છે. અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આવેલા જગદીશ ફરસાણના આઉટલેટ પરથી ખરીદવામાં આવેલા સમોસામાંથી રીતસરનું કાળા કલરનું સડેલું બટાકું નીકળ્યાનો ગંભીર આરોપ લાગ્યો છે. ગ્રાહકની સતર્કતાને કારણે આ ઝેરી સમાન સડેલો માવો પેટમાં જતો અટક્યો હતો, નહીં તો કોઈ મોટી ફૂડ પોઈઝનિંગની ઘટના ઘટી શકી હોત. આ આખી ઘટનાનો પીડિત ગ્રાહકે લાઈવ વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર આક્રોશ ઠાલવ્યો છે, જે અત્યારે ભારે વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે સમોસાની અંદર બટાકાનો માવો સંપૂર્ણપણે કાળો અને સડેલો છે. સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે આટલી મોટી ગંભીર ભૂલ અને ગ્રાહકના જીવ સાથે રમત રમાઈ હોવા છતાં, ત્યાં હાજર જગદીશ ફરસાણનો કર્મચારી શરમ અનુભવવાને બદલે બેશરમીપૂર્વક મલકાતો અને હસતો કેમેરામાં કેદ થયો છે.

### ભાવનગરમાં કથિત રીલ કૌભાંડમાં મોટો ધડાકો

## મ્યુનિસિપલ કોર્પોરેશનના કરોડોના સો. મીડિયા કૌભાંડમાં નવો ખુલાસો

ભાવનગર

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) માં સરકારી નાણાંનો દુરુપયોગ કરીને સોશિયલ મીડિયાના પ્રમોશન અને રીલ્સ બનાવવાના નામે આચરવામાં આવેલા કથિત કરોડોના 'રીલ કૌભાંડ'માં એક નવો અને અત્યંત ચોંકાવનારો ખુલાસો સામે આવ્યો છે. આ કથિત કૌભાંડની તપાસ કરી રહેલી ટીમ અને સ્થાનિક સૂત્રો તરફથી મળતી વિગતો મુજબ, કોર્પોરેશનની કામગીરીનું ડિજિટલ માર્કેટિંગ કરવા માટે જે ખાનગી એજન્સીઓને કરોડો રૂપિયાના કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા, તેમાં નિયમોની સરેઆમ ધજ્જિયાં ઉડાવવામાં આવી છે. નવા ખુલાસા અનુસાર, કોઈ પણ જાતના સત્તાવાર વર્ક ઓર્ડર વગર જ ચોક્કસ એજન્સીઓને લાખો રૂપિયાની ચૂકવણી કરી દેવામાં આવી હોવાના પુરાવા હાથ લાગ્યા છે. મળતી પ્રાથમિક વિગતો મુજબ, મહાનગરપાલિકાના વિકાસ કાર્યોને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રમોટ કરવા માટે રીલ્સ અને શોર્ટ વીડિયો બનાવવાનું નક્કી



કરાયું હતું. પરંતુ, આ પ્રમોશન પાછળ જે આંકડાઓ દર્શાવવામાં આવ્યા છે તે વાસ્તવિકતાથી તદ્દન અલગ છે. એવો ગંભીર આક્ષેપ છે કે જે રીલ્સ પર માત્ર ગણતરીના વ્યુઝ અને લાઈક્સ આવ્યા હતા, તેનું બિલિંગ લાખો રૂપિયામાં કરીને સરકારી તિજોરીને મોટો ચૂનો લગાવવામાં આવ્યો છે. એટલું જ નહીં, આ કથિત કૌભાંડમાં કોર્પોરેશનના કેટલાક ઉચ્ચ અધિકારીઓ અને એજન્સીના સંચાલકો વચ્ચે આંતરિક આર્થિક સાંઠગાંઠ હોવાનો નવો ખુલાસો થતાં કમિશનર કક્ષાએથી પણ આંતરિક તપાસનો ગાળિયો મજબૂત કરવામાં આવ્યો છે.

## ગુજરાત કોંગ્રેસમાં આંતરિક કલહ અને શિસ્તભંગનો ગરમાવો

અમદાવાદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની ગરમાગરમી વચ્ચે ગુજરાત કોંગ્રેસમાં આંતરિક શિસ્ત અને સંગઠનની નબળાઈઓ ફરી એકવાર સપાટી પર આવી ગઈ છે.

તાજેતરમાં પક્ષ દ્વારા યોજવામાં આવેલી અત્યંત મહત્વની બેઠકમાં ગેરહાજર રહેલા પક્ષના ૨૮ જેટલા જિલ્લા પ્રમુખો અને ૨૭ વરિષ્ઠ પદાધિકારીઓ સામે હાઈકમાન્ડે લાલ આંખ કરી છે.

પક્ષ વિરોધી પ્રવૃત્તિ અને શિસ્તહીનતા સાંખી ન લેવાના મૂડમાં રહેલા પ્રદેશ નેતૃત્વએ આ તમામ ૫૫ નેતાઓને આગામી ૩ દિવસની અંદર લેખિતમાં ખુલાસો રજૂ કરવા માટે કારણદર્શક નોટિસ (શો-કોઝ નોટિસ) ફટકારી છે, જેને પગલે રાજકીય ગલિયારાઓમાં ભારે ખળભળાટ મચી ગયો છે. મળતી વિગતો મુજબ, આગામી સ્થાનીક ચૂંટણીઓની રણનીતિ ઘડવા અને સંગઠનને મજબૂત કરવા માટે પ્રદેશ કક્ષાની એક હાઈપ્રોફાઈલ બેઠક બોલાવવામાં આવી હતી.

### ટ્રસ્ટી મંડળની બેઠકમાં ઈચ્છા વ્યક્ત કરતાં ભારે ચર્ચા

## પાટીદાર સમાજના મોટા સમાચાર : નરેશ પટેલ ખોડલધામમાંથી નિવૃત્તિ લે તેવા સંકેત

રાજકોટ

લેઉવા પાટીદાર સમાજની સર્વોચ્ચ આસ્થાના કેન્દ્ર સમાન કાગવડ ખોડલધામના પ્રણેતા અને પ્રમુખ નરેશ પટેલ આગામી સમયમાં ખોડલધામના સત્તાવાર પદો પરથી નિવૃત્તિ લે તેવી અટકળો અને સંકેતો વહેતા થતાં સમગ્ર ગુજરાતના સામાજિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. ખોડલધામ ટ્રસ્ટની તાજેતરમાં યોજાયેલી એક મહત્વની આંતરિક બેઠકમાં નરેશ પટેલે પોતે હવે નિવૃત્તિ લેવા માંગે છે તેવી ઈચ્છા વ્યક્ત કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે.

મળતી વિગતો મુજબ, નરેશ પટેલે બેઠકમાં જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી ખોડલધામ સંસ્થા સાથે સક્રિયપણે જોડાયેલા છે અને હવે નવી પેઢીને તેમજ સમાજના અન્ય સક્ષમ આગેવાનોને આગળ આવવાની તક મળવી જોઈએ. જો કે, ટ્રસ્ટી મંડળના અન્ય સભ્યો અને સમાજના વરિષ્ઠોએ તેમને હાલમાં પદ પર ચાલુ રહેવા માટે ભારે આગ્રહ કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. પાટીદાર અનામત આંદોલન બાદ સમગ્ર ગુજરાતના રાજકારણ અને સામાજિક તાણાવાણામાં નરેશ પટેલ હંમેશા એક મહત્વનું કેન્દ્રબિંદુ રહ્યા છે, ત્યારે તેમના આ સંકેતથી પાટીદાર સમાજમાં એક નવા સંગઠનાત્મક બદલાવના એંધાણ વર્તાઈ રહ્યા છે. રાજકીય વિશ્લેષકોના મતે, નરેશ પટેલ માત્ર એક સંસ્થાના વડા નથી પરંતુ ગુજરાતની રાજનીતિમાં પણ તેમનું મોટું કદ છે. દરેક ચૂંટણી વખતે ભાજપ, કોંગ્રેસ કે આમ આદમી પાર્ટીના શીર્ષ નેતાઓ તેમના આશીર્વાદ લેવા કાગવડ દોડી જતા હોય છે. તેવામાં જો તેઓ ખોડલધામમાંથી સક્રિય નિવૃત્તિ લેશે, તો આગામી સમયમાં પાટીદાર સમાજના સંગઠનનું સુકાન કોણ સંભાળશે તે મોટો સવાલ છે. હાલ તો આ અહેવાલો બહાર આવતાની સાથે જ ખોડલધામના હજારો સમર્થકો અને ભક્તોમાં ભારે ગણગણાટ શરૂ થઈ ગયો છે અને સૌ કોઈ સત્તાવાર જાહેરાતની રાહ જોઈ રહ્યા છે.

### 11 નશાખોર ઝડપાયા

## કામરેજના મોરથાણા ફાર્મ હાઉસમાં દારૂની મહેફિલ પર પોલીસનો દરોડો

સુરત

સુરત જિલ્લાના કામરેજ તાલુકાના મોરથાણા ગામ ખાતે આવેલા એક ફાર્મ હાઉસમાં ચાલી રહેલી દારૂની મહેફિલ પર કામરેજ પોલીસે દરોડો પાડી કુલ 11 લોકોને ઝડપી પાડ્યા હતા. પોલીસે ફાર્મ હાઉસના માલિક તથા સંચાલક સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરથાણા ગામમાં આવેલા 'મારબેલા ફાર્મ હાઉસ' નંબર-25 ખાતે ગેરકાયદેસર રીતે દારૂની પાર્ટી યોજાઈ રહી હોવાની ચોક્કસ બાતમી કામરેજ પોલીસને મળી હતી. બાતમીના આધારે પોલીસે ગતરોજ સાંજના સમયે ફાર્મ હાઉસ પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન દારૂની મહેફિલ માણી રહેલા લોકોને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી વિશાલભાઈ મનુભાઈ રાઠોડ (ઉ.વ. 28), રીમ્પેશભાઈ ગીરીશભાઈ પટેલ (ઉ.વ. 33), પુષ્પકભાઈ ઉત્તમભાઈ ધુલે (ઉ.વ. 35), સાગરભાઈ રાવજીભાઈ ગોહીલ (ઉ.વ. 33), મિરલભાઈ મુકેશભાઈ રાઠોડ (ઉ.વ. 29), જિગ્નેશભાઈ મનસુખભાઈ જોશી (ઉ.વ. 39), સ્મીતભાઈ જયેશભાઈ ભંડારી (ઉ.વ. 25), મોસીન ઝમિલ પઠાણ (ઉ.વ. 35), મિતભાઈ હરીશભાઈ પવાર (ઉ.વ. 23), સાહિલભાઈ ચિંતુભાઈ ગૌર (ઉ.વ. 20) તથા ફિરોઝ રફિક શેખ (ઉ.વ. 32)ને ઝડપી પાડ્યા હતા.

### ગુજરાત ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો

## AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાતમાં ત્રણ દિવસ કરશે ઝંઝાવતી પ્રવાસ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ પોલીસ સ્ટેશન પરિસરમાં નવનિર્મિત મંદિરમાં જગતજનની શ્રી અંબાજી માતાજીની મૂર્તિનો દ્વિતીય દિવસનો પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અત્યંત હર્ષોલ્લાસ અને ધાર્મિક માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. ગાંધીનગર પોલીસ અધીક્ષક અને સમગ્ર ગાંધીનગર જિલ્લા પોલીસ પરિવાર દ્વારા આયોજિત આ મહોત્સવના બીજા દિવસે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું હતું. આ પ્રસંગે કાઢવામાં આવેલી શોભાયાત્રામાં જાણીતા લોક કલાકાર રવિકુમાર રબારી (રવિ ખોરજ) એ લોકગીતોની રમઝટ જમાવી હતી.



મહોત્સવના દ્વિતીય દિવસે શુક્રવારના રોજ બપોરે 12-05 કલાકે શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અને મંત્રોચ્ચાર સાથે માતાજીની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પવિત્ર પ્રસંગે સમગ્ર પરિસર ભક્તિમય માહોલમાં ગરકાવ થઈ ગયું હતું.ત્યારબાદ સાંજે 4-05 કલાકે યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી, જેમાં પોલીસ અધિકારીઓ અને આમંત્રિત ભક્તોએ આહુતિ આપી ધન્યતા અનુભવી હતી. સાંજ સત્રમાં 4-35 કલાકે માતાજીની ભવ્ય મહા આરતી યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા અને માતાજીના દર્શનનો લાભ લીધો હતો.

ધાર્મિક ઉત્સવના અંતે સાંજે 6-30 કલાકે મહા પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉપસ્થિત તમામ ભક્તો અને પોલીસ પરિવારે પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દહેગામ પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એન.દેસાઈ સહિત પોલીસ પ્રશાસન અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

પાક્કો ગુજરાત

રવિવાર | 24 મે 2026 | અમદાવાદ

# તેલંગાણામાં હીટવેવથી 16 મોત : UPના બાંદામાં પારો 47°C


## ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, હરિયાણાના ઘણા શહેરો બપોર પહેલા જ 42 થી 44°C સુધી પહોંચી ગયા

**નવી દિલ્હી**

દેશનો મોટાભાગનો હિસ્સો આકરી ગરમી અને લૂની ઝપેટમાં છે. તેલંગાણામાં અત્યાર સુધી ગરમી અને હીટવેવના કારણે 16 લોકોના મોત થયા છે. રાજ્યના મહેસૂલ મંત્રી શ્રીનિવાસ રેડ્ડીએ આ માહિતી આપી હતી.

શુક્રવારે મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન સહિત ઉત્તર, પશ્ચિમ અને મધ્ય ભારતના 11 રાજ્યોમાં તાપમાન 40Cથી 47Cની વચ્ચે રહ્યું હતું.

આ 11 રાજ્યોમાં હીટવેવનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. સૌથી વધુ તાપમાન યુપીના બાંદામાં 47C અને એમપીના નૌગાંવમાં 46.8C નોંધાયું હતું. આગામી 2 દિવસ સુધી ગરમીમાંથી રાહત મળવાની કોઈ શક્યતા નથી. દેશમાં શુક્રવારે સવારે અસામાન્ય રેકોર્ડ નોંધાયો.



દુનિયાના 50 સૌથી ગરમ શહેરોની યાદીમાં બધા શહેરો ભારતના રહ્યા. ઉત્તર પ્રદેશ, બિહાર, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, હરિયાણાના ઘણા શહેરો બપોર પહેલા જ 42 થી 44C સુધી પહોંચી ગયા. એકલા ઉત્તર પ્રદેશના 22 શહેરો ગરમ શહેરોની યાદીમાં હતા.

AQI મુજબ સવારે 10:50 વાગ્યે ઓડિશાનું બલાંગીર 45C સાથે સૌથી ગરમ શહેર રહ્યું. બપોર થતા-થતા વિદર્ભના બ્રહ્મપુરીમાં દેશનું સૌથી વધુ 47.2C તાપમાન રહ્યું. બપોરે 3 વાગ્યે દુનિયાના 22 સૌથી ગરમ શહેરોમાં પારો 47C થી વધુ હતો. આ બધા શહેરો ભારતના હતા.

બિહાર, દિલ્હી, હરિયાણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, રાજસ્થાન અને તેલંગાણામાં હીટવેવની સ્થિતિ યથાવત રહી શકે છે. પશ્ચિમ બંગાળ, ઓડિશા અને તમિલનાડુના કેટલાક ભાગોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહી શકે છે.

કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, કર્ણાટક અને તમિલનાડુમાં ભારે વરસાદ થઈ શકે છે. આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઝારખંડમાં 50-60 કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડાની ચેતવણી આપવામાં આવી છે.

દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં ગરમી અને હીટવેવની અસર રહેશે; આકાશ સ્વચ્છ અને તડકો તેજ રહેશે. જ્યારે, કેરળ, કર્ણાટક, તમિલનાડુ જેવા દક્ષિણી રાજ્યો અને આસામ, મેઘાલયમાં વરસાદ અને વીજળી સાથે ભારે પવન ફૂંકાવાની સંભાવના છે.

મધ્યપ્રદેશના 42 જિલ્લામાં આજે હીટવેવનું એલર્ટ છે. ગ્વાલિયર-ચંબલ, સાગર, રીવા અને ઉજ્જૈન સંભાગ હીટવેવની ઝપેટમાં છે.

### હરિયાણાના ફરીદાબાદમાં

# પ્રેમ પ્રકરણમાં રમતવીરની ક્રૂર હત્યાનો મામલો સામે આવ્યો..!

**નવી દિલ્હી**

હરિયાણાના ફરીદાબાદમાં પ્રેમપ્રકરણમાં એક આશાસ્પદ રમતવીરની ક્રૂર હત્યાનો મામલો સામે આવ્યો છે. અહીં સગીર પ્રેમિકાના પરિવારે કથિત રીતે સ્ટેટ લેવલના બેડમિન્ટન ખેલાડીનું અપહરણ કરી ત્રણ દિવસ સુધી ગોંધી રાખ્યો હતો અને બેરહેમીથી માર માર્યો હતો. ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરાયેલા આ યુવકે સારવાર દરમિયાન દમ તોડી દીધો છે. પોલીસે આ કેસમાં ગુનો નોંધી બે આરોપીઓની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે. મૃતક યુવકની ઓળખ 21 વર્ષીય મોનુ તરીકે થઈ છે, જે ભિવાડીના સૈદપુર ગામનો રહેવાસી હતો. તેના પિતા ભીમ સિંહ ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મોનુ ભણવામાં તેજસ્વી હતો અને તાજેતરમાં જ તેણે 70 ટકા માર્ક્સ સાથે ધોરણ 12ની પરીક્ષા પાસ કરી હતી. આ ઉપરાંત તે એક સારો રમતવીર પણ હતો. તેણે સ્કૂલ તરફથી સ્ટેટ લેવલ પર બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો અને જિલ્લા કક્ષાએ ઘણા મેડલ પણ જીત્યા હતા.

ફરીદાબાદના તિગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારની રહેવાસી એક સગીરા સૈદપુર ગામમાં તેના મામાના ઘરે આવતી-જતી હતી, તે દરમિયાન મોનુ અને સગીરા વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. પોલીસ પ્રવક્તા યશપાલના જણાવ્યા અનુસાર, ગત એપ્રિલ મહિનામાં મોનુ આ સગીરાને ભગાડી ગયો હતો, જેને પગલે છોકરીના પિતાએ તિગાંવ પોલીસ સ્ટેશનમાં તેની સામે ફરિયાદ નોંધાવી હતી. આ મામલે કાર્યવાહી કરીને પોલીસે સગીરાને તો તેના ઘરેથી હેમખેમ શોધી કાઢી હતી, પરંતુ મોનુ પોલીસની પકડથી બચવા માટે સતત નાસતો ફરતો હતો.

# 'CJP'ની વેબસાઈટ ડાઉન, ફાઉન્ડરનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ હેક થયાનો દાવો

**નવી દિલ્હી**

ઈન્ટરનેટ પર અત્યારે વાઈરલ થઈ રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના ફાઉન્ડર અભિજીત દીપકેએ એક ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે તેમનું પર્સનલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેક કરી લેવામાં આવ્યું છે અને તમામ પ્રયાસો કરવા છતાં તેઓ હવે તેને ઍક્સેસ કરી શકતા નથી. દીપકેએ પોતાના અંગત X એકાઉન્ટ પર આ માહિતી શેર કરતા એમ પણ કહ્યું કે, તેમની પાર્ટીનું બેકઅપ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ થોડા સમય માટે બંધ કરી દેવામાં આવ્યું હતું, જોકે તેને બાદમાં ફરી શરૂ કરી દેવાયું છે. બીજી બાજુ ગૂગલ પર કોકરોચ જનતા પાર્ટીની વેબસાઈટ પણ બંધ આવી રહી છે. આ સાઈટ પર તમે પહોંચી નહીં શકો તેવો





મેસેજ જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રના વતની અને હાલ બોસ્ટનમાં રહેતા અભિજીત દીપકેએ આ ઘટના બાદ પોતાની સુરક્ષાને લઈને ચિંતા અને પોતાના પર સકંજો કસાવાનો ડર પણ વ્યક્ત કર્યો છે. મહત્ત્વનું છે કે, તાજેતરમાં સીજેઆઈ સૂર્યકાંત દ્વારા યુવાનોને લઈને કરવામાં આવેલી 'કોકરોચ'વાળી ટિપ્પણી બાદ આ પાર્ટી સોશિયલ મીડિયા પર અચાનક લોકપ્રિય થઈ ગઈ છે. બીજી તરફ, 'કોકરોચ જનતા પાર્ટી'નું સત્તાવાર X હેન્ડલ ભારતમાં બ્લોક કરી દેવામાં આવ્યું છે, જોકે અન્ય દેશોમાં તેને હજુ પણ જોઈ શકાય છે. આ તમામ અવરોધો વચ્ચે પણ ઈન્સ્ટાગ્રામ પર આ પેજે ભાજપ અને કોંગ્રેસ જેવી મોટી રાજકીય પાર્ટીઓને પણ પાછળ છોડી દીધી છે.

ઈન્સ્ટાગ્રામ પર આ એકાઉન્ટ પર માત્ર 80 જેટલી જ પોસ્ટ મૂકવામાં આવી છે, તેમ છતાં તેના ફોલોઅર્સની સંખ્યા 2.18 કરોડને પાર પહોંચી ગઈ છે. આ આંકડા દર્શાવે છે કે આ વ્યંગ્યાત્મક અભિયાન ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર કેટલી ઝડપથી વાઈરલ થઈ રહ્યું છે. આ અનોખા અભિયાનને હવે વિરોધ પક્ષોનો પણ મોટો સાથ મળી રહ્યો છે. કેરળમાં કોંગ્રેસ, તેની સહયોગી પાર્ટી આઈયુએમએલ (IUML) અને વિપક્ષી દળ માર્ક્સવાદી કમ્યુનિસ્ટ પાર્ટી (માકપા)ના ઘણા યુવા નેતાઓએ આ ઝુંબેશને સમર્થન આપ્યું છે.

# કર્ણાટકમાં ટ્રકે કારનો બુકડો બોલાવતા 5ના મોત

**નવી દિલ્હી**

દેશના બે અલગ-અલગ રાજ્યો ઉત્તર પ્રદેશ અને કર્ણાટકમાં શુક્રવારે મોડી રાત્રે બે ભયાનક માર્ગ અકસ્માતો સર્જાયા છે. આ બંને દર્દનાક અકસ્માતોમાં કુલ 9 લોકોના ઘટનાસ્થળે તેમજ સારવાર દરમિયાન કરૂણ મોત નીપજ્યા છે, જ્યારે એક મહિલાની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળ્યું છે.

ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લાના ફતેહપુર વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ભારે ગરમી અને વીજળી ગુલ હોવાના કારણે 35 વર્ષીય નીરજ નામનો વ્યક્તિ તેની પત્ની આરતી અને ત્રણ બાળકો સાથે ઘરની બહાર રોડ કિનારે સૂતો હતો. રાત્રે આશરે બે વાગ્યે એક પૂરપાટ ઝડપે આવી રહેલા ડમ્પરે નિયંત્રણ ગુમાવ્યું હતું અને પહેલા ઝાડ સાથે અથડાયા બાદ રોડ કિનારે સૂતેલા આ આખા પરિવાર પર ફરી વળ્યું હતું.

આ અકસ્માતમાં નીરજ (35 વર્ષ) અને તેના 13 વર્ષના પુત્ર અનુરાગનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે ગંભીર રીતે ઘવાયેલી દીકરી અંશિકા (10 વર્ષ) અને દીકરા આશુ (6 વર્ષ) એ હોસ્પિટલમાં સારવાર દરમિયાન દમ તોડ્યો હતો. આમ, એક જ પરિવારના ૪ સભ્યો કાળનો કોળિયો બની ગયા છે.

# ચમત્કારિક બચાવ બાદ અધિકારીઓની સેલ્ફી વાઈરલ : લદાખમાં આર્મીનું 'ચિતા' હેલિકોપ્ટર ક્રેશ

**નવી દિલ્હી**

લદાખના તાંગત્સે (લેહના દક્ષિણ-પૂર્વ) વિસ્તારમાં ભારતીય સેનાનું એક 'ચિતા' હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાના આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. આ મોટા અકસ્માતમાં સેનાના 3જી ડિવિઝન (જે ત્રિશૂલ ડિવિઝન તરીકે ઓળખાય છે) ના જનરલ ઓફિસર કમાન્ડિંગ (GOC) મેજર જનરલ સહિત ત્રણેય અધિકારીઓનો આબાદ બચાવ થયો છે. આ ઘટના બુધવારે ઘટી હતી, પરંતુ તેની સત્તાવાર માહિતી શનિવારે સામે આવી છે. રાહતની વાત એ છે કે હેલિકોપ્ટરમાં સવાર તમામ અધિકારીઓને માત્ર નજીવી ઈજાઓ જ થઈ છે. અહેવાલો અનુસાર, આ સિંગલ-એન્જિન ધરાવતા ચિતા હેલિકોપ્ટરને એક લેફ્ટનન્ટ કર્નલ અને એક મેજર રેન્કના અધિકારી ઉડાવી રહ્યા હતા. જ્યારે થર્ડ ઈન્ફન્ટ્રી ડિવિઝનના મેજર જનરલ સચિન મહેતા તેમાં પેસેન્જર તરીકે સવાર હતા. અકસ્માત બાદ મેજર જનરલ મહેતાની અન્ય બે અધિકારીઓ સાથેની એક સેલ્ફી સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહી છે, જેમાં તેઓ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થયેલા ચોપર પાસે પથ્થરો પર બેઠેલા જોવા મળે છે. સેના દ્વારા અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ માટે 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી' (CoI) ના આદેશ આપી દેવામાં આવ્યા છે. વર્ષ 1971માં ભારતીય સેનામાં સામેલ કરાયેલું ચિતા હેલિકોપ્ટર ઊંચા હિમાલયના વિસ્તારોમાં લશ્કરી કામગીરી માટે કરોડરજ્જુ સમાન રહ્યું છે. આ હેલિકોપ્ટર ફ્લાઈંગ જીપ, રિકોનિસન્સ મિશન (જાસુસી), આર્ટિલરી સ્પોટર અને એર એમ્બ્યુલન્સ તરીકે ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સિયાચીન ગ્લેશિયર જેવા 18000 ફૂટથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં ઉડાન ભરવી એ ચિતા હેલિકોપ્ટરની ડિઝાઈન મર્યાદાની બહાર હોવા છતાં, તે 19600 થી 21000 ફૂટની ઊંચાઈએ આવેલી સૈન્ય ચોકીઓ માટે આજે પણ લાઈફલાઈન બનેલું છે. આ દુર્ઘટનાએ ભારતીય સેનાના જૂના થઈ ગયેલા ચિતા અને ચેતક હેલિકોપ્ટરના જોખમોને ફરી એકવાર સપાટી પર લાવી દીધા છે.



સેના આગામી દાયકામાં એવિએશન કોરના આધુનિકીકરણ અભિયાન અંતર્ગત આ હેલિકોપ્ટર્સને તબક્કાવાર રીતે હટાવવાની યોજના બનાવી રહી છે.

### 'આપ' છોડતા જ રાઘવ ચઢ્ઢાને ભાજપે આપી ભેટ

# રાઘવને રાજ્યસભાની પ્રતિષ્ઠિત યાચિકા સમિતિ ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા

**નવી દિલ્હી**

રાજકારણમાં ક્યારે કયો વળાંક આવી જાય તે કહેવું મુશ્કેલ છે, ખાસ કરીને જ્યારે વાત પક્ષપલટા અને તેના પછી મળતા મોટા પદોની હોય. તાજેતરમાં જ આમ આદમી પાર્ટીનો સાથ છોડીને ભારતીય જનતા પાર્ટીનો ભગવો ધારણ કરનારા રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા ફરી એકવાર દેશભરમાં હેડલાઈન્સમાં છે. ભાજપમાં જોડાતાની સાથે જ રાઘવ ચઢ્ઢાનું રાજકીય કદ અચાનક વધી ગયું હોય તેમ તેમને સંસદમાં એક મોટી અને મહત્વપૂર્ણ જવાબદારી સોંપવામાં આવી છે. રાજ્યસભા સચિવાલય દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર નોટિફિકેશન અનુસાર, રાઘવ ચઢ્ઢાને રાજ્યસભાની પ્રતિષ્ઠિત 'યાચિકા સમિતિ' (Committee on Petitions) ના અધ્યક્ષ નિયુક્ત કરવામાં આવ્યા છે. રાજ્યસભાના સભાપતિ સી.પી. રાધાકૃષ્ણને 20 મે 2026થી પ્રભાવી બને તે રીતે



આ મહત્વપૂર્ણ પેનલનું પુનર્ગઠન કર્યું છે અને ગૃહના 10 સભ્યોને આ સમિતિ માટે નામાંકિત કર્યા છે. રાઘવ ચઢ્ઢા હવે આ આખી સમિતિનું નેતૃત્વ કરશે. આ આખી રાજકીય ઘટનાક્રમની પૃષ્ઠભૂમિ બહુ રસપ્રદ છે. આમ આદમી પાર્ટીના ટોચના નેતાઓમાં ગણાતા રાઘવ ચઢ્ઢા સહિત રાજ્યસભાના 6 અન્ય સાંસદોએ અચાનક પાર્ટીને અલવિદા કહી દીધું હતું. આ તમામ 7 સાંસદોએ 27 એપ્રિલ 2026ના રોજ સત્તાવાર રીતે ભાજપનું સભ્યપદ લઈ લીધું હતું. આ મોટા પક્ષપલટાને કારણે રાજ્યસભામાં 10 સાંસદોનું સંખ્યાબળ ધરાવતી આમ આદમી પાર્ટી પાસે હવે માત્ર 3 જ સાંસદો બચ્યા છે, જે કેજરીવાલ માટે બહુ મોટો ફટકો છે. એક તરફ રાઘવ ચઢ્ઢાને ભાજપ તરફથી મોટું ઈનામ મળ્યું છે, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર તેમની ભારે ટ્રોલિંગ થઈ રહી છે. આ બદનામીથી બચવા માટે રાઘવ ચઢ્ઢાએ દિલ્હી હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા છે. તેમણે કોર્ટમાં અરજી દાખલ કરીને માંગ કરી છે કે ડિજિટલ પ્લેટફોર્મ્સ અને સોશિયલ મીડિયા પર તેમના વિશે ફેલાવવામાં આવી રહેલી નકલી, AI-જનરેટેડ અને ડીપફેક કન્ટેન્ટને તાત્કાલિક હટાવવામાં આવે અથવા બ્લોક કરવામાં આવે. રાઘવ ચઢ્ઢાની દલીલ છે કે આ ફેક વીડિયો અને કન્ટેન્ટ તેમની પ્રતિષ્ઠા અને પર્સનાલિટી રાઈટ્સને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે.

### રેલવે કર્મચારીઓને મોટી ભેટ

# વંદે ભારત સહિત વિવિધ ટ્રેનના રનિંગ સ્ટાફનો વધી જશે પગાર..

**નવી દિલ્હી**

રેલ કર્મચારીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. રેલવે બોર્ડે વંદે ભારત અને પ્રયાગરાજ એક્સપ્રેસ સહિત કુલ 155 ટ્રેનને હાઈસ્પીડ ટ્રેનની શ્રેણીમાં સત્તાવાર રીતે શામેલ કરી દીધી છે.. જેના કારણે હવે રનિંગ સ્ટાફની મહિનાની સેલરીમાં વધારો જોવા મળી શકે છે. રેલવે બોર્ડના નિર્ણયના કારણે લોકો પાયલટ, સહાયક લોકો પાયલટ, અને ટ્રેન મેનેજરને સ્પેશ્યલ હાઈ સ્પીડ ભથ્થાનો લાભ મળશે, સાથેજ આ તમામ લોકોના પગાર પણ વધી જશે.

શતાબ્દી એક્સપ્રેસ, ભોપાલ-નવી દિલ્લી શતાબ્દી, લખનઉ-નવી દિલ્લી શતાબ્દી, અમૃતસર-નવી દિલ્લી શતાબ્દી એક્સપ્રેસ, પટના-હાવડા જનશતાબ્દી, પૂણે-સિકંદરાબાદ શતાબ્દી, ચેન્નાઈ-કોઈમ્બતુર શતાબ્દી, હાવડા ભૂવનેશ્વર જનશતાબ્દી, કોટા જનશતાબ્દી એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

જો રાજધાની ટ્રેનોની વાત કરીએ તો નવી દિલ્લી-ઝાંસી/ ગ્વાલિયર રૂટની ગતિમાન એક્સપ્રેસ, હાવડા-નવી દિલ્લી રાજધાની, ચેન્નઈ-હજરત નિઝામુદ્દીન રાજધાની, જમ્મૂ-તવી-નવી દિલ્લી રાજધાની એક્સપ્રેસ સહિત સ્વર્ણ જ્યંતિ રાજધાની, અમદાવાદ રાજધાની, તેજસ રાજધાની(નવી દિલ્લી-રાજેન્દ્રનગર) અને દુરંતો એક્સપ્રેસનો સમાવેશ થાય છે. રેલવે બોર્ડે લીધેલા નિર્ણયમાં પૂણે-હાવડા દૂરંતો, સિકંદરાબાદ-હજરત નિઝામુદ્દીન દુરંતો, નવી દિલ્લી-ભૂવનેશ્વર દુરંતો, હાવડા-નવી દિલ્લી દુરંતો, દિલ્લી સરાય રોહિલ્લા-જમ્મૂ તવી દુરંતો, હમસફર એક્સપ્રેસ, મધુપુર-આનંદ વિહાર હમસફર, આનંદ વિહાર-મધુપુર હમસફર, વારાણસી-ગોરખપુર રુટની હમસફર ટ્રેન અને તેજસ ટ્રેનનો પણ સમાવેશ થાય છે. તો મુંબઈ-ગોવા તેજસ એક્સપ્રેસ, મદુરાઈ-ચેન્નઈ તેજસ, નવી દિલ્લી-રાજેન્દ્રનગર તેજસ રાજધાની અને વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનના રનિંગ સ્ટાફનો પણ સમાવેશ થાય છે. આ લિસ્ટમાં સૌથી વધારે વંદે ભારત ટ્રેનનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં નાગપુર-સિકંદરાબાદ, ભોપાલ-નવી દિલ્લી, ચેન્નઈ કોઈમ્બતુર, ચેન્નઈ-વિજયવાડા, તિરુપતિ-સિકંદરાબાદ, વિશાખાપટ્ટનમ-સિકંદરાબાદ, ભૂવનેશ્વર-વિશાખાપટ્ટનમ, રાઉરકેલા-હાવડા, ઈંદોર-નવી દિલ્લી, અજમેર-દિલ્લી કેન્ટ, ઉદયપુર-જયપુર, ઉદયપુર-આગ્રા કેંટ, વારાણસી-નવી દિલ્લી, બનારસ-નવી દિલ્લી, કાશી-વારાણસી-નવી દિલ્લી, ગયા-હાવડા, કુરજ-હજરત નિજામુદ્દીન, દિલ્લી-અમૃતસર, અમદાવાદ-ઓખા, હાવડા-પુરી જેવી ટ્રેનના રનિંગ સ્ટાફ પણ સામેલ છે.

# કર્ણાટક કોંગ્રેસમાં મુખ્યમંત્રી બાદ મંત્રીપદને લઈને ખટરાગ

## સિદ્ધારમૈયાના નજીકના નેતાનો 'હાઈ'કમાન્ડને 'આદેશ'!

**નવી દિલ્હી**

કર્ણાટક કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ બાદ હવે મંત્રીપદને લઈને પણ રાજકીય ગરમાવો વધ્યો છે. કોંગ્રેસના અનેક ધારાસભ્યો મંત્રીપદ માટે દાવેદારી કરી રહ્યા છે, જેના કારણે પાર્ટીમાં આંતરિક ખેંચતાણ તેજ બની છે. આ દરમિયાન મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની નજીકના મનાતા રાજ્યના એક્સાઈઝ મંત્રી આર.બી. તિમ્માપુરે મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. બાગલકોટમાં પત્રકારો સાથે વાત કરતાં આરબી તિમ્માપુરે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીમાં આંતરિક લોકશાહી છે, અને ધારાસભ્યો પોતાની ઈચ્છા વ્યક્ત કરે તેમાં કંઈ ખોટું નથી. તેમણે કહ્યું, "મંત્રી બનવાની ઈચ્છા રાખવી કોઈ ગુનો નથી. હાઈકમાન્ડ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે." તાજેતરમાં કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ ચેતવણી આપી હતી કે, જો તેમને મંત્રીમંડળમાં સ્થાન નહીં મળે તો તેઓ દિલ્હી હાઈકમાન્ડ સુધી પોતાની વાત પહોંચાડશે. આ મુદ્દે પણ તિમ્માપુરે નરમ વલણ અપનાવ્યું હતું.

ભાજપે કલબુર્ગી લાડલે મશાક દરગાહ કેસમાં કોંગ્રેસ સરકાર પર કેસ પરત ખેંચવાનો આરોપ મૂક્યો હતો અને તેને "મુસ્લિમ તુષ્ટિકરણ" ગણાવ્યું હતું. આ આરોપોને નકારી કાઢતાં તિમ્માપુરે કહ્યું કે અગાઉ ખેડૂતો સામેના કેસ પણ પાછા ખેંચવામાં આવ્યા હતા. તેમણે પ્રશ્ન કર્યો કે "જો ખેડૂતોના કેસ પરત ખેંચાયા તો શું તે પણ સાંપ્રદાયિક હતું?. કોંગ્રેસ દરેક જાતિ અને ધર્મના લોકોને સાથે લઈને ચાલે છે, જ્યારે ભાજપ સમાજને ધર્મના નામે વહેંચવાનો પ્રયાસ કરે છે."

તિમ્માપુરે કેન્દ્ર સરકાર પર પણ આકરા પ્રહાર કર્યા. તેમણે ડોલરની વધતી કિંમત, પેટ્રોલ-ડીઝલ અને એલપીજી સિલિન્ડરના ભાવ વધારા અંગે ચિંતા વ્યક્ત કરી.

### 'તમારા પર ભારતની જવાબદારી છે...' : PM

# રોજગાર મેળામાં 51000 નિમણૂક પત્રો વહેંચતા PM મોદીનું નિવેદન

## યુવાનોને સંબોધિત કરતા PMએ જણાવ્યું હતું કે, આજનો દિવસ દેશભરના હજારો યુવાનો માટે અત્યંત મહત્વનો છે

**નવી દિલ્હી**

દેશમાં સરકારી નોકરીની રાહ જોઈ રહેલા લાખો યુવાનો માટે શનિવારનો દિવસ ખૂબ જ ખાસ સાબિત થયો છે. દિલ્હીમાં આયોજિત 19મા રોજગાર મેળામાં પીએમ મોદીએ વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી હાજરી આપી હતી. આ ખાસ પ્રસંગે પીએમ મોદીએ વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓમાં પસંદગી પામેલા 51,000થી વધુ યુવાનોને ડિજિટલ માધ્યમથી નિમણૂક પત્ર (એપોઈન્ટમેન્ટ લેટર) એનાયત કર્યા હતા. યુવાનોને સંબોધિત કરતા પીએમ મોદીએ જણાવ્યું હતું કે, આજનો દિવસ દેશભરના હજારો યુવાનો માટે અત્યંત મહત્ત્વનો છે, કારણ કે હવે



તેઓ દેશની વિકાસ યાત્રામાં જવાબદાર ભાગીદાર બનવા જઈ રહ્યા છે. રેલવે, બેન્કિંગ, સંરક્ષણ, આરોગ્ય અને શિક્ષણ સહિતના વિવિધ ક્ષેત્રોમાં આ યુવાનો નવી જવાબદારીઓ સંભાળશે અને વિકસિત ભારતના સંકલ્પને પૂર્ણ કરવામાં પોતાનું મહત્ત્વનું યોગદાન આપશે. આ સફળતા બદલ પીએમ મોદીએ તમામ પસંદગી પામેલા યુવાનો અને તેમના પરિવારોને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. પોતાના સંબોધન દરમિયાન પીએમ મોદીએ તાજેતરમાં જ કરેલા પાંચ દેશોના પ્રવાસનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ માત્ર પાંચ દેશોની મુલાકાત નહોતી, પરંતુ આ પ્રવાસ દરમિયાન તેમણે વિશ્વની ઘણી મોટી કંપનીઓના વડાઓ સાથે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી હતી. આ તમામ બેઠકોમાં એક વાત સમાન રીતે અનુભવવા મળી કે આજે આખી દુનિયા ભારતના યુવાનોની ક્ષમતા અને દેશની ટેક્નોલોજીકલ પ્રગતિને જોઈને અત્યંત ઉત્સાહિત છે.

# 'CJP'ને પડકારવા હવે 'ઓગી જનતા પાર્ટી' મેદાને

## OJP મેદાનમાં આવતાની સાથે જ તેણે સીજેપીના ફાઉન્ડર અભિજીત દીપકે પર આકરા પ્રહારો શરૂ કરી દીધા

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટના સીજેઆઈ સૂર્યકાંત દ્વારા યુવાઓ પર કરવામાં આવેલી એક ટિપ્પણી બાદ સોશિયલ મીડિયા પર શરૂ થયેલો વિવાદ હવે એક નવા જ સ્તરે પહોંચી ગયો છે. ઈન્ટરનેટ પર ધૂમ મચાવી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ને ટક્કર આપવા માટે હવે તેની વિરોધી પાર્ટી 'ઓગી જનતા પાર્ટી' (OJP)નો જન્મ થયો છે. જાણીતી કાર્ટૂન સિરીઝ 'ઓગી એન્ડ ધ કોકરોચેઝ' પરથી પ્રેરણા લઈને બનેલી આ ઓજેપીએ હવે સોશિયલ મીડિયા પર સીજેપી સામે મોરચો ખોલી દીધો છે. ઉલ્લેખનીય છે કે, 'કોકરોચ જનતા પાર્ટી'એ છેલ્લા ત્રણ દિવસમાં ઈન્સ્ટાગ્રામ પર ભાજપ અને કોંગ્રેસ જેવા પક્ષોને પણ પાછળ છોડીને ભારે લોકપ્રિયતા મેળવી છે, જોકે ભારતમાં તેનું X હેન્ડલ બંધ કરી દેવામાં આવ્યું છે. ઓગી જનતા પાર્ટી (OJP) મેદાનમાં આવતાની સાથે જ તેણે સીજેપીના ફાઉન્ડર અભિજીત દીપકે પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે. ઓજેપીએ સવાલ ઉઠાવ્યો છે કે સીજેપીના ફાઉન્ડરનો આમ આદમી પાર્ટી (AAP) સાથે શું સંબંધ છે? ઓજેપીએ પુરાવા તરીકે વર્ષ 2024ની એક પોસ્ટ શેર કરી છે, જેમાં અભિજીત દીપકે બોસ્ટન જતા પહેલા મનીષ સિસોદિયાનો આભાર માન્યો હતો. તે પોસ્ટમાં દીપકેએ લખ્યું હતું કે, 'હું તમારી સાથે કામ કરવાની તક મળવા બદલ આભારી છું. હવે હું તમારા માર્ગદર્શન હેઠળ બોસ્ટન જઈ રહ્યો છું. અંતર વધવાથી આપ પ્રત્યેની મારી પ્રતિબદ્ધતા ક્યારેય ઓછી નહીં થાય.' આ પોસ્ટને આગળ ધરીને ઓજેપી હવે સીજેપીને ઘેરી રહી છે. ઓજેપીની સત્તાવાર વેબસાઈટ અનુસાર, આ પ્રતિકાત્મક પાર્ટીનો મુખ્ય ઉદ્દેશ્ય તમામ પ્રકારના કોકરોચનો નાશ કરવાનો છે. પાર્ટીએ સ્પષ્ટ નારો આપ્યો છે કે, 'કોઈપણ રોચ (કોકરોચ), ગમે તે સાઈઝનો કે ગમે તે પ્રજાતિનો હોય, તેને ખતમ કરવામાં આવશે.'

## તંત્રી લેખ...

### કર્મનો અફર સિદ્ધાંત: કોઈના દિલ પર પગ મૂકીને સુખના મહેલ ચણનારાઓ ચેતી જજો, અહીં હિસાબ રોકડો જ થાય છે!

આજની આ ભાગદોડ અને સ્વાર્થથી ભરેલી દુનિયામાં માણસ ગમે તે ભોગે સુખ મેળવવા આંધળી દોડ દોડી રહ્યો છે. કૂદકો મારીને આગળ નીકળી જવાની લાયમાં માણસ એટલો આંધળો બની ગયો છે કે તે બીજાના હકો, લાગણીઓ અને ખુશીઓને કચડતાં સહેજ પણ ખચકાતો નથી. પરંતુ, બ્રહ્માંડનો એક શાશ્વત અને અફર કાયદો છે, જેને આપણે 'કર્મનો સિદ્ધાંત' કહીએ છીએ. આ સિદ્ધાંતની સોનેરી વ્યાખ્યા એટલે: 'કોઈને દુ:ખી કરીને સુખની અપેક્ષા રાખશો નહિ અને, જો કોઈને સુખી કર્યા હોય તો પછી દુ:ખની ચિંતા કરશો નહીં..!!'

આ પંક્તિ માત્ર વોટ્સએપ પર સ્ટેટસ રાખવા માટે નથી, પરંતુ જીવનની સૌથી મોટી કડવી વાસ્તવિકતા છે. આજે સમાજમાં એવા અનેક દાખલા જોવા મળે છે જ્યાં લોકો પોતાના સ્વાર્થ, પૈસા કે પદ પ્રતિષ્ઠા માટે અન્ય નિર્દોષ લોકોને માનસિક કે આર્થિક રીતે પાયમાલ કરી દે છે. કપટ અને છળ પ્રપંચ કરીને કમાયેલા રૂપિયા કે મેળવેલી સત્તાથી કદાચ ભૌતિક સાધનો વસાવી શકાશે, પણ મનની શાંતિ અને સાચું સુખ ક્યારેય ખરીદી શકાતું નથી. યાદ રાખો કે, કોઈની આંખમાંથી નીકળેલું આંસુ અને દિલમાંથી



નીકળેલી આહ (બદદુઆ) ક્યારેય ખાલી જતી નથી. કુદરતની લાકડીમાં અવાજ નથી હોતો, પણ જ્યારે તેનો ફટકો પડે છે ત્યારે કોઈ બચાવી શકતું નથી.

બીજી તરફ, આ સિક્કાની એક ઉજળી બાજુ પણ છે. જે માણસ પોતાના સ્વાર્થને બાજુ પર મૂકીને કોઈ નિરાધાર, ગરીબ કે દુ:ખી વ્યક્તિના ચહેરા પર સ્મિત લાવી શકે છે, તેનાથી મોટું કોઈ પુણ્ય નથી. જો તમે કોઈ રડતા માણસને હસાવ્યો છે, કોઈ ભૂખ્યાને અન્ન આપ્યું છે કે કોઈ મુશ્કેલીમાં મુકાયેલા માણસનો હાથ પકડ્યો છે, તો સમજી લેજો કે તમે ઈશ્વરના ઘરનું બેંક બેલેન્સ વધારી દીધું છે. આવા પરોપકારી માણસોના જીવનમાં જો ક્યારેક કપરો સમય કે દુ:ખ આવે, તો પણ તેમણે ચિંતા કરવાની કોઈ જરૂર નથી. કારણ કે, તમે વહેંચેલું સુખ વ્યાજ સાથે કોઈ ને કોઈ સ્વરૂપે તમારી રક્ષા કરવા પાછું ફરે જ છે.

આ લેખ વાંચ્યા પછી આજે જ આપણી જાતને એક સવાલ પૂછવાની જરૂર છે: આપણે રોજ સવારે ઉઠીને સમાજને શું આપીએ છીએ? સુખ કે દુ:ખ? ચાલો, આજથી જ એક સંકલ્પ કરીએ કે આપણા થકી કોઈનું દિલ ન દુભાય. કોઈને સુખ ન આપી શકીએ તો કાંઈ નહીં, પણ કોઈના દુ:ખનું કારણ તો ક્યારેય ન બનીએ. કારણ કે કુદરતનો ન્યાય ખૂબ તોલ માપીને થાય છે - જેવું વાવશો, તેવું જ લણશો!

- ગ્રુપ એડિટર પવન માકન

## દાનનો મહિમા: દેખાડાની દુનિયામાં 'ગુપ્ત દાન' અને સાચી માનવતાની દીર્ઘદ્રષ્ટિ

**આપણા સનાતન શાસ્ત્રો અને સંસ્કૃતિમાં દાન કરવાનો અપરંપાર મહિમા વર્ણવવામાં આવ્યો છે. વર્ષમાં અમુક મહિનાઓ એવાં આવે છે કે જેમાં દાન-પુણ્ય કરવાથી મનુષ્યનું જીવન સુખમય રીતે પસાર થાય છે.**



- યોગેશભાઈ આર. જોશી

આપણા સનાતન શાસ્ત્રો અને સંસ્કૃતિમાં દાન કરવાનો અપરંપાર મહિમા વર્ણવવામાં આવ્યો છે. વર્ષમાં અમુક મહિનાઓ એવાં આવે છે કે જેમાં દાન-પુણ્ય કરવાથી મનુષ્યનું જીવન સુખમય રીતે પસાર થાય છે. ભારતીય સંસ્કૃતિમાં કારતક, ચૈત્ર, શ્રાવણ તથા ભાદરવો એ દાન કરવાના ચાર મુખ્ય મહિનાઓ ગણાય છે. જો કે, શાસ્ત્રોમાં અમુક પવિત્ર માસમાં સ્નાનનો પણ મહિમા બતાવાયો છે, પરંતુ દાનનો મહિમા સ્નાન કરતાં પણ અનેક ગણો અધિક અને સર્વોપરી છે. ખાસ કરીને મકરસંક્રાંતિના પવિત્ર દિવસે તલનું દાન કરવાનો વિશેષ મહિમા છે; લોકો તલસાંકળી વહેંચે છે અને અબોલ ગાયો માટે ઘૂઘરી બનાવે છે. શાસ્ત્રોક્ત માન્યતા અનુસાર મકરસંક્રાંતિના દિવસે કરાયેલું દાન-પુણ્ય આખું વર્ષ સુખ-શાંતિ આપે છે અને આર્થિક સમૃદ્ધિ વધારે છે.

વડવાઓની દીર્ઘદ્રષ્ટિ અને ગરિમાની રક્ષા સમાજમાં દરેક વ્યક્તિની આવક અને આર્થિક સ્થિતિ એકસરખી હોતી નથી. ઘણાં પરિવારો આર્થિક રીતે અત્યંત નબળા હોય છે, પરંતુ આત્મગૌરવ અને શરમના કારણે તેઓ કોઈની સામે હાથ ફેલાવી શકતા નથી. આવા જરૂરતમંદ લોકોને પણ વાર-તહેવારે સારું જમવાનું અને આર્થિક મદદ મળી રહે, તે હેતુથી જ આપણા વડવાઓએ દીર્ઘદ્રષ્ટિ વાપરીને આ દાન પ્રથાને ધાર્મિક બાબતો સાથે જોડી દીધી હશે. સામાન્ય રીતે કોઈની પાસે હાથ લંબાવતા સંકોચ થાય અથવા અપમાનિત થવાનો ડર રહે છે, પરંતુ ધર્મના નામે અપાતા દાનથી લેનાર અને આપનાર બંનેની ગરિમા જળવાઈ રહે છે. દાન મેળવનારને કોઈ પ્રકારનો છોછ કે સંકોચ થતો નથી. રામાયણ અને મહાભારતના યુગથી રાજા-મહારાજાઓ, બાદશાહો અને અમીરો પોતાના પ્રધાનો, મુનિમો અને જરૂરતમંદોને શુભ પ્રસંગોએ ઉદાર હાથે દાન આપતા આવ્યા છે.

સ્વાર્થ અને દેખાડાનું દાન સાચું નથી આજના સમયમાં ઘણા લોકો દાન કરે છે, પણ ક્યાંક ને ક્યાંક તેમાં સ્વાર્થ, નામના કે મોટાઈ દેખાડવાનો અહંકાર છૂપાયેલો હોય છે. કોઈ પોતાની મિલકતનો રૂઆબ જમાવવા, કોઈ પિતૃઓની સદ્દગતિના નામે, તો કોઈ રાજકીય સ્વાર્થ સાધવા દાનનો દેખાડો કરે છે. હકીકતમાં, દાનની ગરિમા હંમેશા ગુપ્ત રહેવી જોઈએ. કહેવત છે ને કે, 'એક હાથે દાન આપો તો બીજા હાથને પણ ખબર ન પડવી જોઈએ.' શ્રાવણ માસમાં પુણ્ય કમાવવા માટે કે ભાદરવા (પિતૃપક્ષ) માં વડીલોની આત્માની શાંતિ અર્થે ચાંદોદ (ચાણોદ), સિદ્ધપુર કે ગયાજીમાં જઈને શ્રાદ્ધવિધિ અને તર્પણ પાછળ અપાતી દક્ષિણામાં પણ ક્યાંક આપણો પરોક્ષ સ્વાર્થ જોડાયેલો હોય છે. કેટલાક ધનવાનો અનાથાશ્રમોમાં મોટી સખાવતો માત્ર પોતાની સામાજિક આબરૂ બચાવવાના હેતુથી કરતા હોય છે, જે સાચું દાન નથી. મહાપુરુષોનું અનન્ય અને નિયમિત દાન આપણે તો ઈચ્છા થાય ત્યારે જ દાન કરીએ છીએ, પણ ઈતિહાસમાં એવા મહાન દાનવીરો થઈ ગયા જેમનો દાન કરવાનો દૈનિક નિયમ હતો. દાનેશ્વરી કર્ણ રોજ સોનાનું, શેઠ સગાળશા અન્નનું, ધર્મરાજ યુધિષ્ઠિર અલંકારોનું અને રાજા હરિશ્ચંદ્ર રોજ વસ્ત્રોનું દાન કરતા હતા. જો ક્યારેય આંગણે યાચક ન આવે તો તેઓ ઉપવાસ કરીને પ્રાયશ્ચિત કરતા. બીજી તરફ, વીર ભામાશા અને શેઠ જગડૂશાએ દેશ અને સ્વામી કાજે પોતાની તમામ માલ-મિલકત અર્પણ કરી દીધી હતી. ફૂલ નહીં તો ફૂલની પાંખડી હકીકતમાં નિ:સ્વાર્થ ભાવે, કોઈની આંતરડી ઠારવા માટે આપેલું ગુપ્ત દાન જ સાચું દાન છે. જેઓ દાનધર્મમાં બિલકુલ માનતા નથી અને મંદિરમાં પણ પાઈ-પૈસો મૂકતા નથી, તેમણે સમજવું જોઈએ કે મંદિરના અન્નક્ષેત્રો, આરતી, પ્રસાદ અને પૂજા સામગ્રીનો ખર્ચ શ્રદ્ધાળુઓ દ્વારા દાનપેટીમાં અપાતી નાની-મોટી રકમમાંથી જ નીકળે છે. તેથી, ખોટો આડંબર કે દેખાડો કર્યા વિના, પોતાની શક્તિ અને પરિસ્થિતિ પ્રમાણે દરેક મનુષ્યે 'ફૂલ નહીં તો ફૂલની પાંખડી' સમજીને સમાજહિતમાં થોડું-ઘણું દાન જરૂર કરવું જોઈએ.

## વિદેશી વિદ્વાનોએ ભારતને એની જ્ઞાનસમૃદ્ધિની સૌથી પહેલી ઓળખ કરાવી !

**ન્યાયશાસ્ત્રી સર્વનાં કર્મધર્મનો ન્યાય એક ત્રાજવે તોળતો. પણ એ તો આ કળિકાળની કુટિલતા માત્ર જ હતી ! તેથી જ તો આ કળિકાળમાં ધર્મરક્ષાનું પુણ્ય અનેકગણું કહ્યું છે.**

'શિવ, શિવ, શિવ ! અમારા કર્ણ એ શબ્દોથી અપવિત્ર ન હો ! અમારી જિહ્વાથી ત્રણ કાળને વિશે એનો ઉચ્ચાર ન હો ! આ કળિકાળને વિશે દેવધર્મ એવા આર્યધર્મનું ઉચ્છેદક કૃત્ય અમારા રોમેરોમથી તિરસ્કૃત હો !' ઘટના એવી બની હતી કે પવિત્ર ગંગા ઘાટ પર સ્નાન કરતો, કાળીના ઘાટ પર દેવીને બલિ આપતો, પવિત્ર દર્ભાસન પર વિષ્ણુસહસ્ત્રનામાવલિ રટતો, વટવૃક્ષની છાયામાં શિષ્યમંડળ વચ્ચે આર્ષવાણી અવતારતો પ્રત્યેક શાસ્ત્રી, પંડિત, પુરોહિત, બ્રાહ્મણ, વેદપાઠી નૂતન વર્તમાન સાંભળી પ્રલયને વિષે મેરુ કંપે એમ કંપી ઊઠયો. એને એણે વધુ દીનતાપૂર્વક દેવોનું શરણ યાચ્યું. વર્તમાન વિચિત્ર હતા. અરે, એક અનાર્ય કુળને વિષે ઉત્પન્ન થયેલો, વિલિયમ જોન્સ નામનો આંગ્લદેશવાસી પવિત્ર ગિર્વાણ ગીરા સંસ્કૃતના અધ્યયનથી મન-ચિત્તને વિશે લાલસા સેવે ? તદ્દન અધર્મ ! જરા પણ ચલાવી લેવાય તેવું નહીં. ગોરો અધિકારી થયો તેથી શું થયું ? એ વડો ન્યાયશાસ્ત્રી બન્યો તેથી શું થયું ? ગમે તેવો ચક્રવર્તી હોય પણ યવન તો ખરો ને ! ભલે એ અંગ્રેજી, ગ્રીક, તુર્કી, ઈટાલિયન, પર્શયન, હિબ્રૂ, અરેબિક અને ચીની ભાષા જાણતો હોય તેથી શું ? આ યવનને સંસ્કૃત ભાષા કેમ અપાય ? ભલે એ આંગ્લદેશનો ઉત્કૃષ્ટ 'સર'નો ખિતાબ ધરાવતો હોય, તેથી શું ? દેવ ભાષાનાં શાસ્ત્ર, સિદ્ધાંત ને ધર્મતત્ત્વના પવિત્ર શબ્દો એને શ્રવણગોચર પણ કેમ કરાય ? કાર્ય-કારણ ભાવ એવા હતા કે, સાત સમુદ્ર પાર કરીને આર્યભૂમિને વિશે આવેલો, યવન કુલોત્પન્ન આંગલદેશસ્થ 'સર વિલિયમ જોન્સ' ઈતિ ખ્યાતનામા એક યુરોપિયન આર્યોના સંસ્કાર, આર્યોની સંસ્કૃતિ અને આર્યોના સાહિત્યને પિછાણવા માટે દેવભાષા સંસ્કૃત ભણવાને વિશે ઉત્સુક થયો હતો. શાંતમ પાપમ્ ! આવી ઈચ્છા થવી એ પણ હળાહળ કળિયુગની નિશાની જ છે ને ! નહીં તો આવો ભ્રષ્ટ વિચાર સરખો પણ ક્યાંથી આવે? કલકત્તા નગરીના ન્યાયાલયનો એ સર્વશ્રેષ્ઠ ન્યાયશાસ્ત્રી હતો. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર ચારે વર્ણને ન્યાયની સીમામાં એ એક આરે પાણી પાતો. આ ન્યાયશાસ્ત્રી સર્વનાં કર્મધર્મનો ન્યાય એક ત્રાજવે તોળતો. પણ એ તો આ કળિકાળની કુટિલતા માત્ર જ હતી ! તેથી જ તો આ કળિકાળમાં ધર્મરક્ષાનું પુણ્ય અનેકગણું કહ્યું છે. આ યવન-કુળમાં જન્મેલો કલકત્તાની શેરીએ શેરીએ, મહોલ્લે મહોલ્લે ફર્યો, પણ સંસ્કૃતભાષાનું એક પદ પણ શીખવવાને કોઈ તત્પર ન થયું. પણ યવને મોહિનીરૂપ ધારણ કર્યું ! દેવભાષાના વારસદારોને અનેક પ્રકારે લોભાવવા માંડયા. સુવર્ણમુદ્રા ને રૌપ્યમુદ્રાનો રણકાર કરવા માંડયો. શિવ, શિવ, શાસ્ત્રમાં કહ્યું છે કે, 'હિરણ્યમયેન પાત્રેણ સત્ય સ્યાપિહિતં મુખમ્' સુવર્ણના પાત્ર વડે સત્યનું મોં ઢંકાયેલું છે. કલકત્તાના બે બ્રાહ્મણો આ યવનકુલોત્પન્નના મહાલયમાં પધાર્યા ને ગુરુદક્ષિણાનો નિર્ણય માગ્યો. 'પગાર ? માસિક સો; ઉપરાંત એક પાલખી આવવા જવા માટ' ગોરાએ ખુશ થઈને કહ્યું. 'પગાર ?' ગુરુદેવોને પહેલે પગલે વાંકું પડયું. 'અહા, કરાલ કળિકાળની ગહન ગતિ છે ને ! ગુરુબ્રહ્મા ગુરુર્વિષ્ણુને પગારનો પ્રશ્ન ? મહાશયજી, એને ગુરુદક્ષિણા કહો !' 'માફ કરો ! મારાથી એમ બોલાઈ ગયું. આપ એને ગુરુદક્ષિણા કહો છો, તો તે શબ્દ મને મંજૂર છે ! ગુરુદક્ષિણા ! કહો, હવે આપને સ્વીકાર્ય છે ને !' ગોરા ન્યાયશાસ્ત્રીની સંસ્કૃત ભણવાની તમન્ના અપૂર્વ હતી. 'સ્વીકાર્ય છે, મહાશયજી, શુભ તિથિનક્ષત્રે પ્રારંભયોગ કરીશું. આર્યધર્મીઓને તો વિદ્યા માટે પણ શુભ મુહૂર્ત જરૂરી છે.' પણ એ શુભ તિથિ-નક્ષત્ર ન આવ્યાં. કલકત્તાના વેદધર્મરક્ષક બ્રાહ્મણોએ આ અધર્મ કાર્યનો જબરદસ્ત વિરોધ કર્યો. એમને જ્ઞાતિબહિષ્કારની ધમકી આપીને પાછા વાળ્યા. આંગ્લદેશોત્પન્ન સર વિલિયમ જોન્સ નિરાશામાં માનનારા નર નહોતા. જ્ઞાનના એ પરમ પૂજારી હતા. જ્ઞાન માટે હજારો યોજનના પ્રવાસો ખેડનાર દેશના એ સંતાન હતા. ભાષાઓ શીખવાની ધગશ હતી. જ્ઞાનનો પ્રસાર કરવાની પ્રબળ તમન્ના હતી, જુદી જુદી ભાષામાં ગદ્ય-પદ્યમાં સર્જનો કર્યા હતા. એ સમયે સહુને આશ્ચર્ય એ વાતનું હતું કે એ વિદ્યા પાછળ આ ગોરો પાગલ કેમ થયો ? આર્ય પુત્રો એને તરછોડતા હતા, છતાં આને આવું ઘેલું શું લાગ્યું ? પણ ખરેખર ગોરો ઘેલો બન્યો હતો. 'જાબાલી'ના જેટલી જ જ્ઞાનતૃષા એના દિલમાં જાગી હતી. એકલવ્યના જેટલી જ તમન્ના તેનામાં ભરી હતી. કર્ણના જેટલી જ કષ્ટ સહન કરવાની તૈયારી એનામાં હતી.

## ઉનાળામાં ડિહાઈડ્રેશનથી મસલ્સ પેઇનની સમસ્યા

ઉનાળાની ગરમીને કારણે ડિહાઈડ્રેશન સાથે શરીરના સ્નાયુઓ પણ પ્રભાવિત થાય છે. આને કારણે શરીરમાં દુખાવો થાય છે. ઘણીવાર લોકો તેને સામાન્ય દુખાવો સમજીને અવગણે છે, જ્યારે આ ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનનો સંકેત હોઈ શકે છે. ઉનાળામાં વધુ પડતો પરસેવો થાય છે, જેનાથી શરીરમાં પાણી અને જરૂરી ખનિજોની ઉણપ થાય છે. આને કારણે સ્નાયુઓમાં ખેંચાણ, દુખાવો અને ક્રેમ્પ્સની સમસ્યા વધી જાય છે. જો સમયસર તેની સારવાર ન કરવામાં આવે તો સમસ્યા વધુ ગંભીર બની શકે છે. ઉનાળામાં આથી સ્નાયુઓમાં દુખાવો અને ખેંચાણ વધે છે- વધુ પડતા પરસેવાથી ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન થાય છે. સોડિયમ અને પોટેશિયમની ઉણપને કારણે સ્નાયુઓ યોગ્ય રીતે કામ કરી શકતા નથી. ડિહાઈડ્રેશન સ્નાયુઓને સખત અને સંવેદનશીલ બનાવે છે. વધુ પડતી ગરમીથી રક્ત પ્રવાહ પણ પ્રભાવિત થાય છે. આવી સ્થિતિમાં, વધુ શારીરિક પ્રવૃત્તિ અને ઓછું પાણી પીવાથી ખેંચાણ વધી જાય છે. વધુ પડતી અથવા અચાનક ભારે કસરત કરવાથી સ્નાયુઓ પર તાણ વધે છે. ડિહાઈડ્રેશનને કારણે સ્નાયુઓમાં પોષણની ઉણપ થાય છે, જેનાથી ખેંચાણ થઈ શકે છે. ઈલેક્ટ્રોલાઈટ અસંતુલનને કારણે સ્નાયુઓની રિકવરી થઈ શકતી નથી તો દુખાવો વધે છે. લાંબા સમય સુધી એક જ સ્થિતિમાં રહેવાથી રક્ત પ્રવાહ અટકી શકે છે. જેનાથી જકડાઈ જવાની સમસ્યા થઈ શકે છે. શરીરના સ્નાયુઓના દરેક કોષના કાર્ય માટે જરૂરી છે. શરીરમાં પાણીની ઉણપ થવા પર આ અસરો થાય છે- શરીરમાં પાણીની કમી થવા પર શરીરના સ્નાયુઓના કોષો બરાબર કામ કરી શકતા નથી. પાણી ઓછું થવાથી ઈલેક્ટ્રોલાઈટ્સનું સંતુલન બગડે છે, જેનાથી સ્નાયુઓની લવચીકતા ઓછી થઈ જાય છે. સ્નાયુઓ કડક થવાથી ખેંચાણ (ક્રેમ્પ્સ) અને દુખાવો થઈ શકે છે. પાણીની કમીથી લોહી ઘટ્ટ થઈ જાય છે. જેનાથી લોહીનો પ્રવાહ ઓછો થઈ જાય છે. આના કારણે ઓક્સિજન અને પોષક તત્વો સ્નાયુઓ સુધી પહોંચી શકતા નથી. પેશાબ દ્વારા બધા નકામા પદાર્થો બહાર નીકળી શકતા નથી, તેમના જમા થવાથી દુખાવો અને થાક વધે છે. સ્નાયુઓની રિકવરી ધીમી થઈ જાય છે. આવી સ્થિતિમાં ખેંચાણ (ક્રેમ્પ્સ) કે બ્રેકડાઉન થવા પર આ સમસ્યા લાંબા સમય સુધી રહે છે. ડિહાઈડ્રેટેડ શરીરમાં કસરત કરવાથી મસલ્સ પર વધુ તાણ આવે છે. વ્યાયામ દરમિયાન પરસેવો વધી જાય છે. આના કારણે ઈલેક્ટ્રોલાઈટ્સ વધુ ઘટી જાય છે. આનાથી સ્નાયુઓના સંકોચન અને રિલેક્સેશનની પ્રક્રિયા પ્રભાવિત થાય છે. એકંદરે, ડિહાઈડ્રેશનને કારણે બનેલી પરિસ્થિતિઓ વધુ ખરાબ થઈ જાય છે. રોજિંદી કેટલીક ટેવો સ્નાયુઓમાં દુખાવો વધારી શકે છે- ઓછું પાણી પીવું. પાણી પીવા માટે તરસની રાહ જોવી. વોર્મ-અપ કર્યા વિના સીધું વર્કઆઉટ શરૂ કરવું. જરૂર કરતાં વધારે અથવા અચાનક હેવી એક્સરસાઈઝ કરવી. તડકામાં કે ગરમ વાતાવરણમાં લાંબા સમય સુધી રહેવું. લાંબા સમય સુધી એક જ પોઝિશનમાં બેસી રહેવું કે ઊભા રહેવું. સંતુલિત આહાર ન લેવો, ખાસ કરીને પ્રોટીન અને મિનરલ્સની ઉણપ. પૂરતી ઊંઘ ન લેવી. કેફીન કે જંક ફૂડ વધારે ખાવું. શરીરના સંકેતોને અવગણવા. તેના માટે આ ફેરફારો કરો- ડિહાઈડ્રેશનથી બચો. ખૂબ ગરમ સમયે વર્કઆઉટ ન કરો. તેના માટે સવાર કે સાંજનો સમય પસંદ કરો. કસરત પહેલાં વોર્મ-અપ અને પછી કૂલ-ડાઉન કરો. રોજ હળવી સ્ટ્રેચિંગ કરો. સ્નાયુઓ લવચીક રહે છે. લાંબા સમય સુધી એક જ પોઝિશનમાં ન રહો. ઢીલા અને હળવા કપડાં પહેરો. શરીર ઠંડું રહે છે. પૂરતી ઊંઘ લો. તેનાથી સ્નાયુઓની રિકવરી સારી થાય છે. વધુ પડતા તડકા કે ગરમીના સંપર્કથી બચો. દુખાવો કે થાક લાગે ત્યારે શરીરને આરામ આપો.

# ઈબોલા વકર્યો, દુનિયા ઉપર વધુ એક મહામારીનું જોખમ, આફ્રિકામાં ઈમર્જન્સી જાહેર કરાઈ

**આ બુંડીબુગ્યો ઈબોલે દુર્લભ કહી શકાય તેવો વાઈરસ છે. તેના માટે હાલમાં કોઈ સારવાર કે રસી વિકસાવામાં આવેલી નથી. કોંગો અને યુગાંડામાં અત્યાર સુધીમાં 20થી વધુ વખત ઈબોલા વાઈરસ ફેલાયો છે પણ ત્રીજી વખત બુંડીબુગ્યો સ્ટ્રેન જોવા મળ્યો છે. આ વખતે આ સ્ટ્રેન જીવલેણ બની રહ્યો છે : ચિંતાજનક વાત એ છે કે, આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ જ સારવાર નથી, કોઈ રસી નથી કે તેના માટે ચોક્કસ ટેસ્ટ પણ કરી શકાય તેમ નથી. સંક્રમિત થતી વ્યક્તિને લોહીની ઉલટીઓ થાય છે, ખૂબ જ પરસેવો થાય છે, લાળ પડે છે અને શરીરમાંથી અન્ય જગ્યાએથી પણ પ્રવાહી નીકળવા લાગે છે**

આફ્રિકાના દેશોમાં ઈબોલા વાઈરસ અત્યંત જોખમી રીતે ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં તે જીવલેણ રીતે વકર્યો છે. તાજેતરમાં આવેલા અહેવાલ પ્રમાણે અહીંયા ઈબોલાના કારણે ૧૩૧ લોકોનાં મોત થયા છે અને ૫૦૦ જેટલા શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. મંગળવારે આવેલા આંકડા બાદ સમગ્ર દેશમાં ઈમર્જન્સી જાહેર કરી દેવામાં આવી હતી. પૂર્વ કોંગોમાં પણ ઈબોલાના ઘણા કેસ સામે આવ્યા બાદ યુગાંડામાં પણ એલર્ટ આપવામાં આવ્યું છે. યુગાંડામાં હાથ મેળવવા સામે અને ભેટવા સામે પ્રતિબંધ મુકી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, આફ્રિકી દેશોમાં ઈબોલાના ફેલાવા બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેને મહામારી જાહેર કરી દેવાઈ છે. તેના માટે વૈશ્વિક ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. વાઈરસના બુંડીબુગ્યો સ્ટ્રેનના કારણે ઈબોલા વ્યાપક રીતે ફેલાયો છે. શુક્રવારે તેના કેટલાક કેસ સામે આવ્યા અને મંગળવાર સુધીમાં કોંગોમાં ૧૩૧નાં મોત થઈ ગયા અને ૫૦૦થી વધુ લોકોની સ્થિતિ શંકાસ્પદ નોંધાઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમુખ ટેડ્રોસે જણાવ્યું કે, ઈબોલા ફેલાવાની સ્થિતિને સરળતાથી લઈ શકાય તેમ નથી. યુગાંડામાં પણ બે શંકાસ્પદ કેસ આવ્યા છે. આ બુંડીબુગ્યો ઈબોલે દુર્લભ કહી શકાય તેવો વાઈરસ છે. તેના માટે હાલમાં કોઈ સારવાર કે રસી વિકસાવામાં આવેલી નથી. કોંગો અને યુગાંડામાં અત્યાર સુધીમાં ૨૦થી વધુ વખત ઈબોલા વાઈરસ ફેલાયો છે પણ ત્રીજી વખત બુંડીબુગ્યો સ્ટ્રેન જોવા મળ્યો છે. આ વખતે આ સ્ટ્રેન જીવલેણ બની રહ્યો છે. હાલમાં બુનિયા, ઉત્તરી કિવુની રાજધાની ગોમા, મોંગબવાલુ, બુટેમ્બો અને ન્યાકુંડેમાં મોટાપાયે કેસ આવેલા છે. ઉલ્લેખનીય છે કે, કોરોના બાદ આફ્રિકી દેશોમાં ઈબોલાના નવા સ્ટ્રેનની ઘાતક એન્ટ્રીએ ફરી એક વખત ગ્લોબલ ઈમર્જન્સીની સ્થિતિ ઊભી કરી છે. સતત વધી રહેલા કેસ અને ચિંતાજનક સ્થિતિના કારણે વિશ્વ આરોગ્ય સંસ્થાએ દુનિયાના તમામ દેશોને તકેદારી રાખવાનું સુચન કર્યું છે. તાજેતરમાં જિનિવા ખાતે મળેલી બેઠકમાં કોવિડ બાદ ફરી એક વખત અન્ય કોઈ વાઈરસજન્ય બિમારી માટે મહામારીની ગ્લોબલ ઈમર્જન્સી જાહેર કરી છે. અધિકારીઓ જણાવે છે કે, બુંડીબુગ્યો વાઈસ સ્ટ્રેનના કારણે મોતની સંખ્યામાં વધારો થયો છે. તે ઉપરાંત તેનો ચેપ પણ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને કોંગોમાં જ્યાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ છે ત્યાં તપાસ અને સારવાર મુશ્કેલ બની રહ્યા છે. તેના પગલે ત્યાંથી વાઈરસ અન્ય આફ્રિકી દેશો સુધી ફેલાઈ શકે છે. આફ્રિકાના અન્ય દેશોમાંથી દુનિયાના બીજા દેશઓમાં પણ આ વાઈરસ ફેલાઈ શકે છે. બુંડીબુગ્યો વાઈસ ઈબોલાના મુખ્ય ત્રણ સ્ટ્રેનમાંથી એક છે. તેને ખૂબ જ દુર્લભ વેરિયન્ટ માનવામાં આવે છે. તે ઈબોલા વાઈસ ડિસિઝનું મુખ્ય કારણ છે. ચિંતાજનક વાત એ છે કે, આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ જ સારવાર નથી, કોઈ રસી નથી કે તેના માટે ચોક્કસ ટેસ્ટ પણ કરી શકાય તેમ નથી. ઈબોલાના જેયર સ્ટ્રેન માટે રસી અને સારવાર ઉપલબ્ધ છે પણ બુંડીબુગ્યો માટે કશું જ નથી. હાલમાં કોઈ પ્રભાવી કે સ્વીકૃત સારવાર મળી નથી. તેના કારણે જ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેને અસાધારણ વાઈરસ અને અસાધારણ સ્થિતિ ગણાવાઈ રહી છે. ઈબોલા ખૂબ જ સંક્રામક




અને જીવલેણ બિમારી છે. તેનાથી સંક્રમિત થતી વ્યક્તિને લોહીની ઉલટીઓ થાય છે, ખૂબ જ પરસેવો થાય છે, લાળ પડે છે અને શરીરમાંથી અન્ય જગ્યાએથી પણ પ્રવાહી નીકળવા લાગે છે. આ વાઈરસ એવો છે જે માણસોની સાથે સાથે પ્રાણીઓમાં પણ ફેલાય છે. ઈબોલાના બુંડીબુગ્યો વાઈરસની અસર થવા દરમિયાન શરૂઆતમાં માત્ર તાવ આવતો હોય છે. તેના કારણે તેની પ્રાથમિક અસર થકી તેને ઓળખવો પણ મુશ્કેલ બને છે. સંક્રમિત વ્યક્તિને આકરો તાવ આવે છે, માથામાં દુ:ખાવો ઉપડે છે, ગળામાં પીડા થાય છે, શરીર અને માંસપેશિયોમાં ખૂબ જ પીડા થાય છે, શરીરમાં અત્યંત નબળાઈ અનુભવાય છે અને સખત થાક લાગે છે. જેમ જેમ સંક્રમણ વધતું જાય છે તેમ તેમ આ સ્થિતિ વધારે ગંભીર થતી જાય છે. દર્દીઓને ઉલટી થાય છે, ઝાડા થાય છે, પેટમાં દુ:ખાવો ઉપડે છે, શરીર ઉપર લાલ ચકામા થાય છે, આંખો લાલ થાય છે અને શ્વાસ લેવામાં પણ સમસ્યા થાય છે. તેનાથી વધારે ગંભીર કિસ્સામાં શરીરની અંદર અને બહાર બ્લિડિંગ થવા લાગે છે. તેના કારણે જ આ સંક્રમણ જીવલેણ બની જાય છે. જાણકારોના મતે મોટાભાગે બે દિવસથી ૨૧ દિવસની વચ્ચે ઈબોલાના આ સંક્રમણના લક્ષણો જોવા મળે છે. હાલમાં પ્રારંભિક ધોરણે ડોક્ટરો દ્વારા ડિહાઈડ્રેશનથી બચવા માટે કામચલાઉ સારવાર આપવામાં આવે છે. તે ઉપરાંત ઓક્સિજન સપોર્ટ, બ્લડ પ્રેશર કાબુ કરવું અને સંક્રમણ કાબુમાં રહે તેના માટે કેટલીક સામાન્ય દવાઓ આપવામાં આવે છે. કેટલાક વધુ સંક્રમણના કિસ્સામાં એન્ટિવાઈરલ દવાઓ અને એક્સપિરિમેન્ટલ દવાઓનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. સ્થિતિ એવી છે કે, બુંડીબુગ્યો સ્ટ્રેનમાં હજી સુધી કોઈ સ્વીકૃત દવા, સારવાર કે વેક્સિન શોધાયા નથી. હાલમાં તો લોકોને માસ્ક પહેરવાનો, ગ્લવ્ઝ પહેરવાનો અને વારંવાર હાથ ધોવાનો અને સંક્રમિત દર્દીઓથી અંતર જાળવવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, ઈબોલાની આફ્રિકાની સ્થિતિએ સમગ્ર વિશ્વમાં ચિંતા પ્રસરાવી છે. અનેક દેશો દ્વારા આફ્રિકા જવા આવવા અંગે ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. તેમાં તકેદારી રાખવાના આદેશો આપી દેવાયા છે. ત્યાંથી જતા-આવતા દરેક લોકોનું સ્ક્રિનિંગ અને ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ ભારત મુદ્દે હાલમાં વિશ્વ આરોગ્ય સંસ્થાનું વલણ થોડું રાહતજનક છે. વિશ્વ આરોગ્ય સંસ્થા માને છે કે, ભારતમાં ઈબોલાનો આ સ્ટ્રેનન આવવાનું જોખમ ઓછું છે. તેમ છતાં આ સમસ્યાને અવગણી શકાય નહીં. આ વાઈરસ મોટાભાગે ખાડીવાળા રસ્તે ફેલાય છે. દરિયાઈ વાતાવરણ તેને સપોર્ટ કરતું હોવાથી ભારતના દક્ષિણના રાજ્યોને ચેતવણી આપવામાં આવી છે. તેમાંય કેરળ ઉપર ચાંપતી નજર રાખવામાં આવી છે. ભૂતકાળમાં ઘણા વાઈરસ કેરળ થકી જ ભારતમાં આવ્યા કે વકર્યા હતા. તેના કારણે કેરળ અને તમિલનાડુના કિનારા એલર્ટ ઉપર રાખવામાં આવ્યા છે. વાત એવી છે કે, કેરળ એવું સ્થળ છે જે વાઈરસનો ફેલાવો ભારતમાં કરવા માટે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે. કોરોનાથી શરૂ કરીને નિપાહ વાઈરસ જેવી જીવલેણ બીમારીઓ કેરળથી આવી મહત્ત્વની વાત એ છે કે, કોરોના અને તેની પહેલાં આવેલી ઘણી વાઈરસજન્ય બીમારીઓ કેરળ થકી જ ભારતમાં આવી હતી. તેનું મોટું કારણ એવું છે કે, કેરળની વસતીમાંથી મોટી સંખ્યામાં લોકો વિદેશમાં પ્રવાસ કરે છે, ત્યાં વસવાટ કરે છે. એક અંદાજ પ્રમાણે ૨૫ લાખ કેરળવાસીઓ ખાડી દેશોમાં કામ કરે છે. તે ઉપરાંત લાખો લોકો આફ્રિકા, યુરોપ, સાઉથ-ઈસ્ટ એશિયા અને અમેરિકામાં ફેલાયેલા છે. તેઓ સમયાંતરે ઘરે આવતા જતા હોય છે. તેના કારણે જ બીમારીઓ પણ સમયાંતરે કેરળમાં આવતી રહે છે. કોરોનાનો પહેલો કિસ્સો પણ કેરળના ત્રિશૂરમાં આવ્યો હતો. વુહાનથી આવેલી ૨૦ વર્ષની યુવતી કોરોના પોઝિટિવ હતી. બીજી બાબત એ છે કે, અહીંયા જંગલો ગાઢ છે અને તેમાં ચામાચિડિયાની વિવિધ જાત મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. તેના કારણે નિપાહ વાઈરસ પણ ખૂબ જ ભયાનક રીતે ફેલાયો હતો. ચામાચિડિયા દ્વારા માણસોમાં સંક્રમણ ફેલાવાય છે. તેનું એક પોઝિટિવ પાસું એવું છે કે, અહીંયા હેલ્થ સિસ્ટમ અને ચેકિંગ સિસ્ટમ ખૂબ જ સારી છે. તેથી વાઈરસ અહીંયા આવે તો તરત પકડાઈ પણ જાય છે અને તેનું સ્કેનિંગ અને સારવાર બધું જ સરળતાથી શરૂ થઈ જાય છે. બીજા રાજ્યોમાં આવી સિસ્ટમ નથી તેથી ત્યાં વાઈરસ ફેલાય તો પણ ઝડપથી ખબર પડે તેમ નથી. આ સિવાય એવા ઘણા વાઈરસ અને બીમારીઓ છે જે કેરળથી નથી આવ્યા. સ્વાઈનફ્લૂ હૈદરાબાદ થકી ભારતમાં આવ્યો હતો. ૧૩ મે ૨૦૦૯ના રોજ અમેરિકાથી આવેલી વ્યક્તિમાં તેનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ તે દેશના અન્ય રાજ્યોમાં પણ ફેલાયો હતો. સાર્સની વાત કરીએ તો ૨૦૦૩માં ભારત તેની એન્ટ્રી થઈ હતી પણ કોલકતામાં ગણતરીના કેસ સામે આવ્યા હતા. તે સમયે ચીન અને ભારત વચ્ચે વેપારી સંબંધ મજબૂત હતા તેથી લોકો જતા-આવતા હોવાથી આ સમસ્યા આવી હતી. આ સિવાય ચિકુનગુનિયા પણ ૧૯૬૩માં પહેલી વખત કોલકાતામાં જ જોવા મળ્યો હતો. ત્યારબાદ ૨૦૦૬માં કેરળમાં તેની ફરી હાજરી નોંધાઈ હતી. આ સિવાય ૧૯૯૪માં પ્લેગ ફેલાયો તે ગુજરાતના સુરતથી ફેલાયો હતો. તેમાં કેરળ સાથે કોઈ જોડાણ નહોતું પણ ગુજરાતમાં પ્લેગ દ્વારા મોતનું તાંડવ કરવામાં આવ્યું હતું. આફ્રિકાના દેશોમાં ઈબોલા વાઈરસ અત્યંત જોખમી રીતે ફેલાઈ રહ્યો છે. ખાસ કરીને ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં તે જીવલેણ રીતે વકર્યો છે. તાજેતરમાં આવેલા અહેવાલ પ્રમાણે અહીંયા ઈબોલાના કારણે ૧૩૧ લોકોનાં મોત થયા છે અને ૫૦૦ જેટલા શંકાસ્પદ કેસ સામે આવ્યા છે. મંગળવારે આવેલા આંકડા બાદ સમગ્ર દેશમાં ઈમર્જન્સી જાહેર કરી દેવામાં આવી હતી.

પૂર્વ કોંગોમાં પણ ઈબોલાના ઘણા કેસ સામે આવ્યા બાદ યુગાંડામાં પણ એલર્ટ આપવામાં આવ્યું છે. યુગાંડામાં હાથ મેળવવા સામે અને ભેટવા સામે પ્રતિબંધ મુકી દેવાયો છે. ઉલ્લેખનીય છે કે, આફ્રિકી દેશોમાં ઈબોલાના ફેલાવા બાદ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા તેને મહામારી જાહેર કરી દેવાઈ છે. તેના માટે વૈશ્વિક ઈમર્જન્સી જાહેર કરવામાં આવી છે. વાઈરસના બુંડીબુગ્યો સ્ટ્રેનના કારણે ઈબોલા વ્યાપક રીતે ફેલાયો છે. શુક્રવારે તેના કેટલાક કેસ સામે આવ્યા અને મંગળવાર સુધીમાં કોંગોમાં ૧૩૧નાં મોત થઈ ગયા અને ૫૦૦થી વધુ લોકોની સ્થિતિ શંકાસ્પદ નોંધાઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના પ્રમુખ ટેડ્રોસે જણાવ્યું કે, ઈબોલા ફેલાવાની સ્થિતિને સરળતાથી લઈ શકાય તેમ નથી. યુગાંડામાં પણ બે શંકાસ્પદ કેસ આવ્યા છે. આ બુંડીબુગ્યો ઈબોલે દુર્લભ કહી શકાય તેવો વાઈરસ છે

### ઓફિસે બોલાવી લોખંડની પાઇપથી હુમલો કર્યો

# કરજણના ભાજપ MLA અક્ષય પટેલના પુત્ર ઋષિ સામે ગુનો નોંધાયો : ટ્રક ડ્રાઇવરને ઊંધો લટકાવી અધમૂઓ કર્યો હતો

વડોદરા


વડોદરા જિલ્લાના કરજણના ભાજપના ધારાસભ્ય અક્ષય પટેલના પુત્ર ઋષિ પટેલ અને તેના સાગરીતોની દાદાગીરી સામે આવી છે. રેતીના ડમ્પરના આદિવાસી ડ્રાઈવરોને ઢોર માર મારવાના આ બનાવને પગલે સમગ્ર આદિવાસી સમાજમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો. સોશિયલ મીડિયા પર આ મુદ્દો ગરમાતા અને આંદોલનની ચીમકી અપાતા, છેક ગાંધીનગર સુધી આ મામલાની ગંભીર નોંધ લેવાઈ છે. આખરે ચાર દિવસના ભારે હોબાળા બાદ વલણ પોલીસે ધારાસભ્યના પુત્ર સહિત 5 હુમલાખોરો સામે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કરજણના નારેશ્વર, લીલોડ સહિતના વિસ્તારોમાં રેતીની લીઝ ચલાવતા ધારાસભ્યના પુત્ર ઋષિ પટેલ સામે ડમ્પર ડ્રાઈવર નટવર વસાવાએ ફરિયાદ નોંધાવી છે. તેણે જણાવ્યું કે, '15મી મેના રોજ હું અને ગીરીશ વસાવા બે ડમ્પરમાં જંબુસર રેતી ખાલી કરીને પરત આવ્યા ત્યારે અમને ઋષિ પટેલે તેમની બકાપુરની ઓફિસે બોલાવ્યા હતા. અમે બંને ત્યા ગયા ત્યારે બીજા પણ પાંચ-છ ડ્રાઈવર હાજર હતા. ઋષિએ મને ડમ્પરનો ફોટો બતાવી આ કોની ગાડી છે. તેમ પૂછતાં મેં આ ગાડીનો ડ્રાઈવર હું છું તેમ કહ્યું હતું. ત્યારબાદ ગીરીશભાઈએ પણ તેની ગાડીનો ફોટો ઓળખ્યો હતો.'

પીડિત નટવરભાઈએ જણાવ્યું કે 'મેં ફોટો ઓળખતાં જ ઋષિએ મારા મોંઢે લોખંડની પાઈપ ફટકારી હતી. ત્યારબાદ તેના સાગરીતો જયદત બાપુ, શાહિલ પટેલ, જાવેદ પઠાણ અને વિજય મને દોરડા વડે ઊંધો લટકાવી પ્લાસ્ટિકની પાઈપ વડે માર માર્યો હતો. તેણે મારી જાતિનું અપમાન થાય તેવા ઉચ્ચારણ પણ કર્યા હતા. હું બેભાન જેવો થઈ જતાં મને નીચે ફેંકી દીધો હતો અને હુમલાખોરો ચાલ્યા ગયા હતા. આવી જ રીતે હુમલાખોરોએ ગીરીશને પણ માર મારતાં અમે બંનેએ સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હતી.' ઈજાગ્રસ્ત ડ્રાઈવર નટવર વસાવાએ જણાવ્યું કે, 'મને ઢોર માર મારતાં હું બેભાન જેવો થઈ ગયો હતો.ત્યારબાદ ઋષિ ની ઓફિસમાં કામ કરતા ધવલ માછી અને સુરેશ વસાવા મને બાઈક પર કહોણા ના હોડી ઘાટ સુધી લઈ ગયા હતા. ત્યાં મેં મારા પુત્ર તરંગને ફોન કરવાનું કહેતાં ધવલે ફોન કર્યો હતો. મેં તેને લઈ જવા માટે કહેતાં તે હોડી લઈ આવ્યો હતો અને મને લઈ ગયો હતો. ત્યારબાદ મેં ઉમલ્લા સરકારી દવાખાને અને ત્યાંથી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી.'

ઉલ્લેખનીય છેકે, છેલ્લા ચાર દિવસથી આ બનાવ અંગે ધારાસભ્યના પુત્ર સામે પોલીસ કેસ કરવા માટે માગણી થઈ રહી છે. સોશિયલ મીડિયા પર આ મુદ્દો ખૂબ જ ગરમાયો છે અને આદિવાસી સમાજે પોલીસ સ્ટેશનને ઘેરાવ કરી ભારે વિરોધ પણ કર્યો હતો. તેમણે ફરી આંદોલનનો કાર્યક્રમ જાહેર કરતાં ગાંધીનગર સુધી તેની અસર પડી હતી અને ગુનો નોંધવાની ફરજ પડી છે.

બીજી તરફ પોલીસ ફરિયાદમાં વિલંબ થવાને કારણે અક્ષયનો પુત્ર વિદેશ ભાગી ગયો હોવાની વાતો જોરશોરથી વહેતી થઈ છે. જો કે આ વાતને સત્તાવાર સમર્થન મળતું નથી.



# પોરબંદર જિલ્લામાં 44 હજારથી વધુ ખેડૂતોએ કરાવ્યું ફાર્મર ID રજીસ્ટ્રેશન

PM કિસાન યોજનાના આગામી હપ્તા માટે ફાર્મર ID ફરજિયાત; 31 મે 2026 સુધી નોંધણી પૂર્ણ કરવા સૂચના

ગોસા(ઘેડ)

ભારત અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી રાજ્યમાં ખેડૂતો માટે મહત્વપૂર્ણ પહેલરૂપે ખેડૂત નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત દરેક ખેડૂત માટે અગિયાર અંકોની યુનિક ફાર્મર આઈડી બનાવવામાં આવશે. આ નોંધણી જીવનમાં માત્ર એક જ વાર કરાવવાની રહેશે. રાજ્યમાં તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૪થી ખેડૂત નોંધણી શરૂ કરવામાં આવી છે. પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજનાના આગામી હપ્તા માટે ભારત સરકાર દ્વારા ફાર્મર આઈડી નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે. હાલ સુધીમાં પોરબંદર તાલુકામાં ૨૨,૮૭૦, રાણાવાવ તાલુકામાં ૮,૯૬૦ અને કુતિયાણા તાલુકામાં ૧૨,૯૦૦ ખેડૂતો મળી સમગ્ર જિલ્લામાં કુલ ૪૪,૭૩૦ લાભાર્થીઓએ નોંધણી પૂર્ણ કરી છે. જ્યારે હજુ પણ ૧૭,૨૨૨ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન બાકી હોવાનું જાણવા મળ્યું છે.

ખેડૂતો ગામની ગ્રામ પંચાયત ખાતે આવેલા ઈ-ધરા કેન્દ્ર પર VCE (કમ્પ્યુટર ઓપરેટર) મારફતે, અથવા પોતે જ https://gifr.agristack.gov.in પોર્ટલ પર જઈ સેલ્ફ રજીસ્ટ્રેશન દ્વારા તેમજ કોમન સર્વિસ સેન્ટર (CSC) મારફતે નોંધણી કરાવી શકે છે.

ખેડૂત નોંધણી માટે આધાર કાર્ડ, આધાર સાથે લિંક મોબાઈલ નંબર તેમજ જમીનના સર્વે નંબરની ૭/૧૨ અને ૮/અ ની નકલ જરૂરી રહેશે. જોકે આ દસ્તાવેજો જમા કરાવવાના રહેશે નહીં.

પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના રૂ.૨૦૦૦ના આગામી હપ્તાનો લાભ મેળવવા ખેડૂત નોંધણી ફરજિયાત કરવામાં આવી છે. જો ખેડૂત સમયસર નોંધણી નહીં કરાવે તો આગામી હપ્તો બંધ થઈ શકે છે.

### હજારો વાહનચાલકોના જીવ અધ્ધર થયા

# ડભોઇના સીતાપુર પાસે નર્મદા મુખ્ય કેનાલની પ્રોટેક્શન રેલિંગ તૂટી : મોટી દુર્ઘટનાની આશંકા

ડભોઇ

ડભોઈ તાલુકાના સીતાપુર પાસેથી પસાર થતી મુખ્ય નર્મદા કેનાલ પર વહીવટી તંત્રની એક ગંભીર બેદરકારી સામે આવી છે. કેનાલ પર વાહનો અને રાહદારીઓની સુરક્ષા માટે બનાવવામાં આવેલી સિમેન્ટની પ્રોટેક્શન રેલિંગ લાંબા સમયથી તૂટીને બિસ્માર હાલતમાં ફેરવાઈ ગઈ છે. મહિનાઓ વીતી ગયા હોવા છતાં નર્મદા નિગમના અધિકારીઓ દ્વારા આ રેલિંગનું સમારકામ કરવામાં આવ્યું નથી, જેને કારણે અહીંથી પસાર થતા હજારો



વાહનચાલકોના જીવ અધ્ધર થઈ ગયા છે. આ માર્ગ અત્યંત વ્યસ્ત હોવાથી રોજના હજારો નાના-મોટા વાહનો જેવા કે મોટરસાયકલ, કાર, ટ્રેક્ટર અને ભારે માલવાહક ટ્રકો અહીંથી પસાર થાય છે. કેનાલની સુરક્ષા દીવાલ સંપૂર્ણપણે તૂટી ગઈ હોવાથી રસ્તો અત્યંત સાંકડો અને જોખમી બન્યો છે. રાત્રિના સમયે અંધારામાં જો કોઈ ચાલક સહેજ પણ સંતુલન ગુમાવે, તો સીધો કેનાલના ઊંડા પાણીમાં ખાબકે તેવી ભયજનક સ્થિતિ સર્જાઈ છે, જે મોતના કૂવા સમાન સાબિત થઈ રહી છે. સ્થાનિકો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં નર્મદા નિગમના જવાબદાર અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે. નર્મદાની આ મુખ્ય કેનાલ હોવાથી તેમાં પાણીનો પ્રવાહ અને ઊંડાઈ બંને ખુબ વધારે રહે છે. જો કોઈ ભરેલું વાહન, એસ.ટી. બસ કે બાઈક ચાલક આ ખુલ્લા ભાગમાંથી કેનાલમાં ખાબકશે, તો મોટી જાનહાનિ થવાની પૂરેપૂરી સંભાવના છે. સ્થાનિક ગ્રામજનોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે શું તંત્ર કોઈ મોટી હોનારત સર્જાય અને કોઈ નિર્દોષનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યું છે? દુર્ઘટના થયા પછી તંત્ર જાગે તેના કરતાં વહેલા તે પહેલાં આ રેલિંગનું યુદ્ધના ધોરણે મજબૂત રિપેરિંગ કરવામાં આવે તે જનહિતમાં જરૂરી છે.

### ભરૂચ જિ.પંચાયત પર ભાજપનું પ્રભુત્વ યથાવત

# ડિમ્પલ રાજ પ્રમુખ અને અજીત વસાવા ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા

ભરૂચ

ભરૂચ જિલ્લા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખ પદની વરણી ગતરોજ જિલ્લા પંચાયતના સભા ભવન ખાતે યોજાયેલી ખાસ સભામાં કરવામાં આવી હતી. ચૂંટણી પ્રક્રિયામાં ભારતીય જનતા પાર્ટીએ પોતાનું પ્રભુત્વ જાળવી રાખતાં પ્રમુખ પદે ડિમ્પલ વિક્રમસિંહ રાજ અને ઉપપ્રમુખ પદે અજીત ચીમનભાઈ વસાવાની વરણી કરવામાં આવી હતી. જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી પૂર્ણ થયા બાદ નવા સુકાનીઓની પસંદગી માટે યોજાયેલી આ પ્રક્રિયામાં ભાજપ દ્વારા પ્રમુખ પદ માટે ઝઘડિયા તાલુકાની રાજપારડી-24 બેઠક પરથી વિજેતા થયેલા ડિમ્પલ વિક્રમસિંહ રાજના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ પદ માટે અજીત ચીમનભાઈ વસાવાના નામને મંજૂરી આપવામાં આવી હતી. બંને ઉમેદવારોએ ગતરોજ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા હતા.

ગતરોજ નર્મદા જિલ્લાના કલેક્ટર ગંગા સિંઘની ઉપસ્થિતિમાં ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. પ્રમુખ પદની ચૂંટણી દરમિયાન ભાજપના ડિમ્પલ વિક્રમસિંહ રાજને જિલ્લા પંચાયતના ભાજપના 26 સભ્યોનું સમર્થન મળ્યું હતું. બીજી તરફ આમ આદમી પાર્ટી તરફથી પ્રમુખ પદ માટે નર્મદાબેન નરેશભાઈ વસાવાએ ઉમેદવારી નોંધાવી હતી, પરંતુ તેમને માત્ર 5 મત મળ્યા હતા. પરિણામે 26 મત સાથે ડિમ્પલ વિક્રમસિંહ રાજને આગામી અઢી વર્ષ માટે ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં પણ ભાજપને સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થઈ હતી. ભાજપના અજીત ચીમનભાઈ વસાવાને 26 સભ્યોના મત મળ્યા હતા, જ્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અનિલભાઈ ભરતભાઈ વસાવાને 5 મત મળ્યા હતા.

### ડભોઈમાં ટ્રાફિકના નિયમો તોડનારાઓ સામે પોલીસની લાલ આંખ

# મુખ્ય બજારોમાં આડેધડ પાર્કિંગ કરનારાઓ સામે કડક ડ્રાઈવ : અનેક બાઈકો ડિટેઈન કરાતા વાહનચાલકોમાં ફફડાટ

ડભોઈ

ડભોઈ શહેરના હાર્દ સમાન અને સતત ધમધમતા મુખ્ય વેપારી વિસ્તારોમાં ટ્રાફિકની જટિલ સમસ્યાને હળવી કરવા માટે સ્થાનિક પોલીસ દ્વારા આજરોજ સવારથી જ એક કડક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. ડભોઈ પોલીસ સ્ટેશનના પી.આઈ. એ. ડી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ કાફલો રસ્તા પર ઉતરી આવ્યો હતો અને આડેધડ પાર્ક કરેલા વાહનો સામે કાયદેસરની આકરી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસની આ અચાનક આવેલી સરપ્રાઈઝ એક્શનને પગલે નિયમોનું ઉલ્લંઘન કરનારા બેદરકાર વાહનચાલકોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

ઉલ્લેખનીય છે કે, ડભોઈના મુખ્ય બજારોમાં કલાકો સુધી લાગતા ટ્રાફિક જામમાંથી મુક્તિ અપાવવા માટે અગાઉ પોલીસ પ્રશાસન દ્વારા સ્થાનિક વેપારીઓ સાથે એક બેઠક યોજીને 'એકી-બેકી' (Odd-Even)



નો નિયમ અમલમાં મૂકવામાં આવ્યો હતો. આ નિયમ છતાં કેટલાક બેદરકાર વાહનચાલકો દ્વારા આડેધડ ગમે ત્યાં વાહનો પાર્ક કરી દેવામાં આવતા હતા, જેના કારણે રાહદારીઓ અને અન્ય વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ટ્રાફિકની આ ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે આજે સવારથી જ ડભોઈ પોલીસની ટીમ પૂરેપૂરી એક્શન મોડમાં જોવા મળી હતી. પોલીસ કાફલાએ શહેરના લ બજાર, ટાવર વિસ્તાર, એસ.ટી. ડેપો રોડ, ભારત ટોકીઝ રોડ, સ્ટેશન રોડ, છીપવાડા બજાર અને કંસારા બજાર જેવા તમામ વ્યસ્ત વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન રસ્તાની વચ્ચે અવરોધ ઉભો કરતી અને નિયમ વિરુદ્ધ પાર્ક કરેલી અનેક મોટરસાયકલોને સ્થળ પર જ ડિટેઈન કરી પોલીસ સ્ટેશન ભેગી કરી દેવામાં આવી હતી.

પોલીસની આ કડક કાર્યવાહીના પગલે લોકોને મોટી રાહત મળી છે. ડભોઈ પોલીસ દ્વારા વાહનચાલકોને કડક શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે કે, હવે જો કોઈ પણ વ્યક્તિ નિયત કરેલી સાઈડ સિવાય આડેધડ વાહન પાર્કિંગ કરશે, તો તેનું વાહન કોઈ પણ શેહશરમ રાખ્યા વિના સીધું જ ડિટેઈન કરી દેવાશે. પીઆઈ એ. ડી. પટેલે જણાવ્યું હતું કે, આ ટ્રાફિક ડ્રાઈવ આગામી દિવસોમાં પણ સતત ચાલુ રાખવામાં આવશે.

# શહેરા-લુણાવાડા હાઇવે પરથી 2.85 લાખના વિદેશી દારૂ સાથે કાર પકડાઇ

શહેરા

પંચમહાલ પંચમહાલ જિલ્લાના શહેરા પોલીસ સ્ટેશન સ્ટાફને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ નાબૂદ કરવા અંગે મળેલી ચોક્કસ અને આધારભૂત બાતમીના આધારે શહેરા-લુણાવાડા હાઈવે રોડ પરથી લાખો રૂપિયાની કિંમતના ભારતીય બનાવટના વિદેશી દારૂના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મળી છે, જ્યારે અન્ય ત્રણ આરોપીઓ ફરાર જાહેર કરાયા છે.

ગુપ્ત બાતમીના આધારે પોલીસની રેડંચમહાલ ગોધરા રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધિ ચૌધરી (IPS) તથા પંચમહાલ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત (IPS) નાઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ ગોધરા વિભાગના ઈન્ચાર્જ નાયબ પોલીસ અધીક્ષક બી.એલ. દેસાઈ તેમજ શહેરા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી. શિશરા ની દેખરેખ હેઠળ સ્ટાફે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શહેરા-લુણાવાડા હાઈવે પરથી પસાર થતી એક મારૂતિ સુઝુકી ઈકો ફોર-વ્હીલર કારને અટકાવી તેની તપાસ કરતા તેમાંથી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

# મોંઘવારીનો વધુ એક ડામ : 10 દિવસમાં ત્રીજી વખત પેટ્રોલ-ડીઝલના ભાવમાં ભડકો

નવા જાહેર થયેલા દર મુજબ, પેટ્રોલમાં પ્રતિ લીટર 87 પૈસા અને ડીઝલમાં પ્રતિ લીટર 91 પૈસાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે

અંકલેશ્વર

વૈશ્વિક બજારમાં ચાલી રહેલી ભારે ઉથલપાથલની સીધી અસર હવે સામાન્ય ભારતીયોના ખિસ્સા પર પડી રહી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના વધતા જતા ભાવોને ધ્યાનમાં રાખીને દેશની સરકારી તેલ કંપનીઓએ માત્ર ૧૦ દિવસના ટૂંકા ગાળામાં ત્રીજી વખત પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઝીંક્યો છે. આ નવા ભાવવધારા બાદ દેશભરમાં ઈંધણની કિંમતો આસમાને પહોંચી ગઈ છે.

નવા જાહેર થયેલા દર મુજબ, પેટ્રોલમાં પ્રતિ લીટર ૮૭ પૈસા અને ડીઝલમાં પ્રતિ લીટર ૯૧ પૈસાનો તોતિંગ વધારો કરવામાં આવ્યો છે. મહત્વની વાત એ છે કે, છેલ્લા ચાર વર્ષના લાંબા સમયગાળા બાદ આ પ્રથમ એવી ઘટના છે જ્યારે તેલ કંપનીઓએ માત્ર ૧૦ દિવસમાં જ ત્રણ-ત્રણ વખત કિંમતોમાં ફેરફાર કરવો પડ્યો છે. આ અણધાર્યા ભાવવધારાના કારણે મધ્યમ વર્ગ અને સામાન્ય લોકોના ઘરનું બજેટ સંપૂર્ણપણે



ખોરવાઈ ગયું છે. આ વૈશ્વિક સંકટ પાછળ મુખ્યત્વે મધ્ય પૂર્વમાં લાંબા સમયથી ચાલી રહેલું યુદ્ધ અને અમેરિકા તથા ઈરાન વચ્ચે સતત વધી રહેલો તણાવ જવાબદાર માનવામાં આવે છે. આ ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિના કારણે વિશ્વના સૌથી વ્યસ્ત દરિયાઈ માર્ગ ગણાતા 'હોર્મુઝ સ્ટ્રેટ' મારફતે થતી કાચા તેલની સપ્લાય લાઈન ખોરવાઈ ગઈ છે. સપ્લાય પ્રભાવિત થતાં આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ સતત વધી રહ્યા છે, જેના કારણે સ્થાનિક તેલ કંપનીઓએ પોતાનો વધારાનો ખર્ચ સામાન્ય જનતા પર નાખવાની ફરજ પડી છે. આ આંચકાની અસર માત્ર વાહનચાલકો સુધી સીમિત નહીં રહે. ઈંધણના ભાવ વધવાથી ટ્રાન્સપોર્ટ અને પરિવહન ખર્ચમાં મોટો વધારો થશે. નિષ્ણાતોના મતે, આગામી દિવસોમાં શાકભાજી, દૂધ, કરિયાણું અને અન્ય તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ મોંઘી થઈ શકે છે, જે સામાન્ય નાગરિકોની કમર તોડી નાખશે.

### અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે

# આગામી તહેવારોને લઈ શાંતિ સમિતિની બેઠક યોજાઇ

અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથક ખાતે આગામી તહેવારોને લઈ પીઆઈ પી.જી.ચાવડાની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક મળી હતી.જેમાં શાંતિ સમિતિ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. બકરી ઈદનું પર્વ શાંતિ ભર્યા વાતાવરણમાં સંપન્ન થાય તે માટે અંકલેશ્વર શહેર પોલીસ મથકના પીઆઈ પી.જી.ચાવડાની અધ્યક્ષતામાં આગામી તહેવારોને લઈ શાંતિ સમિતિની બેઠક મળી હતી.જેમાં વિવિધ મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.આ બેઠકમાં કોઈપણ



અનિચ્છનીય ઘટના કે સોશ્યલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરતા પહેલા તેની ખરાઈ કરવા સાથે શાંતિપૂર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરવામાં આવે તેવી અપીલ પોલીસ દ્વારા કરવામાં આવી છે.

### છોટાઉદેપુરમાં ચૂંટણી પહેલાં રાજકીય ધરતીકંપ

# તા. પંચાયતની ચૂંટણી ટાણે 'આપ'ના 3 સભ્યોનું અપહરણ થયાના આરોપથી ભારે ખળભળાટ મચ્યો

છોટાઉદેપુર

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના માહોલ વચ્ચે છોટાઉદેપુર જિલ્લામાં લોકશાહીને શરમાવે તેવી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. છોટાઉદેપુર તાલુકા પંચાયતની પ્રમુખ-ઉપપ્રમુખની આગામી ચૂંટણીના ગણતરીના કલાકો પહેલાં જ આમ આદમી પાર્ટી (AAP) ના ૩ ચૂંટાયેલા સભ્યોનું અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ કરવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ લાગતાં સમગ્ર પંથકના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. વિપક્ષી સભ્યોને તોડવા અને સત્તા કબજે કરવા માટે આ ગંદી રમત રમાઈ હોવાની ચર્ચાથી વહીવટી તંત્ર પણ દોડતું થયું છે. મળતી વિગતો મુજબ, છોટાઉદેપુર તાલુકા પંચાયતમાં સત્તાનું સમીકરણ રોમાંચક વળાંક પર હતું અને 'આપ'ના આ ૩ સભ્યો કોને ટેકો આપે છે તેના પર આખી સત્તાનો દારોમદાર હતો. જો કે, મતદાન થાય તે પહેલાં જ આ ત્રણેય સભ્યો અચાનક ગાયબ થઈ જતાં 'આપ'ના સ્થાનિક નેતાઓ અને પરિવારે આક્ષેપ કર્યો છે કે, સત્તાધારી પક્ષ અથવા વિરોધી જૂથ દ્વારા સામ, દામ, દંડ, ભેદની નીતિ અપનાવીને સભ્યોનું અપહરણ કરી લેવાયું છે અને તેમને કોઈ અજ્ઞાત સ્થળે ગોંધી રાખવામાં આવ્યા છે. આ હાઈપ્રોફાઈલ મામલાને પગલે આમ આદમી પાર્ટીના ઉચ્ચ હોદ્દેદારોએ સ્થાનિક પોલીસ મથકે દોડી જઈને તાત્કાલિક ધોરણે સભ્યોને શોધી કાઢવા અને લોકશાહીનું ખૂન થતું અટકાવવા માટે લેખિત રજૂઆત કરી હોવાના અહેવાલ છે. ચૂંટણીના આરે જ બનેલી આ ઘટનાને કારણે આદિવાસી પંથકના રાજકારણમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે. હવે જોવાનું એ રહે છે કે પોલીસ આ ગુમ થયેલા સભ્યોને ક્યારે શોધી કાઢે છે અને આ કથિત અપહરણ પાછળ કયા રાજકીય માથાઓનો હાથ છે તે બહાર આવે છે કે કેમ?

### તિલકવાડા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે

# ભાજપના મમતાબેન તડવી અને ઉપપ્રમુખ તરીકે પિયુસકુમાર બારિયા ની નિયુક્તિ કરાઇ

રાજપીપળા

તિલકવાડા તાલુકા પંચાયત ના પ્રમુખ તરીકે ભાજપના મમતાબેન તડવી અને ઉપપ્રમુખ તરીકે પિયુસકુમાર બારિયા ની નિયુક્તિ કરાઈ છે. હાલ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી યોજાઈ હતી. અને નર્મદા જિલ્લામાં પણ રાજપીપલા નગરપાલિકા, તાલુકા પંચાયત, અને જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીના પરિણામ જાહેર થતાં તિલકવાડા તાલુકા પંચાયતના 16 બેઠકમાંથી 13 બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર વિજય થયા હતા. સાથે જ તાલુકાની ત્રણે જિલ્લા પંચાયત બેઠક ઉપર ભારતીય જનતા પાર્ટીનો ભાગવો લહેરાયો હતો. આ પરિણામ જાહેરાત થયા બાદ આજે તારીખ 23 ના રોજ જિલ્લા ની તમામ તાલુકા પંચાયતના ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી યોજાઈ હતી. જેના ભાગરૂપે તિલકવાડા તાલુકા પંચાયત ખાતે તિલકવાડા મામલતદાર મનીષ આર્યા, તાલુકા વિકાસ અધિકારી નીરજ વસાવા તથા તાલુકા પંચાયત ના સદસ્યો ની ઉપસ્થિતિમાં પ્રમુખ ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોની નિયુક્તિ માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.



### "આપણે પ્રાણીઓ સાથે કેવું વર્તન કરીએ છીએ, તે આપણું પ્રતિબિંબ છે"

# પંજાબ સરકારના એક નિર્ણયથી બોલિવૂડ ચિંતામાં! રવીના ટંડને કહ્યું- મૂંગા જીવો સાથે ક્રૂરતા ન કરો

મુંબઈ

પંજાબમાં રખડતા કૂતરાઓના વધતા ત્રાસને રોકવા માટે સરકાર દ્વારા લેવાયેલા એક કડક નિર્ણય બાદ બોલિવૂડ અભિનેત્રી રવિના ટંડન અવાજ વિનાના પ્રાણીઓના સમર્થનમાં આવી છે. પંજાબમાં રસ્તા પરના કૂતરાઓને હટાવીને શેલ્ટર હોમમાં મોકલવા અથવા માનવજાત માટે ખતરો બને તેવા સંજોગોમાં તેમને 'ઈથનાઈઝ' એટલે કે પીડામુક્ત મરણ આપવું અથવા મારી નાખવાની ચાલી રહેલી કાર્યવાહી વચ્ચે રવિનાએ સોશિયલ મીડિયાના માધ્યમથી પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનને એક ભાવુક અપીલ કરી છે. 'KGF: Chapter 2' ફેમ અભિનેત્રીએ પંજાબ સરકારને વિનંતી કરી છે કે રખડતા પ્રાણીઓ અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના નિર્ણયનો અમલ કરતી વખતે માનવતા અને કરુણાભર્યો અભિગમ રાખવામાં આવે. પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક સત્તાવાર નિવેદન શેર કરતા રવિના ટંડને લખ્યું કે, "માનનીય મુખ્યમંત્રી ભગવંત માનજી, રસ્તા પરના પ્રાણીઓના સંચાલન અંગે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશે દેશભરમાં એક મહત્ત્વપૂર્ણ ચર્ચા શરૂ કરી છે. જાહેર સુરક્ષા ચોક્કસપણે અત્યંત મહત્ત્વપૂર્ણ છે, પરંતુ હું હૃદયપૂર્વક આશા રાખું છું કે આ નિર્ણયનો અમલ માનવતાભર્યા અને સંતુલિત રીતે જ કરવામાં આવશે. પ્રાણીઓની નસબંધી, રસીકરણ, યોગ્ય શેલ્ટર અને વ્યવસ્થિત પુનર્વસન જેવા કરુણાભર્યા ઉપાયોથી નાગરિકો અને પ્રાણીઓ બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે પંજાબ સરકારે આ તકનો ઉપયોગ જવાબદારી અને દયાભાવ સાથે આ ગંભીર મુદ્દાનો ઉકેલ લાવવા માટે કરવો જોઈએ, જેથી તે અન્ય રાજ્યો માટે એક આદર્શ ઉદાહરણ બની શકે. નિવેદનના અંતમાં રવિનાએ માર્મિક શબ્દોમાં કહ્યું કે, 'અવાજ વિનાના આ જીવો સાથે આપણે કેવું વર્તન કરીએ છીએ, તે આખરે સમાજ તરીકે આપણે કોણ છીએ તેનું પ્રતિબિંબ છે.' ઉલ્લેખનીય છે કે, શુક્રવારે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને એક નિવેદન આપ્યું હતું કે તેમની સરકાર રાજ્યમાં ભારે જાહેર અવરજવરવાળા વિસ્તારોમાંથી રસ્તાના કૂતરાઓને હટાવવાની દિશામાં સક્રિયપણે કામ કરી રહી છે. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે જે કૂતરાઓ અત્યંત હિંસક અને આક્રમક છે અને માનવજીવન માટે સીધો ખતરો સાબિત થઈ શકે તેમ છે. તેમની સામે કાયદાકીય મંજૂરી ધરાવતા ઉપાયો જેમ કે 'ઈથનાઈઝેશન'નો પણ ઉપયોગ કરવામાં આવશે.

**અભિનેત્રી રવિના ટંડન અવાજ વિનાના પ્રાણીઓના સમર્થનમાં આવી**

# કાન્સના રેડ કાર્પેટ પર ઐશ્વર્યા રાયનો જાદુ


## 1500 કલાકની મહેનતથી બનેલા 'અબિસ બ્લુ ક્રિસ્ટલ' ડ્રેસમાં અપ્સરા જેવો લુક, દીકરી આરાધ્યાનું અનઓફિશિયલ ડેબ્યૂ

અમદાવા,દમનોરંજન ડેસ્ક

વૈશ્વિક સ્તરે સિનેમા જગતના સૌથી પ્રતિષ્ઠિત ગણાતા 'કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ' (Cannes Film Festival) ના રેડ કાર્પેટ પર દર વર્ષની જેમ આ વર્ષે પણ બોલિવૂડ ક્વીન અને પૂર્વ વિશ્વ સુંદરી ઐશ્વર્યા રાય બચ્ચને પોતાની અદભુત સુંદરતાથી આખી દુનિયાને મંત્રમુગ્ધ કરી દીધી છે. કાન્સના પ્રીમિયર પર ઐશ્વર્યા રાય જાણે 'બ્રહ્માંડના પ્રકાશ' (Light of the Universe) ની જેમ ચમકી ઉઠી હતી. તેની એક ઝલક મેળવવા માટે આંતરરાષ્ટ્રીય મીડિયાના કેમેરા સતત ફ્લેશ થતા જોવા મળ્યા હતા.

આ વર્ષે ઐશ્વર્યા રાયે રેડ કાર્પેટ પર જે આઉટફિટ પસંદ કર્યો હતો, તે સોશિયલ મીડિયા પર ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. તેણે અદભુત અને બેનમૂન ગણાતો 'અબિસ બ્લુ ક્રિસ્ટલ' (Abyss Blue Crystal) ડ્રેસ પહેર્યો હતો. આ કોઈ સામાન્ય ડ્રેસ નહોતો, પરંતુ પ્રખ્યાત ડિઝાઈનરો દ્વારા અંદાજે ૧૫૦૦ કલાકની અથાક અને બારીક મહેનત બાદ આ ખાસ ગાઉન તૈયાર કરવામાં આવ્યું હતું. ડ્રેસ પર કરવામાં આવેલું ક્રિસ્ટલ અને સ્ટોનનું વર્ક ઐશ્વર્યાના લુકમાં ચાર ચાંદ લગાવી રહ્યું હતું. લુકને કમ્પ્લીટ કરવા માટે તેણે મિનિમલ જ્વેલરી અને ગ્લેમરસ મેકઅપ રાખ્યો હતો, જે તેના ક્લાસિક અંદાજને પૂરક બનતો હતો.

આ ફેસ્ટિવલમાં સૌથી મોટું આશ્ચર્ય અને આકર્ષણ ઐશ્વર્યાની લાડલી દીકરી આરાધ્યા બચ્ચન રહી હતી. દર વર્ષે માતાની સાથે કાન્સમાં માત્ર હાજરી આપતી આરાધ્યાએ આ વખતે રેડ કાર્પેટ પર એક રીતે પોતાનું 'અનઓફિશિયલ ડેબ્યૂ' કરી દીધું છે. મીડિયા સામે આરાધ્યા અત્યંત આત્મવિશ્વાસ સાથે પોઝ આપતી અને કેમેરાને ફેસ કરતી જોવા મળી હતી. મા-દીકરીની આ જોડીએ કાન્સ ૨૦૨૬ ના મંચ પર લાઈમલાઈટ સંપૂર્ણપણે પોતાના નામે કરી લીધી હતી. સોશિયલ મીડિયા પર ભારતીય ચાહકો ઐશ્વર્યાના આ રોયલ લુક અને આરાધ્યાના ડેબ્યૂ પર મન મૂકીને લાઈક્સ અને કોમેન્ટ્સનો વરસાદ કરી રહ્યા છે.



# માટી, પરસેવો અને ગુસ્સો પેડ્ડીમાં જોવા મળશે રામ ચરણનો સૌથી જુદો અંદાજ

## બુચ્ચી બાબુની આવનારી ફિલ્મ પેડ્ડી ને જોઈને એવું લાગે છે કે રામ ચરણ કોઈ ખલનાયક જેવા નાયક નહીં, પરંતુ એવો નાયક ભજવી રહ્યા છે જેને ભારતીય વ્યાવસાયિક ચલચિત્ર જગત ધીમે-ધીમે ગુમાવતું જઈ રહ્યું હતું

મુંબઈ

છેલ્લાં કેટલાક વર્ષોથી ભારતીય મસાલા ફિલ્મોમાં ખલનાયક જેવા નાયકનો ચલણ ઘણો વધી ગયો છે। અલગ-અલગ ફિલ્મ ઉદ્યોગોના મોટા કલાકારો હવે એવા પાત્રો ભજવી રહ્યા છે જે સંપૂર્ણ સારા માણસ નથી હોતા। કોઈ દાણચોર હોય છે, કોઈ ગુનેગાર ટોળકીનો વડો, કોઈ બળવાખોર અથવા હિંસક માણસ। તેમની ઓળખ સારા કામોથી નહીં, પરંતુ ડર અને દબદબાથી બને છે। નાયકની છબી હવે વધુ અંધારી, ઠંડી અને સામાન્ય લોકોથી દૂર થઈ ગઈ છે। ગુસ્સો તો હોય છે, પરંતુ તે મોટાભાગે વ્યક્તિગત બદલો, શક્તિ અથવા સત્તા માટે હોય છે। પરંતુ પેડ્ડી આ રસ્તાથી સંપૂર્ણ અલગ જતી દેખાઈ રહી છે બુચ્ચી બાબુની આવનારી ફિલ્મ પેડ્ડી ને જોઈને એવું લાગે છે કે રામ ચરણ કોઈ ખલનાયક જેવા નાયક નહીં, પરંતુ એવો નાયક ભજવી રહ્યા છે જેને ભારતીય વ્યાવસાયિક ચલચિત્ર જગત ધીમે-ધીમે ગુમાવતું જઈ રહ્યું હતું – એવો નાયક, જેના ગુસ્સામાં ફક્ત તેનો પોતાનો નહીં, પરંતુ તેની આસપાસના લોકોનો પણ ગુસ્સો સામેલ હોય હાલમાં બહાર પાડવામાં આવેલા ટ્રેલરમાં પેડ્ડીને કોઈ ગુનાહિત સામ્રાજ્ય ઊભું કરનાર માણસ અથવા અજેય યંત્ર તરીકે બતાવવામાં આવ્યો નથી। તેને ગામના લોકોના દુઃખ અને ગુસ્સામાંથી બહાર આવેલ માણસ તરીકે બતાવવામાં આવ્યો છે, જે પોતાની માટી અને પોતાના વિસ્તારની ઓળખ માટે ઉભો છે। ફિલ્મમાં બતાવવામાં આવેલા રમતો ફક્ત મનોરંજન જેવી લાગતી નથી। ક્રિકેટ, કુસ્તી અને દોડ અહીં યુદ્ધના મેદાન જેવી લાગે છે। ટ્રેલરમાં ભીડની પ્રતિક્રિયાઓ એવી લાગે છે કે વર્ષોથી દબાયેલો ગુસ્સો ફાટી નીકળ્યો હોય। લોકો જોરથી ચીસો પાડે છે, ખેલાડીઓ માટીમાં પડી જાય છે અને આખું વાતાવરણ ખૂબ વ્યક્તિગત અને સાચું લાગે છે રામ ચરણે અગાઉ પણ ઘણા તીવ્ર અને શક્તિશાળી પાત્રો ભજવ્યા છે। મગધીરા, ધરુવા અને આરઆરઆર જેવી ફિલ્મોમાં તેમના પાત્રો ભવ્ય અને મોટા હતા। પરંતુ પેડ્ડી અલગ દેખાય છે। અહીં તેમનો અંદાજ વધુ ભારે, કર્કશ અને જમીન સાથે જોડાયેલો લાગે છે। તેઓ કોઈ મહાન કલાકાર જેવા નહીં, પરંતુ એવા માણસ જેવા લાગે છે જેના અંદર વર્ષોનો ગુસ્સો ભરાયેલો છે। આ વાત સીધી રીતે દિગ્દર્શક બુચ્ચી બાબુની વિચારસરણી સાથે જોડાય છે। તેમની ફિલ્મ સમાજની ઊંચ-નીચ પર આધારિત હતી। હવે પેડ્ડીમાં તેઓ આ જ મુદ્દાઓને વધુ મોટા સ્તરે બતાવતા દેખાઈ રહ્યા છે જ્યાં રમત, પુરુષત્વ, સમાજ, ગામની રાજનીતિ અને ઓળખ બધું એકસાથે જોડાયેલું છે.





# 'રોકસ્ટાર'ની સિક્વલ હવે ક્યારેય નહીં બને!: ઇમ્તિયાઝ અલીનો મોટો ખુલાસો

## ઇમ્તિયાઝ અલીએ કહ્યુ જ્યારે હું ફિલ્મ બનાવું છું, ત્યારે હું મારા વિશે વિચારતો નથી. કદાચ હું વાર્તાઓ બનાવીને મારાથી ભાગવાનો પ્રયાસ કરું છું.

મુંબઈ

ઈમ્તિયાઝ અલી તેમની આઈકોનિક ફિલ્મ 'રોકસ્ટાર'ની સિક્વલ નહીં બનાવે, પરંતુ તેમની આગામી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા'માં ફરી એકવાર અધૂરા પ્રેમ, વિરહ અને પાછા ફરવાની વેદના જોવા મળશે. દિલજીત દોસાંઝ, શર્વરી, વેદાંગ રૈના અને નસીરુદ્દીન શાહ અભિનીત આ ફિલ્મ માત્ર લવ સ્ટોરી નથી, પરંતુ યાદો, સ્થળાંતર અને ભાવનાત્મક ભંગાણની વાર્તા છે. ઈમ્તિયાઝ અલીએ કહ્યુ જ્યારે હું ફિલ્મ બનાવું છું, ત્યારે હું મારા વિશે વિચારતો નથી. કદાચ હું વાર્તાઓ બનાવીને મારાથી ભાગવાનો પ્રયાસ કરું છું. પરંતુ આ સાચું છે કે જ્યારે તમે કોઈ શહેર છોડી રહ્યા હોવ છો, ત્યારે જ તેની સૌથી વધુ યાદ આવે છે.

મને યાદ છે, જ્યારે હું દિલ્હી અને જમશેદપુર વચ્ચે ટ્રેનથી મુસાફરી કરતો હતો, ત્યારે મારું શહેર સૌથી સુંદર ત્યારે લાગતું હતું, જ્યારે હું તેને છોડી રહ્યો હતો. કહેવાય છે કે, "A city looks most beautiful from the light of the burning bridge." એટલે કે જ્યારે પાછા ફરવાનો રસ્તો ખતમ થઈ જાય છે, ત્યારે તે જગ્યા માટે પ્રેમ વધુ વધી જાય છે. જેમ જેમ હું મોટો થઈ રહ્યો છું, તેમ તેમ પ્રેમને લઈને વધુ કન્ફ્યુઝ થતો જાઉં છું. કદાચ ફિલ્મો દ્વારા જ તેને સમજવાનો પ્રયાસ કરું છું. મને લાગે છે કે પ્રેમ કંઈ પણ હોઈ શકે છે. પહેલી નજરમાં પણ હોઈ શકે છે, વારંવાર પણ હોઈ શકે છે અને ફક્ત એક જ વાર પણ હોઈ શકે છે. જેમ ભગવાનને દરેક વ્યક્તિ પોતાની રીતે સમજે છે, પ્રેમ પણ તેમ જ છે. આ બધું બાળપણની યાદો અને લોકોની વાર્તાઓમાંથી આવે છે. પંજાબમાં શૂટિંગ દરમિયાન ઘણા વડીલોએ મને ભાગલાની વાર્તાઓ સંભળાવી. કોઈએ કહ્યું કે તેમના વડીલો વાઘા બોર્ડર સુધી પહોંચી ગયા હતા અને કહી રહ્યા હતા, "મારે લાહોર જવું છે," કારણ કે તેમને યાદ નહોતું કે ભાગલા પડી ચૂક્યા છે. કોઈએ વીડિયો કૉલ પર તેમના બાળપણની જગ્યાનો રસ્તો સમજાવ્યો, જ્યાં તેઓ પોતે જઈ શકતા ન હતા. આવી ઘણી નાની-નાની વાતો મારા મગજમાં એકઠી થતી ગઈ અને પછી આ ફિલ્મની વાર્તા બની ગઈ.

# બેંગલુરુ સ્થિત આર્ટ ઓફ લિવિંગ સેન્ટરમાં બોલિવૂડ અભિનેત્રી ભૂમિ પેડનેકરની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

બેંગલુરુ

લોકપ્રિય બોલિવૂડ અભિનેત્રી ભૂમિ પેડનેકર તાજેતરમાં બેંગલુરુ ખાતે આવેલા આર્ટ ઓફ લિવિંગ ઈન્ટરનેશનલ સેન્ટરની મુલાકાતે પહોંચ્યા હતા. સંસ્થાના ૪૫મા વર્ષના વૈશ્વિક ઉજવણી કાર્યક્રમોમાં વિશેષ અતિથિ તરીકે જોડાવવા માટે તેઓ અહીં ઉપસ્થિત રહ્યા હતા. આ વૈશ્વિક મંચ પર તેમણે સંસ્થાના સ્થાપક અને આધ્યાત્મિક ગુરુ પૂજ્ય ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે મુલાકાત કરી હતી અને વિવિધ વૈશ્વિક તેમજ સામાજિક વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

**આધુનિક જીવન અને આધ્યાત્મિકતા પર સંવાદ**

આ ખાસ પ્રસંગે ભૂમિ પેડનેકરે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે આધ્યાત્મિકતા, અડગ શ્રદ્ધા અને આધુનિક જીવનની અનિશ્ચિતતાઓ જેવા અત્યંત મહત્વપૂર્ણ વિષયો પર આત્મીય સંવાદ કર્યો હતો. આજના દોડધામ ભરેલા અને તણાવયુક્ત જીવનમાં માનસિક શાંતિ કેવી રીતે મેળવવી તેમજ આંતરિક શક્તિને કેવી રીતે જગાડવી, તે અંગે ગુરુદેવ સાથે થયેલી ચર્ચા તેમના માટે ખૂબ જ પ્રેરણાદાયી રહી હતી.

**માનવ મૂલ્યોના સંદેશથી મેળવી પ્રેરણા**

મુલાકાત દરમિયાન અભિનેત્રીએ આર્ટ ઓફ લિવિંગ સંસ્થા દ્વારા વિશ્વભરમાં ફેલાવવામાં આવી રહેલા શાંતિ, નિઃસ્વાર્થ સેવા અને માનવ મૂલ્યોના સંદેશને ખૂબ જ નજીકથી અનુભવ્યો હતો. ભૂમિ પેડનેકરે જણાવ્યું હતું કે, ગુરુદેવના સાનિધ્યમાં આવવાથી અને તેમના માર્ગદર્શનથી તેમને જીવન પ્રત્યે એક નવો અને હકારાત્મક દ્રષ્ટિકોણ મળ્યો છે.

આર્ટ ઓફ લિવિંગના આ ભવ્ય આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં ચાલતા વિવિધ સેવાકાર્યો અને સકારાત્મક વાતાવરણથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. છેલ્લા ૪૫ વર્ષથી વિશ્વભરમાં કરોડો લોકોના જીવનમાં પરિવર્તન લાવનારી આ સંસ્થાની મુલાકાત તેમના માટે એક યાદગાર અને આધ્યાત્મિક અનુભવ સાબિત થઈ છે.

**સંસ્થાની 45મી વૈશ્વિક વર્ષગાંઠની ઉજવણીમાં ભૂમિ પેડનેકરે ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે આધ્યાત્મિકતા અને આધુનિક જીવનની અનિશ્ચિતતાઓ પર આત્મીય સંવાદ કર્યો**



### તિલક લગાવીને વિદાય આપવામાં આવી; ગયા વર્ષે વન-ડે વર્લ્ડકપ જીત્યો હતો

# વુમન્સ ટીમ ઈન્ડિયા T20 વર્લ્ડ કપ રમવા ઈંગ્લેન્ડ રવાના

નવી દિલ્હી

ભારતીય મહિલા ક્રિકેટ ટીમ શનિવારે T20 વર્લ્ડ કપમાં ભાગ લેવા માટે મુંબઈથી ઈંગ્લેન્ડ રવાના થઈ. ચાહકોએ ઢોલ-નગારા વચ્ચે ખેલાડીઓને તિલક લગાવીને વિદાય આપી.





ટીમ હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે, જેણે ગયા વર્ષે ભારતને પહેલીવાર મહિલા વન-ડે વર્લ્ડ કપ જીતાડ્યો હતો. તે ટીમની 11 ખેલાડીઓ સ્ક્વોડનો ભાગ છે.

આ ટીમ વર્લ્ડ કપ પહેલાં ઈંગ્લેન્ડ સામે 3 મેચની T20 સિરીઝ રમશે. જે લિમિટેડ ઓવરના ICC ટુર્નામેન્ટની તૈયારીઓની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ છે. આ સિરીઝ 28 માર્ચથી શરૂ થઈ રહી છે. હરમનપ્રીત કૌર (કેપ્ટન), સ્મૃતિ મંધાના, શેફાલી વર્મા, જેમિમાહ રોડ્રિગ્સ, દીપ્તિ શર્મા, રિચા ઘોષ (વિકેટકીપર), ભારતી ફુલમાલી, શ્રી ચરણી, યાસ્તિકા ભાટિયા, નંદની શર્મા, અરુંધતિ રેડ્ડી, ક્રાંતિ ગૌડ, રેણુકા સિંહ ઠાકુર, શ્રેયંકા પાટીલ અને રાધા યાદવ. ભારતની પહેલી મેચ પાકિસ્તાન સામે થશે ભારતની પહેલી મેચ પાકિસ્તાન સામે 14 જૂને એજબેસ્ટનમાં રમાશે. ત્યારબાદ ટીમ ઈન્ડિયા નેધરલેન્ડ્સ, સાઉથ આફ્રિકા, બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયા સામે રમશે. ટુર્નામેન્ટમાં 12 ટીમને 6-6ના બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. દરેક ગ્રુપમાંથી 2 ટીમ સેમિફાઈનલમાં પ્રવેશ કરશે.

**ઓસ્ટ્રેલિયા સૌથી સફળ ટીમ રહી છે**

વુમન્સ T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં ઓસ્ટ્રેલિયા સૌથી સફળ ટીમ રહી છે. ઓસ્ટ્રેલિયાએ અત્યાર સુધી રેકોર્ડ 6 વખત ખિતાબ પોતાના નામે કર્યો છે અને ઘણી વખત ફાઈનલ સુધી પહોંચીને પોતાની બાદશાહત સાબિત કરી છે. આ ઉપરાંત ઈંગ્લેન્ડે 2009માં પ્રથમ એડિશન જીતીને ઈતિહાસ રચ્યો હતો, જ્યારે વેસ્ટ ઈન્ડીઝે 2016માં ખિતાબ જીત્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ટીમ હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળ મેદાનમાં ઉતરશે, જેણે ગયા વર્ષે ભારતને પહેલીવાર મહિલા વન-ડે વર્લ્ડ કપ જીતાડ્યો હતો. તે ટીમની 11 ખેલાડીઓ સ્ક્વોડનો ભાગ છે.

## ટેસ્ટ મેચ દરમિયાન રેડ બોલની જગ્યાએ પિંક બોલથી રમાડાશે

મુંબઈ

આઈપીએલ-2026માં ગુજરાત ટાઈટન્સે ચેન્નાઈ સામે 89 રન દમદાર જીત મેળવી છે. ગુજરાતે પ્રથમ બેટિંગ કરીને 20 ઓવરમાં ચાર વિકેટે 229 રન નોંધાવ્યા હતા, જેની સામે ચેન્નાઈની ટીમ માત્ર 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. ગુજરાત તરફથી સાંઈ સુદર્શન, કેપ્ટન શુભમન ગિલ અને જોશ બટલરે ફિફ્ટી ફટકારી જીતમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે, તો મોહમ્મદ સિરાજ, કાગીશો રબાડા અને રાશિદ ખાને દમદાર બોલિંગ કરીને ચેન્નાઈને સસ્તમાં ઓલઆઉટ કરી દીધું છે. ગુજરાતની ટીમના ત્રણ ખેલાડીની ફિફ્ટી ગુજરાત ટાઈટન્સની ઈનિંગ્સમાં ઓપનિંગ બેટર સાઈ સુદર્શન 46 બોલમાં 7 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી અણનમ 68 રન, કેપ્ટન શુભમન ગિલે તોફાની બેટિંગ કરતા 37 બોલમાં 7 ચોગ્ગા અને 3 છગ્ગા ફટકારી 64 રન, જોસ બટલરે માત્ર 13 બોલમાં 1 ચોગ્ગા અને 3 છગ્ગાની મદદથી અણનમ 28 રન નોંધાવ્યા હતા. ચેન્નઈ તરફથી શિવમ દુબેએ સૌથી વધુ આક્રમક બેટિંગ કરતા 17 બોલમાં 4 ફોર અને 4 સિક્સની મદદથી 47 રન ફટકાર્યા હતા. જ્યારે ઓપનિંગમાં આવેલા મેથ્યુ શોર્ટે 14 બોલમાં 3 ફોર અને 1 સિક્સ સાથે 24 રન, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે માત્ર 7 બોલમાં 1 ફોર અને 2 સિક્સ સાથે 16 રન, કાર્તિક શર્માએ 15 બોલમાં 3 ફોર સાથે 19 રન, અંશુલ કંબોજે 8 બોલમાં 1 ફોર અને 2 સિક્સની મદદથી 19 રન, ડેવાલ્ડ બ્રેવિસે 10 બોલમાં 8 રન, નૂર અહેમદ 5 બોલમાં 1 રન અને મુકેશ ચૌધરી 2 બોલમાં 2 રન બનાવ્યા હતા. જ્યારે સંજુ સેમસન, ઉર્વિલ પટેલ અને સ્પેન્સર જોલ્સન શૂન્ય રને આઉટ થયો હતો. આઈપીએલ-2026ના લેટેસ્ટ પોઈન્ટ્સ ટેબલ અનુસાર, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 13 મેચોમાંથી 9 મેચ જીતી 18 પોઈન્ટ્સ સાથે પ્રથમ સ્થાને, ગુજરાત ટાઈટન્સ 14 લીગ મેચોમાંથી 9 જીતી 18 પોઈન્ટ્સ સાથે બીજા સ્થાને, સનરાઈઝર્સ હૈદરાબાદ 13 મેચમાંથી 16 પોઈન્ટ સાથે ત્રીજા અને રાજસ્થાન રોયલ્સ 13 મેચમાંથી 14 પોઈન્ટ સાથે ચોથા સ્થાને પ્લેઓફની રેસમાં બનેલા છે

### ICCનો પ્રયાસ- ખરાબ લાઈટને કારણે મેચ ન અટકે

## ટેસ્ટ મેચ દરમિયાન રેડ બોલની જગ્યાએ પિંક બોલથી પણ રમાડાશે

મુંબઈ

ICC ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં મોટા ફેરફારોની તૈયારી કરી રહી છે. સૌથી મહત્વપૂર્ણ પ્રસ્તાવ રેડ બોલથી શરૂ થયેલી કોઈપણ ટેસ્ટ મેચની વચ્ચે પિંક બોલનો ઉપયોગ કરવાનો છે. બોલ એવી પરિસ્થિતિઓમાં બદલવામાં આવશે જ્યારે ખરાબ લાઈટને કારણે રમત રોકી દેવામાં આવી હોય. રેડ બોલ ફ્લડ લાઈટ્સમાં બરાબર દેખાતો નથી. જ્યાં સુધી ખરાબ લાઈટ હોય ત્યાં સુધી રેડ બોલની જગ્યાએ પિંક બોલથી રમત રમાય. જોકે, આ માટે મેચ રમી રહેલી બંને ટીમના કેપ્ટનોએ સંમતિ આપવી પડશે. આ પ્રસ્તાવ ફક્ત દિવસ દરમિયાન રમાતી ટેસ્ટ મેચ માટે છે. સાથે જ, આ નિયમો ફક્ત તે જ મેદાનો પર લાગુ થઈ શકે છે જ્યાં પહેલાથી ફ્લડ લાઈટ્સ લગાવેલી હોય. ડે-નાઈટ



ટેસ્ટ મેચ સંપૂર્ણપણે પિંક બોલથી જ રમાય છે. ક્રિકબઝ અનુસાર, ફેરફારો સંબંધિત પ્રસ્તાવો ગુરુવારે ICC ચીફ એક્ઝિક્યુટિવ કમિટી (CEC)ની વર્ચ્યુઅલ બેઠકમાં રજૂ કરવામાં આવ્યા હતા. ICC ક્રિકેટ કમિટીના પ્રમુખ સૌરવ ગાંગુલી પણ બેઠકમાં હાજર રહ્યા હતા. આ પ્રસ્તાવો પર 30 મેના રોજ અમદાવાદમાં યોજાનારી ICC બોર્ડ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે અને મંજૂરી મળ્યા બાદ નવા નિયમો 1 ઓક્ટોબરથી લાગુ કરી શકાય છે. વન-ડેમાં દરેક ઈનિંગમાં બે ડ્રિંક્સ બ્રેક હોય છે. હાલમાં ડ્રિંક્સ બ્રેક દરમિયાન માત્ર સબસ્ટિટ્યુટ ખેલાડીઓ જ મેદાન પર જઈ શકે છે. તેમાં પણ ડ્રિંક્સ લઈ જનારા ખેલાડીઓનું ક્રિકેટ ડ્રેસમાં હોવું ફરજિયાત છે. પ્રસ્તાવ મુજબ, હેડ કોચને પણ ખેલાડીઓ સાથે વાત કરવા માટે મેદાન પર આવવાની મંજૂરી મળશે.

## ટ્રેવિસ હેડ અને વિરાટ કોહલી વચ્ચે મેદાનમાં માથાકૂટ, મેચ બાદ હાથ પણ ન મિલાવ્યા

### મેદાન બાદ હવે સોશિયલ મીડિયા પર જંગ! કોહલી સાથેની તકરાર વચ્ચે ટ્રેવિસ હેડની પોસ્ટ વાયરલ

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં શુક્રવારે (22મી મે) રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) અને સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) વચ્ચે એક હાઈ-વોલ્ટેજ મુકાબલો રમાયો હતો. હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં માત્ર ચોગ્ગા-છગ્ગાનો વરસાદ જ જોવા ન મળ્યો, પરંતુ વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ વચ્ચે મેદાન પર થયેલી ગરમાગરમ બોલાચાલી અને 'શીત યુદ્ધ'એ સોશિયલ મીડિયા પર ચાહકોનું સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે. મેચ પૂરી થયા બાદ બંને ખેલાડીઓએ હાથ પણ મિલાવ્યા ન હોવાના વીડિયો વાઈરલ થતાં વિવાદ વધુ ઘેરો બન્યો છે.મેચ દરમિયાન વિરાટ કોહલી ભારે આક્રમક મૂડમાં જોવા મળ્યો હતો. આરસીબીના બેટર વેંકટેશ ઐયર જ્યારે શિવાંગ



કુમારની ઓવરમાં સતત મોટા શોટ્સ રમીને રન એકઠા કરી રહ્યા હતા, ત્યારે કેમેરા વિરાટ કોહલી અને ટ્રેવિસ હેડ પર કેન્દ્રિત થયો હતો. કોહલી નોન-સ્ટ્રાઈકર એન્ડ પરથી ટ્રેવિસ હેડ તરફ ઈશારો કરીને તેને બોલિંગ કરવા માટે આમંત્રણ આપતો દેખાયો હતો. કોમેન્ટેટર્સના જણાવ્યું હતું કે, 'કોહલી મજાકિયા પરંતુ પડકારજનક અંદાજમાં હેડને કહી રહ્યો હતો કે, 'ચાલો, થોડી ઓફ-સ્પિન ફેંકીએ.' ચોથી ઓવરમાં વેંકટેશ ઐયરે 23 રન ઝૂડી કાઢ્યા બાદ, કોહલી વારંવાર ટ્રેવિસ હેડ તરફ જોઈને કંઈક કહી રહ્યો હતો.

આ દરમિયાન એક ક્ષણ એવી પણ આવી જ્યારે કોહલીએ હેડને મેદાન પરથી દૂર જવા માટે હાથથી ઈશારો કર્યો હતો. જોકે, આ વાતચીત દરમિયાન બંને ખેલાડીઓના ચહેરા પર હાસ્ય પણ હતું, પરંતુ કોહલીની આક્રમક બોડી લેંગ્વેજે આખી ઘટનાને સોશિયલ મીડિયા પર વાઈરલ કરી દીધી હતી. આ સિવાય જ્યારે હેડ ફિલ્ડિંગ પોઝિશન બદલી રહ્યો હતો, ત્યારે પણ કોહલી તેની સાથે દલીલ કરતો નજરે પડ્યો હતો.મેચ પૂર્ણ થયાના થોડા જ સમયમાં ટ્રેવિસ હેડે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર બોલિંગ સમયની એક તસવીર શેર કરી હતી. આ કેપ્શનમાં તેણે લખ્યું હતું, 'શરીરને અસમંજસમાં રહેવા દો'. હેડની આ પોસ્ટ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ફેન્સે તેને સીધી વિરાટ કોહલી સાથેના વિવાદ સાથે જોડી દીધી હતી. મોટાભાગના યુઝર્સનું માનવું છે કે આ પોસ્ટ કોહલી સાથે થયેલી તીખી ચર્ચાનો પરોક્ષ જવાબ છે. જોકે, વાસ્તવમાં આ ફિટનેસ અને જિમ સાથે જોડાયેલી એક ટર્મ છે, જેનો અર્થ 'શરીરને સતત નવા પડકારો આપવા જેથી તે એક જ રૂટિનનો આદિ ન બને' તેવો થાય છે. પરંતુ મેચની પરિસ્થિતિને જોતાં આ પોસ્ટ હાલ ભારે ચર્ચાનો વિષય બની છે.



### ઓફર ફોર સેલ દ્વારા ₹2,455 કરોડ એકત્ર કરશે

## સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સરકાર 8% હિસ્સો વેચશે

મુંબઈ

સરકારે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં ઓફર ફોર સેલ (OFS) દ્વારા પોતાનો 8% હિસ્સો વેચવાનો નિર્ણય કર્યો છે. આ OFS માટે સરકારે ફ્લોર પ્રાઈસ 31 પ્રતિ શેર નક્કી કરી છે, જે બેંકના ગુરુવારના ક્લોઝિંગ પ્રાઈસ 33.94 કરતાં 8.5% થી વધુના ડિસ્કાઉન્ટ પર છે. આ નિર્ણય પછી આજે એટલે કે શુક્રવાર, 22 મેના રોજ બજારમાં સેન્ટ્રલ બેંકના શેરમાં 5% થી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. તે 32 રૂપિયાની આસપાસ ટ્રેડ કરી રહ્યો છે. એક મહિનામાં તે 13% થી વધુ તૂટ્યો છે.

**નોન-રીટેલ અને રીટેલ રોકાણકારો માટે OFS અલગ-અલગ દિવસે ખુલશે**

ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (DIPAM) દ્વારા જાહેર કરાયેલી નોટિસ મુજબ, આ




OFS નોન-રીટેલ રોકાણકારો માટે 22 મે 2026 ના રોજ ખુલશે. જ્યારે, રીટેલ રોકાણકારો અને બેંકના કર્મચારીઓ આ ઈશ્યુ માટે 25 મે 2026 ના રોજ પોતાની બોલી લગાવી શકશે. બંને દિવસોએ ટ્રેડિંગ દરમિયાન સવારે 9:15 વાગ્યાથી બપોરના 3:30 વાગ્યા સુધી બોલી લગાવી શકાય છે. બેઝ ઓફરમાં 4% હિસ્સેદારી, માગ રહેતા 4% વધારાના વેચવાનો વિકલ્પે ઝ ઓફર હેઠળ સરકાર 4% એટલે કે 36,20,56,051 ઈક્વિટી શેર વેચશે. જો રોકાણકારોની માગ સારી રહેશે તો સરકાર આટલા જ વધુ શેર વેચશે. વર્તમાનમાં સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સરકારની હિસ્સેદારી 89.27% છે.

સરકારની આ હિસ્સેદારીનું વેચાણ સરકારની વિનિવેશ અને પબ્લિક શેરહોલ્ડિંગ નિયમોના પાલનની રણનીતિનો ભાગ છે. ઓફર ડોક્યુમેન્ટ અનુસાર, નોન-રીટેલ રોકાણકારો માટે અનામત રાખવામાં આવેલા શેરોમાંથી ઓછામાં ઓછો 25% હિસ્સો મ્યુચ્યુઅલ ફંડ અને ઈન્સ્યોરન્સ કંપનીઓને ફાળવવામાં આવશે. જોકે, આ માટે જરૂરી છે કે તેમની બોલીઓ ફ્લોર પ્રાઈસ અથવા તેનાથી ઉપરની કિંમતે મળે. નોન-રિટેલ રોકાણકારો તેમની ફાળવણી ન થયેલી બિડ્સને બીજા દિવસે (T+1 day) માટે પણ કેરી ફોરવર્ડ કરી શકે છે.

### ઈરાન-ઈઝરાયેલ સંકટ વચ્ચે સરકારી તિજોરીને મોટી રાહત મળશે

## RBI સરકારને ₹2.87 લાખ કરોડનું ડિવિડન્ડ આપશે: ગયા વર્ષ કરતાં સાત ટકા વધારે

મુંબઈ

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ નાણાકીય વર્ષ 2025-26 માટે કેન્દ્ર સરકારને 2,86,588.46 કરોડનું ડિવિડન્ડ (નફાનો હિસ્સો) આપવાની મંજૂરી આપી છે. શુક્રવારે RBIના સેન્ટ્રલ બોર્ડની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. આ અત્યાર સુધીનું સૌથી મોટું ડિવિડન્ડ ચુકવણું છે. ગયા વર્ષે RBIએ 2.11 લાખ કરોડની સરખામણીમાં 27% વધુ એટલે કે 2.69 લાખ કરોડનું ડિવિડન્ડ આપ્યું હતું. આ વખતની રકમ ગયા રેકોર્ડ કરતાં પણ લગભગ 7% વધુ છે. મિડલ ઈસ્ટ સંકટ વચ્ચે સરકારને મળ્યું સુરક્ષા કવચ મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ અસ્થિર રહ્યા છે. ભારત તેની જરૂરિયાતનું મોટાભાગનું ઓઈલ આયાત કરે છે, જેનાથી સરકારી તિજોરી પર બોજ વધી રહ્યો છે. આવી સ્થિતિમાં, RBI પાસેથી મળેલી આ મોટી રકમ કેન્દ્ર સરકાર માટે સુરક્ષા કવચનું




કામ કરશે. તેનાથી સરકારને ખાતર અને ઈંધણ પર આપવામાં આવતી સબસિડીના વધતા ખર્ચને સંભાળવામાં મદદ મળશે. રિઝર્વ બેંકે જણાવ્યું કે ગયા વર્ષની સરખામણીમાં તેની કુલ કમાણીમાં લગભગ 26%નો વધારો થયો છે. જોકે, બેંકના ખર્ચમાં પણ લગભગ 28%નો વધારો થયો છે. RBIની બેલેન્સ શીટ હવે 20% વધીને લગભગ 92 લાખ કરોડની થઈ ગઈ છે. જો બેંકના ચોખ્ખા નફાની વાત કરીએ (કોઈપણ પ્રકારના જોખમ ભંડોળને અલગ રાખતા પહેલા), તો આ વર્ષે RBIએ 3.95 લાખ કરોડ કમાયા છે, જે ગયા વર્ષના 3.13 લાખ કરોડની સરખામણીમાં ઘણું વધારે છે. રિસ્ક બફરમાં ઘટાડો, જેથી સરકારને વધુ પૈસા મળી શકે RBIએ આ વખતે તેના 'ઈમરજન્સી ફંડ' (કન્ટિન્જન્સી રિસ્ક બફર) માંથી થોડો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ તે પૈસા છે જેને રિઝર્વ બેંક કોઈપણ અચાનક આવતી આર્થિક કટોકટી અથવા બજારના ઉતાર-ચઢાવનો સામનો કરવા માટે સાચવીને રાખે છે. અગાઉ RBI તેની કુલ સંપત્તિ (બેલેન્સ શીટ) નો 7.5% હિસ્સો આ ફંડમાં રાખતું હતું, જેને હવે ઘટાડીને 6.5% કરી દેવામાં આવ્યો છે.

### રિઝર્વ બેંકના લિક્વિડિટી વધારવાના પગલાં, ડોલર સામે રૂપિયાની મજબૂતીએ

## બેંકિંગ-ફાઈનાન્સ શેરોની આગેવાનીએ ફંડોની તેજી : સેન્સેક્સ 232 પોઈન્ટ વધીને 75415

### નિફ્ટી 65 પોઈન્ટ વધીને 23719 : હેલ્થકેર શેરોમાં ફંડોનું ઓફલોડિંગ : સ્મોલ, મિડ કેપ શેરોમાં સિલેક્ટિવ તેજી : FPIs/FIIની કેશમાં રૂ.4440 કરોડની ચોખ્ખી વેચવાલી

મુંબઈ

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) દ્વારા લિક્વિડિટી વધારવાના પગલાં લેવાઈ રહ્યા હોઈ એક તરફ ૨૬મીએ પાંચ અબજ ડોલરના ડોલર-સ્વેપ ઓક્શન યોજવાના નિર્ણય અને હવે આરબીઆઈ દ્વારા કેન્દ્ર સરકારને રેકોર્ડ રૂ.૨.૮૭ લાખ કરોડનું ડિવિડન્ડ જાહેર થતાં ફંડોએ આજે બેંકિંગ-ફાઈનાન્સ શેરોની આગેવાનીમાં તેજી કરી હતી. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં સતત વેચવાલી સામે લોકલ ફંડોની શેરોમાં અવિરત ખરીદી રહી હતી. અમેરિકી ડોલર સામે રૂપિયો ગઈકાલે મજબૂત બન્યા બાદ આજે વધુ ૫૧ પૈસા મજબૂત થઈને ૯૫.૬૯ થતાં ફંડોની આજે શેરોમાં વોલેટીલિટીના અંતે તેજી રહી હતી. બેંકિંગ-ફાઈનાન્સ શેરો સાથે મેટલ-માઈનીંગ, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં ખરીદી રહી હતી. ફંડોએ સન ફાર્માના સારા ત્રિમાસિક પરિણામ છતાં હેલ્થકેર-ફાર્મા શેરોમાં પ્રોફિટ બુકિંગ કર્યું હતું. કોર્પોરેટ પરિણામો જાહેર થવા સાથે સિલેક્ટિવ એ ગુરૂપના શેરોમાં ખરીદી



સામે કેટલાક શેરોમાં વેચવાલી થઈ હતી. સેન્સેક્સ ૭૫૨૩૦થી ૭૫૮૧૧ વચ્ચે અથડાઈ અંતે ૨૩૧.૯૯ પોઈન્ટ વધીને ૭૫૪૧૫.૩૫ બંધ રહ્યો હતો. નિફ્ટી ૫૦ સ્પોટ ૨૩૬૭૧થી ૨૩૮૩૬ વચ્ચે અથડાઈ અંતે ૬૪.૬૦ પોઈન્ટ વધીને ૨૩૭૧૯.૩૦ બંધ રહ્યો હતો. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં આજે ફંડોની ફરી મોટી ખરીદી થઈ હતી. એક્સિસ બેંક રૂ.૩૧.૬૫ વધીને રૂ.૧૨૮૫.૨૫, એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક રૂ.૧૯.૨૦ વધીને રૂ.૯૭૮.૩૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૨૨ વધીને રૂ.૧૨૬૪.૯૦, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૧૧ વધીને રૂ.૯૧૦.૬૫, ફેડરલ બેંક રૂ.૩.૪૦ વધીને રૂ.૨૮૭.૨૦, એચડીએફસી બેંક રૂ.૭.૩૫ વધીને રૂ.૭૬૬.૪૦, કોટક બેંક રૂ.૩.૪૫ વધીને રૂ.૩૮૪.૨૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૭૦૯.૨૨ પોઈન્ટ વધીને ૬૦૯૦૪.૪૫ બંધ રહ્યો હતો. ફાઈનાન્શિયલ સર્વિસિઝ, અન્ય બેંકિંગ શેરોમાં આજે પસંદગીની ખરીદી રહી હતી. સમ્માન કેપિટલ અબુધાબીની એચએસી પ્રમોટર હોલ્ડિંગ કંપની બનતાં શેર રૂ.૭.૫૦ વધીને રૂ.૧૬૧.૬૫, રેલીગેર રૂ.૧૧.૦૫ વધીને રૂ.૨૪૦.૪૦, ડેમ કેપિટલ રૂ.૬.૭૦ વધીને રૂ.૧૬૦.૮૫, મની બોક્સ રૂ.૨.૮૮ વધીને રૂ.૭૨.૮૮, નીવા બુપા રૂ.૨.૪૬ વધીને રૂ.૮૫.૯૬, બિરલા મની રૂ.૩.૯૫ વધીને રૂ.૧૩૮.૬૫, શ્રીરામ ફાઈનાન્સ રૂ.૨૬.૩૦ વધીને રૂ.૯૪૧.૧૫, ચૌલા ફિન રૂ.૩૬.૩૫ વધીને રૂ.૧૫૪૦.૮૫, પિલાની ઈન્વેસ્ટમેન્ટ રૂ.૧૦૫.૪૫ વધીને રૂ.૪૬૩૯.૫૦, આવાસ રૂ.૩૦.૫૦ વધીને રૂ.૧૩૯૮.૮૫, એબી કેપિટલ રૂ.૭.૬૦ વધીને રૂ.૩૫૭.૧૦, ઉગ્રો કેપિટલ રૂ.૨.૧૦ વધીને રૂ.૯૯.૯૦ રહ્યા હતા.

## સોનાની કિંમતમાં ઘટાડો પરંતુ ચાંદી કિંમત વધી

- **PM મોદીની અપીલ અને ઈમ્પોર્ટ ડ્યુટી બાદ બજારમાં હલચલ જોવા મળી હતી**

મુંબઈ

સોના-ચાંદીના ભાવમાં એક તરફ ઘટાડો જોવા મળી રહ્યો છે, તો બીજી તરફ ચાંદીના ભાવમાં પહેલાની તુલનામાં વધારો જોવા મળી રહ્યો છે. તેવામાં ઈન્ડિયન બુલિયન્સ જ્વેલર્સ એસોસિએશને નવી કિંમતોનું એલાન કરી દીધુ છે. શુક્રવારે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો, તો બીજી બાજુ ચાંદીના ભાવમાં ચમક દેખાવા લાગી. ઈન્ડિયન બુલિયન્સ જ્વેલર્સ એસોસિએશનના રિપોર્ટ પ્રમાણે શુક્રવારે 24 કેરેટ સોનાનો ભાવ 1,58,354 રૂપિયા પ્રતિ 10 ગ્રામના સ્તર પર જોવા મળ્યો, ગુરૂવારના ભાવ કરતા શુક્રવારે સોનાના ભાવમાં 593 રૂપિયાનો ઘટાડો જોવા મળ્યો છે.

ચાંદીના ભાવમાં ચમક શુક્રવારે સોનાના બદલે ચાંદીના ભાવમાં ચમક જોવા મળી, 1 કિલોગ્રામ ચાંદીનો ભાવ ગઈકાલના મુકાબલે શુક્રવારે 1,625 રૂપિયા વધી ચુક્યો છે. ગુરુવારે બુલિયન્સ માર્કેટમાં સિલ્વરનો ભાવ 2,65,808 રૂપિયા રહ્યો હતો. કેન્દ્ર સરકાર ગોલ્ડ ઈમ્પોર્ટ ડ્યુટીને લઈને ખુબજ સખત નિયમો અપનાવી રહી છે. ગયા અઠવાડિએ કેન્દ્ર સરકારે સોના પર લાગનારી ઈમ્પોર્ટ ડ્યુટીને 6 ટકાથી વધારીને 15 ટકા કરી દીધી હતી. એટલે કે ભારતમાં વિદેશમાંથી સોનું મંગાવવું ખુબજ મોંઘુ થઈ ગયું છે. સરકારે ઈમ્પોર્ટ ડ્યુટી વધારવાનો નિર્ણય વર્તમાન વૈશ્વિક સ્થિતિઓને જોઈને લેવો પડી રહ્યો છે. યુદ્ધને પગલે દુનિયાભરમાં અસ્થિરતાનો માહોલ ફેલાયેલો છે. શેરબજારથી લઈને સોના-ચાંદીના ભાવમાં પણ ઉથલ પાથલ જોવાઈ રહી છે. એવામાં સરકાર પોતાના ફોરેક્સ રિઝર્વને સુરક્ષિત રાખવા ઈચ્છી રહી છે.

# RBIને રૂપિયા 8.70 કરોડનો ચૂનો લગાવનાર બેંક કર્મચારી ઝડપાયો

## ■ ચોરીના પૈસાથી 2 કરોડનો બંગલો અને 1.40 કરોડની દુકાન ખરીદી, પત્ની RPFમાં હેડ કોન્સ્ટેબલ


**અમદાવાદ**

શહેરના કાલુપુર સ્થિત ગાંધી રોડ પર આવેલી બેંક ઓફ બરોડાની શાખામાં રાખવામાં આવેલા RBIના સત્તાવાર કરન્સી ચેસ્ટમાંથી અંદાજે 8.77 કરોડ રૂપિયા ગાયબ થવાના સનસનીખેજ મામલામાં પોલીસે મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી છે. લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB Zone 3)ની ટીમે સોલા એનએફસી રોડ વિસ્તારમાંથી બેંકના જ જોઈન્ટ કસ્ટોડિયન હરસિદ્ધ કડિયાણાની ધરપકડ કરી છે. તેની પાસેથી પાર્ક કરેલી કારમાંથી 2.2 કરોડ રૂપિયાની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.

પકડાયેલો મુખ્ય આરોપી હરસિદ્ધ અર્જુનભાઈ કડિયાણા (ઉંમર 42 વર્ષ, રહે. ચાંદખેડા) બેંકમાં જોઈન્ટ કસ્ટોડિયન તરીકે ફરજ બજાવતો હતો. આરોપીની કબૂલાત બાદ સોલા વિસ્તારના એક એપાર્ટમેન્ટના બેઝમેન્ટમાં પાર્ક કરેલી અર્ટિગા કારમાંથી કરોડોની રોકડ મળી આવી. કેશ બોક્સમાંથી 500 રૂપિયાના દરની નોટોના બંડલ કાઢીને તેની જગ્યાએ કાગળના થોથા ગોઠવી દેવાતા હતા. જેથી કોઈને શંકા ન જાય. કૌભાંડ છૂપાવવા માટે આરોપીએ RBIના સત્તાવાર 'eKuber' પોર્ટલ પર નકલી ચેસ્ટ બેલેન્સ સર્ટિફિકેટ અને સ્લિપ અપલોડ કરી રકમોની હેરાફેરી કરી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી હરસિદ્ધે 6 જાન્યુઆરીથી 13 મે વચ્ચેના ગાળામાં આ આખી ચોરીને અંજામ આપ્યો હતો. તે બેંકના હિસાબોના ચોપડામાં ખોટી એન્ટ્રીઓ કરતો અને 'eKuber' પોર્ટલ પર પણ ખોટો ડેટા સબમિટ કરીને ઓડિટ ટીમને છેતરતો હતો. બેંકના સત્તાવાળાઓને હિસાબમાં મોટી








વિસંગતતા દેખાતા આખરે 15 મેના રોજ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS), 2023 હેઠળ સત્તાવાર ગુનો નોંધાયો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચની પૂછપરછ દરમિયાન આરોપીએ પોતે છૂપાવેલા નાણાંની વિગતો આપી હતી. કાલુપુર પોલીસે સોલા નજીક એવરેસ્ટ એન્ક્લેવના બેઝમેન્ટ પાર્કિંગમાં દરોડો પાડ્યો હતો. આરોપીની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપીએ જાન્યુઆરી મહિનામાં જ ચોરી કરી હતી.આરોપીએ ભંગારના ખોખાની આડમાં ચોરી કરી રોકડ પોતાના ઘરે લઈ ગયો હતો.

### ■ આરોપીએ ભંગારનું કહીને કરોડો રૂપિયાના બોક્સ બહાર કાઢ્યા હતા

બેંક સત્તાવાળાઓએ તાત્કાલિક સીસીટીવી (CCTV) ફૂટેજ તપાસતા માલૂમ પડ્યું કે, ગત 13 જાન્યુઆરીના રોજ આરોપી હરસિદ્ધ કડિયાર બેંકમાંથી કેટલાક બોક્સ લઈને બહાર જઈ રહ્યો હતો. તે સમયે તેણે અન્ય સ્ટાફને એવું બહાનું આપ્યું હતું કે, આ બોક્સમાં ભંગાર ભરેલો છે અને તે ભંગાર બહાર ફેંકવા જઈ રહ્યો છે.ગત 13 એપ્રિલના રોજ તેણે ચીફ મેનેજરને તબિયત ખરાબ હોવાનો મેસેજ કરીને એક દિવસની રજા લીધી. તે પછી વધુ 5 દિવસની મેડિકલ લીવ લીધી અને ત્યારબાદ 20 એપ્રિલથી ગાયબ થઈ ગયો હતો.

### ■ પોલીસે રૂ. 2.20 કરોડની રોકડ કબજે કરી

ફરિયાદ થતા પોલીસે તપાસ શરૂ કરી હતી ત્યારે ઝોન 3 એલસીબી સ્કોડના PSI વી.એચ રાઠોડની ટીમે આરોપીને સોલા વિસ્તારમાંથી ઝડપી લીધો હતો.આરોપી સોલામાં ઔડાના મકાનમાં રોકાયો હતો. ઔડાના મકાનની નીચે પાર્ક કરેલી આર્ટિકા કારમાંથી પોલીસને 2.20 કરોડ રોકડ પણ મળી આવી હતી જે આરોપીએ ચોરી કરી હતી.આરોપીની ધરપકડ કરીને 2.20 કરોડ,આર્ટિકા કાર અને મોબાઈલ ફોન કબજે કરવામાં આવ્યા હતા.

**સરખેજ ભારતી આશ્રમ વિવાદોના વંટોળમાં**

# સાધુનો કથિત આપત્તિજનક વીડિયો વાયરલ થતાં સનાતન ધર્મમાં ભારે આક્રોશ

## મળતી વિગતો મુજબ, વાયરલ થયેલા આ કથિત વીડિયોમાં દેખાતી સામગ્રી ધાર્મિક મર્યાદાઓ અને સાધુતાના આચરણ પર ગંભીર સવાલો ઊભા કરે તેવી છે

**અમદાવાદ**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં આવેલા પવિત્ર અને સુપ્રસિદ્ધ ભારતી આશ્રમ સાથે સંકળાયેલા એક સાધુનો કથિત આપત્તિજનક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે હોબાળો મચી ગયો છે. ધાર્મિક આસ્થાના કેન્દ્ર સમાન આશ્રમના સાધુનો આવો વિવાદાસ્પદ વીડિયો સામે આવતાની સાથે જ ભક્તગણો અને સનાતન ધર્મના અનુયાયીઓમાં તીવ્ર રોષ અને આક્રોશ ફાટી નીકળ્યો છે. હાલમાં સોશિયલ મીડિયા પર આ મુદ્દો દાવાનળની જેમ ફેલાઈ રહ્યો છે અને ચર્ચાના ચકડોળે ચડ્યો છે.

મળતી વિગતો મુજબ, વાયરલ થયેલા આ કથિત વીડિયોમાં દેખાતી સામગ્રી ધાર્મિક મર્યાદાઓ અને સાધુતાના આચરણ પર ગંભીર સવાલો ઊભા કરે તેવી છે. આશ્રમની ગરિમાને કલંકિત કરતા આ વીડિયોને પગલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર લોકોનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો છે. નેટીઝન્સ અને



સ્થાનિક અગ્રણીઓ આ મામલે સહેજ પણ ચલાવી લેવાના મૂડમાં નથી. આ ઘટનાથી ભક્તોની ધાર્મિક લાગણી દુભાતા લોકો હવે આ કથિત સાધુ સામે કાયદાકીય રીતે કડકમાં કડક અને ઘાતક કાર્યવાહી કરવાની માંગ પર અડગ બન્યા છે.

નોંધનીય છે કે, ભારતી આશ્રમ લાખો શ્રદ્ધાળુઓની આસ્થાનું પ્રતીક રહ્યો છે, ત્યારે આવા વિવાદથી આશ્રમની છબી ખરડાઈ છે. લોકો સવાલ ઉઠાવી રહ્યા છે કે પવિત્ર ભગવા વસ્ત્રો પાછળ આવું આચરણ કેટલું યોગ્ય? આ મામલો અત્યારે હાઈપ્રોફાઈલ બની ચૂક્યો છે અને આશ્રમ વહીવટી તંત્ર તેમજ પોલીસ આ કથિત વીડિયોની સત્યતાની તપાસ કરે તે જરૂરી બન્યું છે. આગામી સમયમાં જો આ મામલે યોગ્ય એક્શન લેવામાં નહીં આવે, તો હિન્દુ સંગઠનો અને ભક્તો દ્વારા ઉગ્ર આંદોલન છેડવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે.

**80 કરોડનું નુકસાન**

# સાંતેજની કેમિકલ ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં એક વ્યક્તિનું મોત..

**અમદાવાદ**

અમદાવાદ નજીક ગાંધીનગરની હદને અડીને આવેલા સાંતેજ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં શુક્રવારે સાંજે લાગેલી ભયાનક આગે ભારે તબાહી મચાવી છે. શુક્રવાર સાંજથી શરૂ થયેલી આગ પર કાબૂ મેળવ્યા બાદ, શનિવારે સવારે 7 વાગ્યે ફેક્ટરી પરિસરમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ છે. પ્રાથમિક અંદાજ મુજબ, આ આગના કારણે કંપનીને અંદાજે 80 કરોડ રૂપિયાનું મોટું આર્થિક નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. સાંતેજ ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં આવેલી ફેઈથ ઈન્ડસ્ટ્રિયલ લિમિટેડ નામની કેમિકલ અને પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીમાં શુક્રવારે સાંજે 05 વાગ્યે આગ લાગી હતી. શનિવારે સવારે ફેક્ટરીમાંથી એક અજાણ્યો મૃતદેહ મળી આવ્યો છે. જેને પોસ્ટમોર્ટમ અને ઓળખ માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો છે. આગ એટલી ભીષણ હતી કે તે બાજુમાં આવેલી ટેક્નો ઈન્સ્ટ્રુમેન્ટ ફેક્ટરીમાં પણ ફેલાઈ ગઈ હતી અને તેને પણ ભારે નુકસાન પહોંચાડ્યું છે. આગ બુઝાવવા માટે ફાયર બ્રિગેડના 15 વાહનો અને 98 જેટલા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, શુક્રવારે સાંજે 05 વાગ્યે કંટ્રોલ રૂમને આગ લાગવાનો કોલ મળ્યો હતો. થલતેજ અને ચાંદખેડા ફાયર સ્ટેશનની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી. ફેક્ટરીમાં કેમિકલ અને પ્લાસ્ટિકના ઉત્પાદન માટે રાખવામાં આવેલો અતિ જ્વલનશીલ કાચો માલ હાજર હોવાથી આગે મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું, જેના કારણે આસપાસના કામદારોમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

**મોંઘવારીનો માર: મધ્ય-પૂર્વના તણાવ વચ્ચે**

# પેટ્રોલ-ડીઝલના ભાવમાં 10 દિવસમાં જ લાગી હેટ્રિક

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલની સપ્લાય ખોરવાવાને કારણે સ્થાનિક સ્તરે કિંમતો વધારવી પડી રહી છે, પરંતુ તેના લીધે મધ્યમ વર્ગનું માસિક બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઇ ગયું છે

**અમદાવાદ**

મિડલ-ઈસ્ટ (મધ્ય-પૂર્વ) માં ચાલી રહેલા આંતરરાષ્ટ્રીય તણાવ અને ભૌગોલિક પરિસ્થિતિઓની સીધી આકરી અસર હવે ભારતના સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડવાનું શરૂ થઈ ગયું છે. દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં અવિરતપણે વધારો થઈ રહ્યો છે. શનિવારે ફરી એકવાર તેલ કંપનીઓ દ્વારા પેટ્રોલના ભાવમાં ૮૭ પૈસા પ્રતિ લીટર અને ડીઝલના ભાવમાં ૯૧ પૈસા પ્રતિ લીટરનો આકરો ઝીંકવામાં આવ્યો છે. સામાન્ય જનતા માટે સૌથી વધુ ચિંતાની વાત એ છે કે છેલ્લા ૧૦ દિવસની અંદર આ ત્રીજી વખત છે જ્યારે ઈંધણના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. આ સતત વધારા સાથે ચાલુ મે





મહિનામાં જ અત્યાર સુધીમાં પેટ્રોલ અને ડીઝલ અંદાજે ૫ રૂપિયા જેટલા મોંઘા થઈ ચૂક્યા છે.

ઈંધણના ભાવમાં ૧૦ દિવસમાં જ વધારાની આ હેટ્રિક સર્જાઈ છે. આ અગાઉ ૧૫ મેના રોજ વૈશ્વિક પરિસ્થિતિઓને પગલે પેટ્રોલ અને ડીઝલની કિંમતોમાં એકસાથે ૩-૩ રૂપિયાનો મોટો વધારો ઝીંકાયો હતો. ત્યાર બાદ ૧૯ મેના રોજ ફરીથી પેટ્રોલ ૮૭ પૈસા અને ડીઝલ ૯૧ પૈસા મોંઘું થયું હતું. હવે શનિવારના આ ત્રીજા વધારા બાદ દેશની રાજધાની દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૮૭ પૈસા વધીને ૯૮.૬૪ થી સીધી ૯૯.૫૧ પ્રતિ લીટર થઈ ગઈ છે. જ્યારે ડીઝલની કિંમત ૯૧ પૈસાના વધારા સાથે ૯૧.૫૮ થી વધીને ૯૨.૪૯ પ્રતિ લીટર પર પહોંચી ગઈ છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલની સપ્લાય ખોરવાવાને કારણે સ્થાનિક સ્તરે કિંમતો વધારવી પડી રહી છે, પરંતુ તેના લીધે મધ્યમ વર્ગનું માસિક બજેટ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધવાને કારણે આગામી દિવસોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ પણ મોંઘી થવાના એંધાણ દેખાઈ રહ્યા છે.

**3 હોસ્પિટલો બદલી પણ જીવ ન બચ્યો**

# દસક્રોઈમાં હીટ એન્ડ રનની ઘટનામાં 3 વર્ષના માસૂમનું મોત

**અમદાવાદ**

અમદાવાદના આઉટર વિસ્તાર ગણાતા દસક્રોઈ તાલુકાના ગામડી ગામ પાસે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં માતા સાથે ખરીદી કરી ઘર પાસે રસ્તા કિનારે ઊભેલા સાડા ત્રણ વર્ષના માસૂમ બાળકને એક બેફામ સ્પીડે આવતા પિક-અપ ટેમ્પોએ અડફેટે લીધો હતો. ગંભીર રીતે અકસ્માતમાં ઘવાયેલા બાળકનું SVP હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં શ્રમિક પરિવાર હીબકે ચડ્યો હતો. મૂળ મહેસાણા જિલ્લાના વતની અને હાલ ગામડી ગામ પાસે રહીને મજૂરી કામ કરતા નવઘણભાઈ ઝાલાનો સાડા ત્રણ વર્ષનો પુત્ર ક્રિષ્ણા આ અકસ્માતનો ભોગ બન્યો છે. 21 મેની સાંજે ક્રિષ્ણાની માતા વર્ષાબહેન અન્ય મહિલા અને બાળકો સાથે વટવા વિસ્તારમાં કરિયાણું ખરીદવા ગયા હતા. સાંજે આશરે 7 વાગ્યે તેઓ રિક્ષા પાછી બાંધીને ગામડી સ્થિત 'સ્વાસ્તિક-2' ફ્લેટ્સ નજીક પોતાના ઘર પાસે ઉતર્યા હતા. પરિવાર હજુ રસ્તાની સાઈડમાં ઊભો જ હતો, તે દરમિયાન અચાનક એક પિક-અપ ટ્રકના ચાલકે પોતાના વાહનને પૂરઝડપે અને બેજવાબદારીપૂર્વક હંકારી લાવી માસૂમ ક્રિષ્ણાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટેમ્પોનું વ્હીલ ફરી વળતાં બાળકને માથાના પાછળના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક વાહન સાથે ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ગંભીર હાલતમાં લોહીલુહાણ થયેલા માસૂમને તાત્કાલિક વટવાની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાંથી વધુ સારવાર માટે એલ.જી. હોસ્પિટલ અને ત્યારબાદ સિવિલ બોડીની SVP હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

**એરપોર્ટ પ્રશાસને યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યો હતો**

# અમદાવાદથી રાંચી જતી ફ્લાઈટમાં યુવકની તબિયત લથડતાં મોત : જબલપુરમાં ઈમરજન્સી લેન્ડિંગ કરાયું

## સુદીપ કુમાર પોતાની બહેન સાથે ફેફસાંની સારવાર કરાવવા માટે જ અમદાવાદ આવ્યો હતો

**અમદાવાદ**

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી રાંચી જવા રવાના થયેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં એક અત્યંત કરૂણ ઘટના સામે આવી છે. ફ્લાઈટ દરમિયાન હવામાં જ એક 29 વર્ષીય યુવકની તબિયત અચાનક લથડતાં વિમાનનું મધ્ય પ્રદેશના જબલપુર એરપોર્ટ પર કટોકટીની સ્થિતિમાં (ઈમરજન્સી) લેન્ડિંગ કરાવવું પડ્યું હતું. એરપોર્ટ પ્રશાસને યુવકને તાત્કાલિક હોસ્પિટલ ખસેડ્યો હતો, પરંતુ તમામ પ્રયાસો છતાં મોડી રાત્રે સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો હતો. આ ઘટનાને પગલે વિમાનના મુસાફરોમાં પણ થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, મૂળ પશ્ચિમ બંગાળનો અને હાલ રાંચીમાં રહેતો 29 વર્ષીય સુદીપ કુમાર ગૌનિશ ફેફસાં (લંગ્સ) ની ગંભીર




બીમારીથી પીડિત હતો. તે પોતાની બહેન સાથે ફેફસાંની સારવાર કરાવવા માટે જ અમદાવાદ આવ્યો હતો. અમદાવાદમાં ડૉક્ટરોને બતાવીને તે શુક્રવારે સવારે 11:15 વાગ્યે ઈન્ડિગોની ફ્લાઈટ (એરબસ 320) દ્વારા રાંચી જવા માટે રવાના થયો હતો, જે બપોરે 1:25 વાગ્યે રાંચી પહોંચવાની હતી. વિમાન જ્યારે મધ્ય પ્રદેશના જબલપુરના આકાશ ઉપરથી પસાર થઈ રહ્યું હતું, ત્યારે સુદીપને અચાનક શ્વાસ લેવામાં ભારે તકલીફ થવા લાગી હતી અને તેની સ્થિતિ વધુ બગડી ગઈ હતી. તેની બહેન અને સહ-મુસાફરોએ તરત જ કેબિન ક્રૂ મેમ્બર્સને આ અંગે જાણ કરી તાત્કાલિક તબીબી સહાયની માંગ કરી હતી. સ્થિતિની ગંભીરતાને જોઈને ફ્લાઈટના પાયલટે જબલપુરના ડુમના એરપોર્ટના એટીસી (ATC - એર ટ્રાફિક કંટ્રોલ) નો સંપર્ક સાધ્યો અને બપોરે 1:01 વાગ્યે વિમાનનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવ્યું હતું. જબલપુર એરપોર્ટના પ્રભારી ડાયરેક્ટર નીરજ ગુડવાનીના જણાવ્યા અનુસાર, વિમાન નીચે ઉતરતાં જ એરપોર્ટ ઓથોરિટી અને એરલાઈન્સે તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવીને દર્દી સુદીપને જબલપુરની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે એડમિટ કર્યો હતો. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વિમાન અન્ય મુસાફરો સાથે આશરે 50 મિનિટ મોડું રાંચી જવા રવાના થયું હતું.

# સેટેલાઈટની રત્નાકર બિલ્ડિંગમાં શોર્ટ સર્કિટથી ભીષણ આગ લાગી

**અમદાવાદ**

અમદાવાદના પોશ ગણાતા સેટેલાઈટ વિસ્તારમાં આવેલી રત્નાકર બિલ્ડિંગમાં આજે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. અહીં આવેલા રત્નાકર-૩ ફ્લેટના ત્રીજા માળે એક રહેણાંક મકાનમાં આ ગંભીર આગ લાગી હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ હતી કે જોતજોતામાં ફ્લેટના બે રૂમ તેની ઝપેટમાં આવી ગયા હતા અને અંદર રાખેલો તમામ ઘરવખરીનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં બેડરૂમમાં થયેલા શોર્ટ સર્કિટના કારણે આ આગ લાગી હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક અસરથી ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્રીજા માળે આગ લાગી હોવાના કારણે ઉપરના માળના ફ્લેટમાં રહેતા લોકો બિલ્ડિંગમાં જ ફસાઈ ગયા હતા અને ચારેય તરફ ધુમાડાના ગોટેગોટા જોવા મળતા હતા. ફાયર ફાઈટરોએ ભારે જહેમત ઉઠાવીને તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન શરૂ કર્યું હતું અને બિલ્ડિંગમાં ફસાયેલા ૧૨થી વધુ નિર્દોષ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. ગ્રાઉન્ડ પર હાજર અધિકારીઓની સમયસૂચકતાને કારણે આટલી મોટી આગ હોવા છતાં કોઈ જાનહાનિના સમાચાર નથી, જે મોટી રાહતની બાબત છે.

# મેટ્રોમોનિયલ સાઇટ પર ડાયવોર્સી કહી યુવતીને જાળમાં ફસાવી, સિંદૂર ભરી હોટલમાં આચર્યું દુષ્કર્મ

## અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં રહેતી અને અગાઉ છૂટાછેડા લઇ ચૂકેલી એક યુવતીએ વર્ષ 2025માં પુનઃ લગ્ન માટે એક મેટ્રોમોનિયલ સાઇટ પર પોતાની પ્રોફાઇલ અપલોડ કરી હતી

**અમદાવાદ**

અમદાવાદની મેટ્રોમોનિયલ સાઈટ્સ પર જીવનસાથી શોધતા લોકો માટે લાલબત્તી સમાન કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. પોતાની જાતને છૂટાછેડા લીધેલ હોવાનું જણાવી એક યુવકે બે બાળકોની માતા અને ડાયવોર્સી યુવતીને પ્રેમજાળમાં ફસાવી હતી. મંદિરમાં માંગ ભરી લગ્નનો વિશ્વાસ અપાવી યુવકે હોટલમાં યુવતી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. જોકે, યુવકે ફોન ઉપાડવાનું બંધ કરી દેતા જ્યારે યુવતી તેના સુરત સ્થિત ઘરે પહોંચી ત્યારે યુવક પરિણિત અને બે બાળકોનો પિતા હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો હતો. આ મામલે અમદાવાદના માધવપુરા પોલીસ સ્ટેશનમાં દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર, અમદાવાદના નવા વાડજ વિસ્તારમાં રહેતી અને અગાઉ છૂટાછેડા લઈ ચૂકેલી એક યુવતીએ વર્ષ 2025માં પુનઃ લગ્ન માટે એક મેટ્રોમોનિયલ સાઈટ પર પોતાની પ્રોફાઈલ અપલોડ કરી હતી. આ દરમિયાન સુરતના કતારગામ વિસ્તારના પ્રકાશ ડોંડા નામના યુવકે તેનો સંપર્ક કર્યો હતો. પ્રકાશે પોતે પણ ડાયવોર્સી હોવાનું અને વર્ષ 2022માં તેના છૂટાછેડા થઈ ગયા હોવાની ખોટી માહિતી આપી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી. બંને વચ્ચે મુલાકાતોનો દોર શરૂ થયો હતો. પ્રથમ વખત તેઓ અમદાવાદના કાંકરિયા ખાતે મળ્યા હતા. ત્યારબાદ યુવતી પણ પ્રકાશને મળવા સુરત ગઈ હતી, જ્યાં પ્રકાશે તેને પોતાનું ઘર બતાવ્યું હતું. સંબંધો આગળ વધતા પ્રકાશે લગ્નની ખાતરી આપી હતી અને બંને વિસનગરના એક મંદિરે ગયા હતા, જ્યાં પ્રકાશે યુવતીની માંગમાં સિંદૂર ભરી તેને પત્ની તરીકે સ્વીકારી હોવાનો ઢોંગ કર્યો હતો. ત્યારબાદ પ્રકાશે અમદાવાદની શાહીબાગ વિસ્તારની હોટલમાં યુવતીને લઈ જઈને લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. થોડા સમય બાદ પ્રકાશે અચાનક જ યુવતીના ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું. આથી શંકા જતાં યુવતી સીધી સુરત ખાતે પ્રકાશના ઘરે પહોંચી ગઈ હતી. ત્યાં પહોંચતા જ યુવતીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી, કારણ કે પ્રકાશ ત્યાં તેની અસલી પત્ની અને બે બાળકો સાથે આખું ઘર વસાવીને રહેતો હતો. યુવતીને અચાનક ઘરે આવેલી જોઈને પ્રકાશ ઘરમાં સંતાઈ ગયો હતો. આ દરમિયાન યુવતી અને પ્રકાશની પત્ની વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને મામલો સ્થાનિક પોલીસ મથકે પહોંચ્યો હતો. પોતાની સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનું જણાતા, ભોગ બનનાર યુવતીએ અંતે અમદાવાદ પરત ફરી માધવપુરા પોલીસ સ્ટેશનમાં આરોપી પ્રકાશ ડોંડા સામે લગ્નની ખોટી લાલચ આપીને દુષ્કર્મ આચરવા બદલ ગુનો નોંધાવ્યો છે.


**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI